પ્રથમ વર્ષ બી.એ.

ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

ઈતિહાસ: પેપર – 02

(મુખ્ય વિષય તથા પ્રથમ ગૌણ)

# પ્રાચીન ભારતનો ઈતિહાસ

(ઈ.સ.પૂર્વે ૩૨૦ થી ઈ.સ. ૮મી સદી સુધી)

વિભાગ

# 5

## રાજનીતિ, સમાજ અને અર્થવ્યવસ્થા : ઈ.સ.પૂ. 320થી ઈ.સ.પૂ. 200 સુધી
## (Polity, Society And Economy : 320 B.C. to 200 B.C.)

એકમ 18

મગધના રાજ્યનો વિસ્તાર (Magadhan Territorial Expansion) 9

એકમ 19

મૌર્ય સામ્રાજ્યની અર્થવ્યવસ્થા (Economy of the Mauryan Period) 24

એકમ 20

વહીવટી વ્યવસ્થા અને બીજી સત્તાઓ સાથેના સંબંધો
(Administrative Organisation and Relationship with Other Powers) 36

એકમ 21

અશોકની ધમ્મનીતિ (Ashoka's Policy of Dhamma) 50

એકમ 22

સામ્રાજ્યનું વિઘટન (Disintegration of the Empire) 60

## Expert Committee

Prof. K.N. Pannikar *(Chairman)*
Prof. B.D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudhha Ray
Department of Islamic History
and Culture
Calcutta University
Calcutta

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. Kapil Kumar *(Convenor)*
Dr. A.R. Khan
IGNOU
New Delhi

## Course Preparation Committee

Dr. Aloka Parashar Sen
University of Hyderabad
Hyderabad

Mr. Ajay Dandekar
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Ms. Kum Kum Roy
Satyawati College
New Delhi

Prof. B.D. Chattopadhyaya
*(Course Editor)*
Jawaharlal Nehru University
New Delhi

Mr. P.K. Basant *(Consultant)*
History Department
Jamia Milia Islamia
New Delhi

**Faculty Members : Indira Gandhi National Open University**

Mr. Salil Misra
Ms. Mira Rai } *(Course Coordinators)*
Dr. Kapil Kumar
Dr. A.R. Khan

Mr. Ajay Mahurkar
Mr. Swaraj Basu
Ms. Sangeeta Joshi
Mrs. Indira Sharma

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

September 1991 (Reprint)

© *Indira Gandhi National Open University, 1990*

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

**Printed at : Sudarshan Graphics, Ahmedabad - 380028. Ph. : 079-25430560**

## અનુવાદ :

| | |
|---|---|
| ડૉ. ચિનુભાઈ જે. નાયક | નિવૃત્ત આચાર્ય, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. પ્રિયબાળાબહેન શાહ | નિવૃત્ત પ્રાધ્યાપિકા, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સુધા એન. મહેતા | નિવૃત્ત પ્રાધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. શ્રીદેવી મહેતા | રીડર, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક સંશોધન તાલીમ કેન્દ્ર, અમદાવાદ |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. એચ. બી. પરીખ | અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પ્રકાશક**

આર. સી. ગોહિલ, રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર – ૯, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ – 380 004 ટે.નં. 7869690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 5 રાજનીતિ, સમાજ અને અર્થવ્યવસ્થા : ઈ.સ. પૂ 320થી ઈ.સ.પૂ. 200 સુધી
## (Polity, Society And Economy : 320 B.C. to 200 B.C.)

4થા વિભાગમાં તમે 6ઠ્ઠા અને 4થા સૈકા વચ્ચેનો ભારતનો ઇતિહાસ શીખ્યા અને એ સમય દરમિયાન અગત્યના જે ફેરફારો થયા તેનાથી તમે માહિતગાર થયા. આ સમયમાં અનેક મહત્ત્વના વિકાસમાંનો એક તે કેટલાંક મોટાં જનપદોનો ઉદ્ભવ હતો. આ મહાજનપદો મુખ્યત્વે ગંગાના ખીણની આસપાસ કેન્દ્રિત થયાં હતાં. ઉપરાંત કેટલાક બીજા પ્રદેશોમાં પણ હતાં. ગણસંઘના રાજકર્તા કે રાજાઓથી રાજ કરાતાં આ મહાજનપદોએ કૃષિકારોની વસાહતો ઉપરાંત વિવિધ પ્રકારનાં સાધનો ખેતી, ઢોરઉછેર, વેપાર, વિવિધ પ્રકારના હુન્નરો વડે ઘણાં સ્રોતો પેદા કર્યા. આ મહાજનપદોમાં વેપારી કેન્દ્રો અને મોટાં શહેરોનો સમાવેશ થતો. ઈ.સ.પૂ. 600 થી ઈ.સ.પૂ. 400 ના ગાળામાં આપણને અગત્યનાં મહાજનપદો રાજકીય પ્રભુત્વ મેળવવા એકબીજાની સાથે યુદ્ધ કરતા જોવા મળે છે. આ વિભાગમાં આપણે ચર્ચા કરીશું કે મહાજનપદોમાંનું એક મગધ ધીમે ધીમે કેવી રીતે સામ્રાજ્ય બની ગયું. મગધ અનેક બીજા પ્રદેશોને જીતીને પોતાનામાં સામેલ કરીને એક સામ્રાજ્ય થયું. આ પ્રદેશ મૌર્ય રાજા અશોકના સમયમાં સૌથી મોટો હતો. અને તે વાયવ્યકોણમાં અફઘાનિસ્તાનથી મહારાષ્ટ્ર, દક્ષિણમાં કર્ણાટક અને આંધ્ર, અને પશ્ચિમમાં ગુજરાતથી માંડી ઉત્તરમાં અને પૂર્વમાં અગ્નિ-કોણના બંગાળમાં પથરાયેલો હતો. (જુઓ નકશો)

મગધ સામ્રાજ્યમાં તેના શ્રેષ્ઠ દિવસોમાં ત્રણ મોટા ભૌગોલિક પ્રદેશોનો સમાવેશ થતો હતો :

(1) વાયવ્યકોણ

(2) ગંગાની ખીણ અને વિંધ્યના ઉત્તરના નિકટવર્તી પ્રદેશો

(3) દખ્ખણ

અફઘાનિસ્તાનથી પંજાબ સુધીના વાયવ્યકોણના પ્રદેશમાં ગણ-સંઘો જેવા સંખ્યાબંધ સ્વાયત્ત પ્રદેશો અસ્તિત્વમાં હતા. તેમાંના કેટલાક મલોઈ (Malloi), ઓકસીડ્રેકોઈ (Oxydrakoi), સીબોઈ (Siboi), ગંડરીસ (Gandaris), તક્ષિલા (Taxila), પોરસ (Porus) નું રાજ્ય વગેરે માત્ર એલેકઝાન્ડરના યુદ્ધકાળના ઇતિહાસકારોએ જ નોંધ્યા છે એવું નથી. તેમના અસ્તિત્વના ઉલ્લેખો કેટલાક જૂના પર્શિયન કે ઈરાનિયન શિલાલેખોમાં અને વિખ્યાત વ્યાકરણકાર તક્ષિલાના પાણિનિએ પણ ઉલ્લેખ કર્યો છે. ટૂંકમાં ઈ.સ.પૂ. છઠ્ઠા સૌકાથી પર્શિયાના એકેમેનીદ (Achaemenid) રાજ્ય કે જે સાયરસ (Cyrus) દરાયસ I, Xerxes, Artaxerxes અને દરાયસ (Darius) III શાસન હેઠળ આ પ્રદેશ સુધી વિસ્તર્યું. આ સંપર્ક સાંસ્કૃતિક રીતે મહત્ત્વનો બન્યો. કારણ Achaemenid ચક્રવર્તીની સંસ્કૃતિનાં ઘણાં તત્ત્વોનો ઉપયોગ ગંગાની ખીણમાં જન્મેલ મગધના રાજ્યે કર્યો. ઈ.સ.પૂ. 4થી સદીના અંત ભાગમાં શક્તિશાળી ઈરાનના સામ્રાજ્યને ઉત્તર ગ્રીસના મેસેડોનીયાના એલેક્ઝાન્ડરના વધતા જતા લશ્કરે કચડી નાખ્યું. એલેકઝાન્ડર પંજાબનાં મેદાનો તરફ આગળ વધ્યો અને લડવૈયા યોદ્ધાઓ વડે દોરાતા આ પ્રદેશના મુલકો સાથે શક્તિશાળી યુદ્ધો ખેલ્યો. એલેકઝાન્ડર પોતાના જીતેલા પ્રદેશોને સામ્રાજ્યમાં વ્યવસ્થિત સમાવ્યા વગર મૃત્યુ પામ્યો પણ તેના સરદારોએ પશ્ચિમ એશિયાનો કબજો જાળવી રાખ્યો અને આ પ્રદેશમાં સેલેયુસિડ (Secleucid) રાજ્ય ઉદ્ભવ્યું.

પર્શિયા અને ગ્રીકોના સંબંધોથી વાયવ્યકોણનો ઉપખંડ પર્શિયનો અને ગ્રીક લોકો જે પોતાની અલગ ભાષા અને લિપિ વાપરતા હતા તેમને માટે નવો માર્ગ ખૂલ્યો અને ગ્રીકની સાંસ્કૃતિક અસરો પોતાની થવા લાગી. તેથી જીવંત વેપારી સાહસ જન્મ્યું; અને ઉત્તર અફઘાનિસ્તાનમાં ઓક્સસ ખીણમાં બેક્ટ્રીઆ અને પાકિસ્તાનમાં ઇસ્લામાબાદની પાસે તક્ષિલા જેવા પ્રદેશો સાંસ્કૃતિક અને વાણિજ્યનાં ખૂબ અગત્યનાં કેન્દ્રો બન્યાં. મગધ તેનું સ્થાન ગંગાની ખીણમાં બધાં મહાજનપદોના પ્રદેશો જીતીને મજબૂત કરીને એલેકઝેન્ડરના ઉત્તરાધિકારીઓ પાસેથી વાયવ્યના પ્રદેશો જીતવાના પ્રયત્નમાં સફળ થયું તેમાં કાંઈ આશ્ચર્ય નથી. મગધના રાજકર્તાઓ ધીરે ધીરે દખ્ખણ તરફ ફેલાયા પણ આપણી પાસે આ ઇતિહાસની વિગત નથી. હકીકત એ છે કે મૌર્ય સમ્રાટ અશોકની રાજાજ્ઞાઓ મહારાષ્ટ્રમાંથી દખ્ખણમાં આંધ્રમાંથી પ્રાપ્ત થાય છે. અને છેક દક્ષિણનાં રાજ્યો અશોકના મૈત્રીભર્યા પડોશીઓ હતા. મગધની સત્તા દખ્ખણ સુધી ફેલાઈ તેમાં કોઈ શંકા નથી.

મગધના વિશાળ રાજ્યમાં જે પ્રદેશો દાખલ થયા તેઓ ભૌગોલિક અને સાંસ્કૃતિક રીતે એકબીજાથી તદ્દન ભિન્ન હતા. આવા વિશાળ સામ્રાજ્ય ઉપર મગધના રાજકર્તાઓએ કેવી રીતે અસરકારક રાજ્ય કર્યું? આજ સુધી ઈતિહાસકારો એમ માનતા કે મગધના રાજકર્તાઓ ખાસ કરીને મૌર્ય રાજવીઓએ ઘણો કડક અને સીધો અંકુશ સામ્રાજ્યના બધા ભાગો ઉપર જુદા જુદા સુબાઓ અને મોટા સ્થાયી લશ્કર મારફતે જાળવી રાખ્યો. હવે આ મત કેટલેક અંશે શંકા ઉપજાવે છે અને એવી છે કે આટલા દૂર સુધીના સામ્રાજ્યને સીધા કે જુદા જુદા ભાગમાં વહીવટ કરવો શક્ય છે કે કેમ? આ સામ્રાજ્ય મોટું સ્થાયી લશ્કર જાળવતું તે ચોક્કસ છે. વારંવાર ગ્રીક હેવાલોમાં કહેવાયું છે કે જુદાં જુદાં કેન્દ્રો સામ્રાજ્યમાં હતાં જેવાં કે વાયવ્યમાં તક્ષિલા, માળવામાં ઉજ્જયિની, દખ્ખણમાં સુવર્ણગિરિ અને ઓરિસામાં તોસલી (Tosali). તેમની (કેન્દ્રોની) મારફતે સામ્રાજ્યોના જુદા જુદા ભાગો ઉપર અંકુશ રહેતો. વળી એવો પુરાવો છે કે મૌર્યના સમય દરમિયાન શહેરોમાં વહીવટની કાર્યનિપુણ પદ્ધતિ જુદી જુદી સભાઓ મારફતે ધ્યાન રાખતી અને આર્થિક પ્રવૃત્તિઓનું રાજ્ય બધાં ક્ષેત્રોમાં ખરા અર્થમાં અંકુશ રાખતી.

છતાં કુશળ વહીવટી પગલાં દાખલ કરવા કરતાં મહત્ત્વનો પ્રશ્ન હતો આવા વિશાળ સામ્રાજ્યમાં સમ્રાટનો સંદેશો જુદા જુદા વિભાગોમાં લોકો સુધી કેવી રીતે પહોંચતો? એક રીત એ હતી કે જાહેર કામો અને ભવ્ય ઇમારતો બાંધી સમ્રાટની સત્તા અને શુભેચ્છા લોકોમાં જગાડવી. બીજા પ્રાચીન સમ્રાટોની જેમ મગધના સમ્રાટો અને ખાસ કરીને મૌર્યોએ નહેરના બાંધકામ કરાવીને, જળાશયો અને કૂવાઓ ખોદાવીને, રસ્તાઓ બાંધીને, વૃક્ષો ઉગાડીને, લોકો તથા પશુઓ માટે સારવાર કેન્દ્રો ઊભાં કરીને આ સાધી લીધું હતું. તેઓએ અદ્ભુત નમૂનાઓ સ્તંભોના સ્વરૂપમાં અને સ્તંભાવલી યુક્ત મહેલો રચીને ભવ્ય રાજાશાહી કલાનું સર્જન કર્યું. પણ મૌર્ય સમ્રાટ અશોકે વધારે અસરકારક અને સીધી પદ્ધતિ પોતાના સામ્રાજ્યની પ્રજા સુધી પહોંચવાની અપનાવી. આ સમય દરમિયાન ખડકો, પથ્થરની શિલાઓ અને સ્તંભો ઉપરનાં ઘણાં શાસનો આપણને મળે છે, કે જે સ્તંભો વગેરે તેણે સામ્રાજ્યના વ્યૂહાત્મક સ્થળોએ મુકાવ્યા જેથી તે પોતાની પ્રજા સાથે આ શાસનો મારફતે સીધા સંપર્કમાં આવી શકે. ઘણાં શાસનો આ રીતે શરૂ થાય છે : ''પ્રિયદર્શી રાજા, દેવોનો પ્રિય આ પ્રમાણે કહે છે."

અશોકે આ વિચાર તેના પહેલાં થઈ ગયેલા ઈરાનના રાજા એકેમેનીડ (Achaemenid) પાસેથી ઉછીનો લીધો પણ તેણે તેનાં શાસનો વિજેતા કે વહીવટદાર તરીકેની પોતાની મોટાઈ પ્રદર્શિત કરવામાં ન લેતાં તેણે ધમ્મના પ્રચાર માટે ઉપયોગમાં લીધો. ટૂંકમાં, અશોકના સમય દરમિયાન મગધના રાજ્યની ખાસિયત એ હતી કે તેણે ધમ્મને, વહીવટી કુશળતા ઉપરાંત વિશાળ સામ્રાજ્યના લોકોને એકસૂત્રે બાંધી શકાય એવી બાબત તરીકે જોયો. તેણે ધમ્મની જીત ખાતર મુલકનેદ જીતને ત્યજી દીધા, ધમ્મના પ્રવાસો માટે મોજશોખ માટેના પ્રવાસો જતા કર્યા. તે પોતે પ્રજાની સાથે અહિંસા, બીજાઓને માન આપવું, બીજાઓની શ્રદ્ધા અને માન્યતાઓને સમજવાના, ધમ્મના સાદા સિદ્ધાંતો પાળવામાં જોડાયો. આ રીતે અશોકની પોતાના સામ્રાજ્ય અંગેની દૃષ્ટિ અજોડ હતી, બીજા જૂના રાજવીઓની જેમ તે પણ પોતાના લશ્કર ઉપર જ તેની મોટા વહીવટી વ્યવસ્થાને ચલાવવા માટે આધાર રાખતો. પણ તેને સમજાયું કે જુદી જુદી વ્યક્તિઓ, જુદી જુદી જાતો અને જુદી શ્રદ્ધાઓ વચ્ચેના સંવાદી સંબંધો સ્થાપવાથી જ આવા વિભિન્ન સામ્રાજ્યની સ્થિરતા માટેની ખાતરી મળી શકે.

મગધનું સામ્રાજ્ય ગમે તે કારણે લાંબું ટક્યું નહિ અને લગભગ ઈ.સ. પૂ. 200ની આસપાસ તેની પડતીની દશા આવી. માત્ર નાની સત્તા જેમ કે શુંગ અને કણ્વોએ મગધને અને બીજાં કેટલાંક સ્થળોને થોડા વખત માટે જાળવી રાખ્યું પણ તેઓ સામ્રાજ્ય તરીકે તેના પર રાજ્ય કરી શક્યા નહિ. મગધ સામ્રાજ્યની પડતી શા માટે થઈ તેના વિવિધ મતો છે. તમે આ વિશે આ વિભાગના એકમ 22માં વાંચશો. જોકે આ પ્રથમ ભારતીય સામ્રાજ્ય પડી ભાંગ્યું, એક વખત જે એકદમ અંકુશ હેઠળ હતા તે પ્રદેશોમાં ઘણી અથડામણો થઈ. મગધના સામ્રાજ્યે લોકોના હલનચલન, વેપારીઓ અને ધાર્મિક વડાઓના ઉપખંડના વિવિધ ભાગો ઉપરની સાર્થ પરંપરા શક્ય બનાવી. આ રીતે સંસ્કૃતિનાં નવાં તત્ત્વો જેમ કે રાજ્યનો વિચાર, શહેરી જીવન, નવા ધાર્મિક વિચારો, લખાણ, સિક્કા વગેરે ભારતના જુદા જુદા ભાગોમાં પ્રસર્યા અને સાંસ્કૃતિક ફેરફાર માટે પ્રેરકશક્તિ પૂરી પાડી. મગધના રાજવીઓએ ઉત્સાહપૂર્વક બહારના દેશો — ઉત્તરમાં અને વાયવ્યકોણ — બંનેમાં મોટા પ્રમાણમાં સંપર્કો બાંધ્યા જે પછીના સમયમાં ફળદાયી નીવડ્યા. તમે આના વિશે વિભાગ VIમાં વાંચશો.

---

**આભાર** : ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ ખાતું-નવી દિલ્હીએ તેમના ફોટોગ્રાફ્સ વાપરવાની મંજૂરી આપી તે માટે અમે તેમના આભારી છીએ.

# એકમ 18 મગધના રાજ્યનો વિસ્તાર (Magadhan Territorial Expansion)

**રૂપરેખા**

18.0 ઉદ્દેશો
18.1 પ્રસ્તાવના
18.2 મગધનું સ્થાન
18.3 પુરાવાઓ સંબંધી નોંધ
18.4 પ્રાક્ મૌર્ય મગધનો રાજકીય ઇતિહાસ
18.5 'સામ્રાજ્ય'નો ખ્યાલ
18.5.1 સામ્રાજ્યનું વ્યાખ્યાનું અર્વાચીન દૃષ્ટિબિંદુ
18.5.2 ચક્રવર્તી-ક્ષેત્રનો ભારતીય વિચાર
18.6 મૌર્યના અમલનો ઉદ્ભવ
18.7 અશોક મૌર્ય
18.7.1 કલિંગનું યુદ્ધ
18.7.2 અશોકના મૃત્યુ વખતનું મગધ
18.8 સારાંશ
18.9 ચાવીરૂપ શબ્દો
18.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 18.0 ઉદ્દેશો

આ એકમમાં મગધના રાજ્યના પ્રદેશના વિસ્તારની રૂપરેખા જોઈશું. આમાંથી મોટું સામ્રાજ્ય બનવા માટે મગધ કેવી રીતે અને શાથી શક્તિમાન થયું તેની સમજ આવશે. આ એકમ વાંચ્યા પછી તમે -

- મગધનું સ્થળ અને તેનો ફરતો પ્રદેશ અને તેની વ્યૂહાત્મક અગત્ય ઓળખી શકશો.
- ઇતિહાસ લખવા ઇતિહાસકારો જે કેટલાક પુરાવાઓનો ઉપયોગ કરે છે તે શીખશો.
- મૌર્ય રાજ્યના અગાઉના બે સૈકા દરમિયાનનો મગધનો રાજકીય ઇતિહાસનો ટૂંકો ખ્યાલ મેળવી શકશો.
- પ્રારંભના ઇતિહાસના તબક્કાઓમાં "સામ્રાજ્ય"ના ખ્યાલને સમજી શકશો.
- મૌર્ય રાજ્યની સ્થાપના તરફ દોરતી મુખ્ય ઘટનાઓ શોધી શકશો.
- શરૂઆતના મૌર્ય રાજાઓ ચંદ્રગુપ્ત અને બિંદુસાર અને તેમની વિસ્તરણ પ્રવૃત્તિઓ વિશે શીખશો.
- અશોક મૌર્યની રાજ્યપ્રાપ્તિ અને રાજ્યાભિષેકનો સંદર્ભ અને કલિંગયુદ્ધની અગત્ય સમજાવી શકશો.
- અંતમાં અશોકના મૃત્યુ સમયે મગધ 'સામ્રાજ્ય' ની સરહદો ઓળખી શકશો.


## 18.1 પ્રસ્તાવના

એકમ 15માં મુખ્યત્વે પ્રારંભના બૌદ્ધ અને જૈન ગ્રંથોમાંથી વિવિધ જનપદ અને મહાજનપદ વિશે તમે પરિચિત થયા. લગભગ વિન્ધ્યના ઉત્તરમાંના જનપદો અને મહાજનપદોનો ઉદ્ભવ ઈ.સ.પૂ. 2500થી ઈ.સ.પૂ. 1000 દરમિયાન થયો હતો. આ એકમમાં તેમાંના એક મહાજનપદ જે મગધ નામે જાણીતું છે તેના વિકાસની વિગતે ચર્ચા કરીશું. મગધે છેલ્લાં 200 વર્ષ દરમ્યાન ઇતિહાસકારોનું ધ્યાન ખેંચ્યું છે. તેનું કારણ જાણીતા મૌર્યવંશના રાજકીય સત્તાનું તે કેન્દ્ર હતું.

આ એકમમાં આપણે મગધની સરહદોને વધારવામાં મૌર્ય રાજાઓની સિદ્ધિનો મહિમા કરવાનો આશય નથી. આપણે વર્તમાન યુગના પહેલાંના 'સામ્રાજ્ય' ના ખ્યાલ અંગે બે રીતે ચર્ચા કરીશું :

(1) 'સામ્રાજ્ય' શબ્દના ઘણા અર્થો છે - તેનો અર્થ માત્ર રાજ્યનો વિશાળ વિસ્તાર થતો નથી. અને

(2) રાજ્ય અને સામ્રાજ્ય અંગેના જૂના ભારતીય વિચારો.


મૌર્ય સામ્રાજ્ય
Lampaka
Shahbazgarhi
Mansehra
Taxila
R. Indus
Kalsi
Topra
Meerut
R. Brahmaputra
Bairat
Bhabru
Gujarra
R. Yamuna
Rummindei
Sohgaura
Sarnath
Rampurva
Lauriya-Nandangarh
Lauriya-Araraj
R. Ganges
Allahabad
Sahasram
Barabar
Sanchi
Rupnath
Girnar
R. Narmada
R. Mahanadi
Sopara
R. Tapti
Dhauli
R. Godavari
Jaugada
બંગાળની ખાડી
R. Krishna
Gavimath
Maski
Rajula Mandagiri
અરબી સમુદ્ર
Palkigundu
Yeragudi
Siddapur
Brahmagiri
Jatinda Rameshwar
મુખ્ય ખડક
ગૌણ ખડક અને લખાણ
સ્તંભ
R. Cauvery
મૌર્ય સામ્રાજ્યનો વિસ્તાર

આ જુદી જુદી વ્યાખ્યાઓની ચર્ચા કરીને મગધના સામ્રાજ્યનાં લક્ષણો, ખાસ કરીને મૌર્યોના શાસન હેઠળનાં રાજ્યો અંગેના વિદ્વાનોના જુદા જુદા મતો સમજી શકાશે.

આ એકમમાં ઈ.સ.પૂ. પાંચમા સૈકાથી ઈ.સ.પૂ. ત્રીજા સૈકાના સમગ્ર ગાળા દરમિયાન રાજકીય પ્રસંગોનો પણ વિચાર કરીશું.

મગધનું રાજ્ય ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકા દરમિયાન જ ઊભું થવા લાગ્યું હતું. આ પ્રક્રિયા ખાસ કરીને નન્દો અને મૌર્યોના સમયમાં ઝડપથી પ્રવૃત્ત થઈ. અશોકના શિલાલેખોનાં સ્થળો બતાવે છે કે પૂર્વ અને દક્ષિણના અંત ભાગ સિવાયના ભારતના ઉપખંડનો મોટો ભાગ મગધના સામ્રાજ્ય હેઠળ આવ્યો હતો. આ વિકાસ કેવી રીતે થયો એની વિગતે ચર્ચા કર્યા પછી અમે તમને જાણકારી આપીશું કે મગધના રાજ્યનું બંધારણ અને રચના તેના વિવિધ પ્રદેશોમાં કેવી રીતે થઈ. પરંતુ તે એટલું બધું વૈવિધ્યવાળું હતું કે રાજકીય રીતે તેમને એક કરવા માટે તેના ઉપર સીધો કબજો રાખવો ઘણો મુશ્કેલ હતો. આથી અશોકે તેના રાજ્યમાંનો સ્વાભાવિક સામાજિક તનાવ ઓછો કરવાનો યત્ન તેની ધમ્મની નીતિ દાખલ કરીને કર્યો. (આ વિશે વધારે તમે એકમ 21માં શીખશો.)

## 18.2 મગધનું સ્થાન (Location of Magadha)

એકમ 14ના વિભાગ 4માં તમને સોળ મહાજનપદોમાંના એક મગધના રાજ્યનો પરિચય આપ્યો છે.

મહાજનપદો મોટા ભાગે ગંગાની ખીણમાં અને થોડાંક વાયવ્ય અને અગ્નિકોણમાં સ્થપાયેલાં હતાં. તેમાંના ચાર ખૂબ શક્તિશાળી રાજ્યો— ત્રણ કોસલ, વજ્જિ અને મગધ— ગંગાની ખીણના મધ્યમાં અને ચોથું અવન્તિ પશ્ચિમ માળવામાં હતું. મગધના ફરતાં જે રાજ્યો હતાં તેમાં પૂર્વમાં અંગ, ઉત્તરમાં વિજ્જ, તેની તરત જ પશ્ચિમમાં કાશીનું રાજ્ય અને દૂર પશ્ચિમમાં કોસલનું રાજ્ય હતું.

મગધ હાલના બિહાર રાજ્યના વર્તમાન જિલ્લાઓમાં પટણા, ગયા, નાલંદા અને શાહબાદનો ભાગ તરીકે ઓળખી શકાય. ભૌગોલિક દૃષ્ટિએ મગધ એવા સ્થાને છે જેની આસપાસ ફળદ્રુપ જમીનના મોટા વિસ્તારો આવેલા છે. બીજી રસપ્રદ બાબત એ છે કે મગધની સૌથી જૂની રાજધાની રાજગૃહ, નદીની દક્ષિણે આવેલ છે, નહીં કે નદી પાસે. આ સ્થળની વ્યૂહરચનાનું દૃષ્ટિબિંદુ સાચી રીતે સમજાય એવું છે. બીજું, એ લોખંડના સપાટીના ખડકો નજીક આવેલ હતું. ઉપરાંત ત્રાંબું સુલભ હતું તેમ જ આજના દક્ષિણ બિહારના જંગલ પ્રદેશનું સામીપ્ય તે સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે કે મગધના રાજાઓએ ગંગાના ખીણનાં વધુ ફળદ્રુપ મેદાનો રાજધાની માટે પસંદ ન કરતાં પ્રમાણમાં એકાંત જગામાં રાજધાની પસંદ કરી. મગધની રાજધાની પાટલીપુત્ર (મૂળ પાટલીગ્રામ)માં ફેરવાઈ તે ગંગા, ગંડક, સોન અને પુન પુન (Pun Pun) જેવી કેટલીક નદીઓના સંગમ ઉપર આવેલી છે. પાટલીપુત્ર મગધની રાજધાની મૌર્યના સમયમાં થઈ. આથી મગધ ઉત્તરાપથ (ઉત્તરના માર્ગો) ઉપર અસરકારક હુકમો કરવા શક્તિમાન થયું, જે ગંગાની નદીઓના ઉત્તર તરફ અને હિમાલયની તળેટીમાં હતું. મગધને જુદા જુદા પ્રદેશો અને ભારે માલની હેરફેર માટે નદીની ઉપયોગિતા મુખ્ય માર્ગોને જોડતી હતી. મગધને બીજા કેટલાક કુદરતી લાભો હતા. વધારામાં ઉત્તરના સમકાલીન રાજ્યો ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં પણ શક્તિશાળી હતા તેની નૈર્ઋત્યમાં અવન્તિ, વાયવ્યમાં કોસલ અને ઉત્તરમાં વજ્જિ સંઘો પણ જોરદાર હતા.

તાજેતરનાં સંશોધનો પ્રમાણે ખાસ કરીને લોખંડની ખાણોના પ્રદેશોની સુલભતા મગધ અને અવન્તિ જેવાં રાજ્યો યુદ્ધ માટે સારાં શસ્ત્રો પેદા કરવા ઉપરાંત બીજી રીતે પણ તેમને બીજી અનેક રીતે ઉપયોગી થઈ. તેણે ખેતીલક્ષી અર્થવ્યવસ્થાની વિકાસની સગવડતા કરી અને નક્કર વધારો ઉત્પાદનમાં કરના સ્વરૂપે ખેંચી લીધો. તેના બદલામાં તેઓના પ્રદેશનો વિકાસ અને વધારો બદલામાં થયો. અવન્તિ મગધનું ગંભીર હરીફ થયું તે નોંધવા જેવું છે. પૂર્વના મધ્ય પ્રદેશમાં લોખંડની ખાણોથી તે વધારે દૂર ન હતું.

## 18.3 પુરાવાઓ સંબંધી નોંધ (Note on sources)

મધ્ય ગંગાનાં મેદાનોના કે જ્યાં મુખ્યત્વે મગધ આવેલ છે ત્યાંની પરંપરાઓ અને બનાવો તમામ શરૂના બૌદ્ધ અને જૈન સાહિત્યમાં સચવાયેલાં છે.


બૌદ્ધ પરંપરાના કેટલાક ગ્રંથો **ત્રિપિટકો** અને **જાતકો**ના નામે રચાયેલા છે. પ્રાચીન જૈન પરંપરાને લગતા (ગ્રંથો) આચારાંગ સૂત્ર અને સૂત્રકૃતાંગ બીજા ગ્રંથો કરતાં વધારે જૂના ગણાય છે. આ બધા ગ્રંથો ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકા પછી જુદા જુદા સમયે લખાયા કે રચાયા હતા.

ગુપ્તોના સમયનો રાજવંશનો ઇતિહાસ આપતાં જુદા જુદા બ્રાહ્મણોના હેવાલો કરતાં ખાસ કરીને રાજકીય પ્રસંગોનું નિરૂપણ બૌદ્ધ અને જૈન પરંપરામાં વધુ પ્રમાણભૂત રીતે અને સીધી રીતે રજૂ થયેલ છે. તેમાં ગુપ્તોના સમયનો રાજવંશોનો ઇતિહાસ એના બૌદ્ધ ગ્રંથો જેવા કે મહાવંશ અને દીપવંશ શ્રીલંકામાં રચાયા છે, તેમાં અશોક મૌર્યના રાજ્ય સંબંધિત હેવાલોના પુરાવાઓ મહત્ત્વના છે. આની સાથે દિવ્યાવદાન (જે ભારતની બહાર તિબેટ અને ચીનાઓના બૌદ્ધ પુરાવાઓમાં સચવાયેલા છે) તે જે સમયની ચર્ચા કરીએ છીએ તેના સમકાલીન નથી છતાં તેને સંભાળપૂર્વક વાપરવા જોઈએ કારણ તે ભારતની બહારના બૌદ્ધ ધર્મના ફેલાવાના સંદર્ભે વિકસેલા છે.

વિદેશી પુરાવાઓની માહિતી જે વધારે પ્રચુત ગણાય છે પણ તે લગભગ સમકાલીન છે તેના હેવાલો પ્રાચીન ગ્રીક અને લૅટિનના સાહિત્યમાંથી એકત્ર કરાયા છે. તે સમયની આસપાસ ભારતની મુલાકાત લેનાર યાત્રિકો, જેમાંના એક મેગેસ્થિનીસે ચંદ્રગુપ્ત મૌર્યના દરબારની મુલાકાત પ્રત્યક્ષ લીધી તેની આ અંગેની છાપ આ સંબંધમાં વિખ્યાત છે. મેગેસ્થિનીસ તેનાં કેટલાંક અવતરણો ઈ.સ.પૂ. પહેલા સૈકામાં, પછીના સમયનાં ગ્રીક લખાણો સ્ટ્રેબો અને દિઓદોરસના અને બીજા સૈકાના એરિઅનથી જાણીતાં છે. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાની લગભગથી ઈ.સ.પૂ. ચોથા સૈકાની આસપાસના સમયમાં ભારતનો વાયવ્ય કોણનો પ્રદેશ વિદેશી સત્તા હેઠળ હતો. તેની કેટલીક માહિતી એકેમેનિયન (પર્શિયન) રાજ્યનો સમય તેમ જ પછીની એલેકઝાન્ડરની ચઢાઈ જે પર્શિયન શિલાલેખો અને હિરોડોટસના હેવાલો જેવાં કે ગ્રીક સાધનોથી આપણે જાણીએ છીએ.

કૌટિલ્યનું અર્થશાસ્ત્ર જે 1905માં શોધાયું પછી મૌર્ય સમયની માહિતી માટે અગત્યના પુરાવાઓમાં ગણાય છે. આજે કેટલાક નવા વિચારો અર્થશાસ્ત્રના સમય સંબંધી ઉપલબ્ધ થયા છે તેમાંના કેટલાકનું સૂચન છે કે સમગ્ર ગ્રંથ મૌર્ય સમયમાં લખાયો તેમ માનવું જોઈએ નહીં. આંકડાશાસ્ત્રની હકીકતની પદ્ધતિના આધારે કેટલાક પુરાવાઓ સૂચવે છે કે અર્થશાસ્ત્રનાં કેટલાંક પ્રકરણોનો સમય ખ્રિસ્તી સંવતના પહેલા બે સૈકાઓમાં મુકરર કરી શકાય. જ્યારે બીજા ઘણા વિદ્વાનો આ ગ્રંથનો મોટો ભાગ મૌર્ય સમયનો માને છે. આથી સ્પષ્ટ થાય છે કે આ ગ્રંથ ચંદ્રગુપ્તના મંત્રી, નામે કૌટિલ્યે લખ્યો હતો અને ધીરે ધીરે પછીના સમયમાં બીજા લેખકોએ ટીકાઓ લખી અને તેનું સંપાદન થયું.

મૌર્ય સમય દરમિયાનના ભારતના પ્રારંભકાલીન ઇતિહાસને સમજવા માટે શિલાલેખો અને સિક્કાઓ મહત્ત્વનાં સાધનો છે. આ સમયના સિક્કાઓમાં રાજાઓનાં નામોનો નિર્દેશ નથી અને તે આહત મુદ્રાઓ કહેવાય છે કારણ તેના ઉપર જુદાં પ્રતીકો છૂટક છૂટક અંકિત કરેલાં છે. જોકે આ પ્રકારના સિક્કાઓનો સમય આશરે ઈ.સ.પૂ. પાંચમો સૈકો મનાય છે. મૌર્યના આહત સિક્કાઓની શ્રેણી તેની કેન્દ્રીય સત્તાએ કદાચ બહાર પાડેલી જણાય છે કારણ તેના ઉપર વપરાયેલાં પ્રતીકોમાં સામ્ય જણાય છે. સિક્કાઓ કરતાં પણ શિલાલેખની સામગ્રી ખાસ કરીને અશોક મૌર્યના સમયની ખૂબ મહત્ત્વની છે અને તેની અનુક્રમ સામગ્રી પણ અજોડ છે. એમાં ચૌદ મુખ્ય શાસનો છે, અને સાત ગૌણ ખડક ઉપર કોરેલાં શાસનો છે, સાત સ્તંભો ઉપર અને બીજાં અશોકના શિલાલેખો મહત્ત્વનાં સ્થળો જેવાં કે નગરો અને વ્યાપારમાર્ગો અને ભારતના વિવિધ ઉપખંડોમાં છે. અશોકના રાજ્યના અંત સમયે મગધ રાજ્યની લંબાઈ અને પહોળાઈ પુરાવાઓ દર્શાવતા ઊભેલા છે.



1. આહત મુદ્રાઓનાં પ્રતીકો

છેલ્લા કેટલાક સમયથી પુરાતત્ત્વશાસ્ત્રે એક માહિતીના સ્રોત તરીકે ગંગાની ખીણની ભૌતિક સંસ્કૃતિ અંગે ઘણી સામગ્રી પેદા કરી છે. આ પુરાતત્ત્વીય સાધનોના પ્રકાર વિશે એકમ 15 અને વિભાગ 14માં આપણે તેની ચર્ચા કરી છે. મૌર્ય કાળ દરમિયાન નગરો અને શહેરોનો ઉદ્ભવ થયો. પુરાતત્ત્વીય થરની સાથે ઉત્તરના કાળા ચળકતા પાષાણોનો તે સમય હતો. વળી, પુરાતત્ત્વના આધારે જાણી શક્યા છીએ કે તે વખતના લોકોના ભૌતિક

જીવનમાં ઘણા ફેરફારો થયા હતા. આપણે પુરાતત્ત્વમાંથી જાણીએ છીએ કે ભૌતિક સંસ્કૃતિનાં ઘણાં તત્ત્વો ગંગા ખીણની બહારના પ્રદેશોમાં ફેલાયાં અને તે મૌર્ય રાજ્ય સાથે જોડાયાં.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) સાચા જવાબ સામે (✓) નિશાની કરો.

મગધ નીચેનાં ત્રણ રાજ્યોથી ઘેરાયેલું હતું :

ક. અવન્તિ, કોસલ, અંગ

ખ. અંગ, કોસલ, વજ્જિ સંઘ

ગ. અંગ, વજ્જિ સંઘ, કાસી

ઘ. અવન્તિ, કાસી, કોસલ

2. મગધના ઇતિહાસની પુનર્રચના માટેનાં અગત્યનાં સાધનો વર્ણવો. પાંચ વાક્યોમાં લખો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. મગધના રાજ્યના વિકાસ માટે ઉપયોગી એવાં ત્રણ મહત્ત્વનાં કારણો આપો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

4. નીચેનાં વિધાનો સાચાં (✓) કે ખોટાં (✗) ની નિશાની કરો :

ક. પ્રાક્મૌર્ય સમયની માહિતીના સૌથી વધુ અગત્યના પુરાવાઓ શિલાલેખો છે.

ખ. મૌર્ય આહત સિક્કાઓમાં એક સરખાં પ્રતીકો છે.

ગ. ઉત્તરાપથ એ ગંગા નદીના પટને અનુસરતો માર્ગ છે.

ઘ. પાટલિપુત્ર ગંગા નદીના દક્ષિણે આવેલું છે.

ચ. પછીના લેખકો દ્વારા ભારત અંગેનો મેગેસ્થિનીસ અહેવાલ આપણને જાણીતો છે.

## 18.4 પ્રાક્-મૌર્ય મગધનો રાજકીય ઇતિહાસ (Political History of Pre-Mauryan Magadh)

બુદ્ધનો સમકાલીન અને બુદ્ધની જેમ ઈ.સ.પૂ. 6-5મી સદીમાં થઈ ગયેલા બિંબિસારના શાસનમાં મગધે મધ્ય ગંગાનાં મેદાનો પર કાબૂ મેળવ્યો. બિંબિસાર મગધનો પહેલો મહત્ત્વનો રાજા ગણાય છે. રાજકીય દીર્ઘદૃષ્ટિથી તેને કોસલના રાજ્યની સાથે લગ્ન સંબંધથી વંશીય સંબંધ બાંધવાનું સૂઝ્યું. આ સંબંધથી તેણે દહેજમાં કાશીનો કેટલોક પ્રદેશ મેળવ્યો. ગાંધારના રાજા સાથે તેને મૈત્રીભર્યા સંબંધો હતા. આ રાજનીતિના સંબંધો મગધની તાકાતના સંકેતરૂપે ગણી શકાય. મગધની પૂર્વમાં અંગનું રાજ્ય હતું. તેની રાજધાની 'ચંપા' નદી કિનારાનું એક બંદર અને અગત્યનું વ્યાપારનું કેન્દ્ર હતી બિંબિસાર 80,000 ગામડાં ઉપર રાજ્ય કરતો એવી નોંધ છે. પરંપરા કહે છે કે બિંબિસારના પુત્ર અજાતશત્રુએ તેના પિતાને જેલમાં પૂર્યો હતો અને તેને ભૂખ્યો મારી નાખ્યો. આ ઘટના બીજી ઈ.સ.પૂ. 492ની આસપાસ થઈ એમ કહેવાય છે. આંતરિક અથડામણો અને મગધની ગાદીનો વારસ અજાતશત્રુ તેનું ભાગ્ય બદલી શક્યા નહિ. વિસ્તાર વધારવાની નીતિને કારણે મગધનો નવો રાજા

નિર્ણયાત્મક રીતે આક્રમક નીતિને અનુસર્યો. તેણે કાશી ઉપર સંપૂર્ણ કબજો મેળવ્યો અને કોસલના રાજા તેના મામા પ્રસેનજિત ઉપર હુમલો કરીને તેમની સાથેના જૂના મૈત્રીભર્યા સંબંધો તોડી નાંખ્યા. જેના મહાજનપદ ગંગાની ઉત્તરના હતા તે વજ્જિ લોકોના સંઘ ઉપર હુમલા કરવાનું અજાતશત્રુનું બીજું નિશાન હતું. આ યુદ્ધ ઘણું લાંબું ચાલ્યું અને પરંપરા કહે છે કે તે સોળ વર્ષના લાંબા સમય પછી વજ્જિઓને હરાવી શક્યો, તે પણ તેઓની અંદર ઝઘડાનાં મૂળ રોપીને તેમને ઠગીને જીત મેળવી. તે સમયના મગધના શક્તિશાળી હરીફ, અવન્તિના રાજ્ય પર ચઢાઈ કરવાની ઇચ્છા ઘણી તૈયારીઓ કરવા છતાં ફળીભૂત થઈ નહીં. છતાં તેના રાજ્યકાળ દરમિયાન મગધના રાજ્યમાં કાશી અને વૈશાલી, મહાજનપદની રાજધાની વજ્જિ ઉમેરાયાં અને એ રીતે ગંગાની ખીણમાં મગધ સૌથી શક્તિશાળી રાજ્ય બન્યું.

અજાતશત્રુએ ઈ.સ.પૂ. 492થી ઈ.સ.પૂ. 460 સુધી રાજ્ય કર્યાનું કહેવાય છે. તેના પછી ઉદયન (ઈ.સ.પૂ. 460થી ઈ.સ.પૂ. 444) ગાદીએ આવ્યો. ઉદયનના રાજ્ય દરમિયાન મગધનું રાજ્ય ઉત્તરમાં હિમાલયની હારમાળા સુધી અને દક્ષિણમાં છોટા નાગપુરની ટેકરીઓ સુધી ફેલાયેલું હતું. એમ કહેવાય છે કે ગંગા અને સોન નદીના સંગમ ઉપર તેણે કિલ્લો બંધાવ્યો હતો. મગધનું રાજ્ય વિશાળ હોવા છતાં ઉદયન અને તેના પછીના ગાદી પર આવનારા ચાર રાજાઓ અસરકારક રીતે રાજ્ય કરવા શક્તિમાન ન હતા અને તેમાંના છેલ્લાને મગધના લોકોએ હાંકી કાઢ્યો હતો. બનારસના સુબા શિશુનાગને ઈ.સ.પૂ. 413માં ગાદી ઉપર બેસાડવામાં આવ્યો. શિશુનાગનો વંશ પણ થોડા સમય માટે રાજ કરી શક્યો. ત્યાર બાદ એ રાજ્ય છીનવી લેનાર મહાપદ્મ નંદ પછી નંદ વંશનું રાજ ચાલ્યું.

મગધ અને ગંગાનાં સમગ્ર મેદાનો પરના નંદોના શાસન દરમિયાન જ ઈ.સ.પૂ. 326માં ભારતની વાયવ્યે એલેકઝાન્ડરનું આક્રમણ થયું. આ સમયને ભારતના ઐતિહાસિક સમયની શરૂઆત ગણવામાં આવે છે. અને માટે જ નંદોને ભારતના પ્રથમ સામ્રાજ્ય ઊભું કરનારા માનવામાં આવે છે. એક વાત સ્વીકારવી પડે છે કે તેમને વિશાળ રાજ્ય વારસામાં મળ્યું હતું જેનો એમણે દૂર દૂર સુધી વિસ્તાર કર્યો.

પછીનાં પૌરાણિક લખાણોમાં મહાપદ્મ નન્દને બધા ક્ષત્રિયોને મૂળમાંથી ઉખાડનાર કહેવાય છે. એમ પણ કહેવાય છે કે તેણે સમકાલીન બધા રાજાઓને ઉખેડી નાખ્યા. ગ્રીક શિષ્ટ લખાણો નન્દ સામ્રાજ્યની તાકાત વર્ણવે છે. તેમાં તે જણાવે છે કે તેના વિશાળ લશ્કરમાં 20,000 અશ્વસેના, 2,00,000 પાયદળો, 2000 રથો અને 3,000 હાથીઓ હતા. આપણી પાસે કેટલાક પુરાવાઓ છે કે નન્દોને દખ્ખણ અને દક્ષિણ ભારત સાથે સંબંધો હતા. તેમનો અંકુશ કલિંગના (હાલનું ઓરિસા) કેટલાક ભાગોમાં હતો. તે રાજા ખારવેલના હાથીગુંફાના લેખમાં જણાય છે. રાજા ખારવેલે ઓરિસામાં ઈ.સ.પૂ. પહેલા સૈકાના મધ્યભાગમાં રાજ્ય કર્યું. કેટલાક ઘણા પછીના દક્ષિણ કર્ણાટક પ્રદેશના શિલાલેખો બતાવે છે કે દખ્ખણનો કેટલોક ભાગ નન્દોના રાજ્યકાળ દરમિયાન મગધના રાજ્યમાં સમાવવામાં આવ્યો હતો. ઘણા ઇતિહાસકારો સૂચવે છે કે મહાપદ્મ નન્દના રાજ્યના અંત વખતે મગધ રાજ્યનો વિકાસ અને જોડવાનો પહેલો તબક્કો હતો. વાયવ્ય પ્રદેશ હજુ પણ નાનાં વિવિધ રાજ્યો હેઠળ હતું. ગ્રીક લેખકો આ સમયના ગાળામાં એલેકઝાન્ડરની પંજાબ ઉપરની ચઢાઈનું વર્ણન સાક્ષીરૂપે નોંધે છે. એ સ્પષ્ટ છે કે મગધના રાજ્ય અને ગ્રીક વિજેતા વચ્ચે લડાઈ ન હતી.

નન્દના રાજ્યનો અંત ઈ.સ.પૂ. 321માં આવ્યો. નવ નન્દ રાજાઓએ રાજ્ય કર્યું. એમ કહેવાય છે અને તેઓના રાજ્યના અંત સમયે તેઓ ઘણા અપ્રિય બન્યા હતા. ચંદ્રગુપ્ત મૌર્ય આ સ્થિતિનો લાભ લઈને મગધની ગાદી ઉપર આવ્યો. આ બધા વંશના ફેરફારો હોવા છતાં મગધે ગંગાની ખીણમાં સૌથી મૌખરાનું રાજ્ય રહેવાનું ચાલુ રાખ્યું. મગધની ફતેહનાં ઊંડાં કારણોમાં તેને ભૌગોલિક સ્થાનનો લાભ, લોખંડની ખાણોની સુગમતા અને અગત્યની જમીન અને નદીના વ્યાપારી માર્ગો ઉપરનો તેનો વધતો જતો કાબૂ. આ એકમના બીજા ભાગમાં આપણે મગધ સામ્રાજ્ય તરીકે અને તેના ઉપર મૌર્યનો કબજો જોઈશું.

## 18.5 'સામ્રાજ્ય'નો ખ્યાલ (Notion of 'Empire')

આપણે મૌર્યના સામ્રાજ્ય વિશે વાતો કરીએ તે પહેલાં 'સામ્રાજ્ય'નો અર્થ શો તે સમજવાનો પ્રયત્ન કરીએ એ જરૂરી છે. આપણે ઘણી વાર ભેદ પાડ્યાં વગર બધા પ્રકારનાં રાજ્યો અને રાજદ્વારી સત્તાઓને માટે 'સામ્રાજ્ય' શબ્દ વાપરીએ છીએ. આપણે એમ વિચારતા હોઈએ છીએ કે પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન સામ્રાજ્યો બધાં એક જ પ્રકારનાં અને સરખાં છે. દેખીતી રીતે અર્વાચીન સમયના બ્રિટિશ સામ્રાજ્યનો પ્રકાર અને મધ્ય યુગના મધ્ય એશિયાના મોગલ સામ્રાજ્ય બંને મૌર્ય સામ્રાજ્ય જેવા એક પ્રકારના ન હોઈ શકે. ઇતિહાસના જુદા જુદા સમયમાં સામ્રાજ્યો વચ્ચે અગત્યના ફરકો હતા. અને જ્યારે પ્રાચીન સામ્રાજ્યના ઇતિહાસનો આપણે અભ્યાસ કરીએ છીએ ત્યારે આપણે સમજવું જોઈએ કે સામ્રાજ્ય બનાવવા માટે કયાં જરૂરી તત્ત્વો છે.

### 18.5.1 'સામ્રાજ્ય'ની વ્યાખ્યાનું અર્વાચીન દૃષ્ટિબિંદુ (Modern Views on Definition of 'Empire')

ઘણી વાર 'સામ્રાજ્ય' એવી રાજકીય પદ્ધતિને દર્શાવે છે જેની કેન્દ્રીય સત્તા હેઠળ ઘણા વિશાળ પ્રદેશો આવે છે. આ પ્રદેશો સમાન જાતિવાળા હોવા જરૂરી નથી. આ વ્યાખ્યામાં આવતું કેન્દ્ર એટલે કોઈ વ્યક્તિ અથવા રાજા અથવા સમ્રાટ હોય અથવા એવી રાજકીય સંસ્થા હોઈ શકે જે નિયંત્રણ હેઠળના વિસ્તારોને વ્યવસ્થિત રીતે ભેગા રાખે. વિસ્તારની દૃષ્ટિએ એક બીજા સાથે જોડાયેલા એકમો પર જ્યારે કેન્દ્રીય સત્તા હોય ત્યારે રાજકીય રીતે તેઓ સમાન રાજકીય ઓળખાણના પ્રતીક બની જતા હોય છે. સામાન્ય રીતે, પ્રાચીન સમયના રોમન સામ્રાજ્યને એક માન્ય દૃષ્ટાન્ત ગણીને અન્યોની, જેમાં મૌર્ય રાજ્ય પણ આવે, એની સાથે તુલના કરવામાં આવે છે.

આ વ્યાખ્યામાંથી આધુનિક સમયમાં કેટલાંક સાર્વભૌમ રાજ્યોએ ઊભાં કરેલ સામ્રાજ્યોનો અર્થ ન કાઢવો જોઈએ. પ્રાચીન સામ્રાજ્યોમાં કેન્દ્રીય સત્તાની પ્રકૃતિનો આધાર રાજા કે નેતાનાં પ્રભાવશાળી વ્યક્તિત્વ અને પરાક્રમો અને પરંપરાએ માન્ય રાખેલ બાબતોની એમણે કરેલ સાચવણી રહેતાં.

મૌર્યોના મગધ સામ્રાજ્ય અંગેનો સામાન્ય દૃષ્ટિકોણ એ એક કેન્દ્રીય અમલદારશાહીનું સામ્રાજ્ય તરીકે ગણવાનો છે. આ પ્રકારનાં સામ્રાજ્યો દુનિયાના અન્ય ભાગોમાં પણ પ્રચલિત હતાં.

ખાસ કરીને તોફાન, શત્રુવટ, ઝઘડા, વિવિધ પ્રકારના અશાંતિના સમયમાં લશ્કરી અને બીજાં વ્યક્તિગત પરાક્રમોથી કેન્દ્રીય અમલદારોનું સામ્રાજ્ય સ્થપાતું. એ રીતે રાજ્યમાં શાંતિ અને વહીવટ સ્થપાતો. તેવે સમયે એ પણ સ્વાભાવિક છે કે આવાં સામ્રાજ્યોને દુશ્મનો હોય કારણ કે તેમના ઊગમ અને સત્તાના સમયે તેઓએ બીજાના હક્કો છીનવી લીધા હોય અથવા વિવિધ રસ ધરાવતાં જૂથોને પડકાર ફેંક્યા હોય. નવા પ્રદેશોમાં તેમની સત્તા વધારવાની નીતિને કારણે દુશ્મનાવટ વહોરી લીધી હોય. તેથી રાજકર્તાઓને તેમનું ધ્યેય સિદ્ધ કરવા માટે લગ્નસંબંધથી અથવા રાજદ્વારી કુનેહથી સંધિ કરીને સક્રિય રીતે અથવા નિષ્ક્રિય રીતે પણ દોસ્તી કરવી પડતી.

રાજકીય હેતુના સંદર્ભમાં આવાં સામ્રાજ્યો એક કેન્દ્રીય રાજ્યવ્યવસ્થાની કલ્પના કરે છે જેમાં નિર્ણય કરવાનો ઇજારો એક વ્યક્તિ પાસે જ જણાય છે. આનો અર્થ એ કે તેઓ પહેલાંની પરંપરાથી ચાલી આવતી અથવા સ્થાનિક ટોળીની સત્તાની વ્યવસ્થાને બદલી નાંખે છે.

આવા સામ્રાજ્યનાં ઉદ્ગમ અને તેમની ફત્તેહમાં ભૌગોલિક-રાજકીય પરિણામો તેમની પ્રવૃત્તિઓને નવો આકાર આપે છે. આવાં સામ્રાજ્યો માટે એ જરૂરી છે કે તેમની વિવિધ સંપત્તિને તેમાં પણ ખાસ કરીને આર્થિક સંપત્તિ, કાચા માલની ચીજો અને ખાસ કરીને માનવ શક્તિને ફરતી રાખવી. સક્રિય રાજકીય ટેકા માટે આ સામ્રાજ્યો ખાસ કરીને શહેરી આર્થિક, સાંસ્કૃતિક અને ધંધાનાં જૂથોના અને ખેડૂતોના વિશાળ સામાજિક થરો અને શહેરી નીચલા વર્ગોના આધાર રાખતા હતા. ઉપલા વર્ગોનાં જૂથોની ભરતીથી તેમની વહીવટી પાંખો સારા વહીવટની ખાતરી આપે છે. આ રીતે ઊભું થયેલ વહીવટી તંત્ર પાસે શોષક હિતો માટે કામ કરવાની અપેક્ષા રહેતી. બીજા શબ્દોમાં કહીએ તો પ્રાચીન સામ્રાજ્યોમાં સમાજમાં ઘણી અસમાનતા હતી. ખાસ અધિકારવાળાં જૂથો અને ખાસ અધિકારવાળા પ્રદેશોને બીજા દ્વારા ઉત્પાદન કરેલો માલ પોતાના સ્વાર્થ માટે લેવાની મંજૂરી હતી.

### 18.5.2 ચક્રવર્તી-ક્ષેત્રનો ભારતીય વિચાર (Indian Notion of Chakravarti-Kshetra)

મૌર્ય કાળના મગધ સામ્રાજ્યના અંગે ખરેખર તો પ્રાચીન ભારતના બીજા કોઈ પણ સામ્રાજ્યને સમજવા માટે પ્રાચીન સાહિત્યમાં આદર્શ સામ્રાજ્ય કોને ગણવામાં આવે છે તે જોવું ઘણું ઉપયોગી થશે. સમ્રાટનો વિચાર સંસ્કૃત ભાષામાં ચક્રવર્તી સંજ્ઞાથી અને તેના અધિકાર ક્ષેત્રને (Imperial) અધિરાજનો વહીવટ ચક્રવર્તી-ક્ષેત્ર તરીકે વ્યક્ત થયો છે. પ્રાચીન બ્રાહ્મણ ગ્રંથોમાં રાજાઓ અશ્વમેધ યજ્ઞો અને રાજસૂય યજ્ઞો કરતા તેમ બતાવ્યું છે પણ માત્ર અર્થશાસ્ત્રમાં ચક્રવર્તી ક્ષેત્ર શું હતું તેનો સ્પષ્ટ ખ્યાલ બતાવ્યો છે. તેમાં જણાવ્યું છે કે જે જમીન ઉત્તરમાં હિમાલયથી દક્ષિણે દરિયા સુધી (હિંદી મહાસાગર) ફેલાયેલી હોય અને જેનું ક્ષેત્રફળ એક હજાર યોજન હોય તેને ચક્રવર્તી ક્ષેત્ર કહેવાય છે. ચક્રવર્તીનો આદર્શ પ્રચલિત રિવાજ પ્રમાણે ભારતના રાજકર્તાના ક્ષેત્રની અસરમાં પ્રતિબિંબિત થાય છે તેમાં શંકા નથી. અશોક સિવાય કદાચ કોઈ એ આદર્શને પહોંચ્યા ન હતા. બીજી બાજુએ, વિશ્વવિજેતાની મહત્ત્વાકાંક્ષા ઉપર સતત ભાર મુકાતો અને સાહિત્ય અને મુદ્રાલેખમાં બંનેમાં અતિશયોક્તિ ભર્યો હતો. ઇતિહાસકારોએ આ પ્રતિબિંબને રાજાઓ દ્વારા થયેલી મોટી પ્રાદેશિક જીતોને સાચી સિદ્ધિ ગણાવી હતી અને આ પ્રમાણે સાચી સિદ્ધિના આદર્શને ગેરમાર્ગે દોર્યો છે.

અર્થશાસ્ત્ર અને બીજાં કેટલાક ગ્રંથો એ જુદાં જુદાં અંગો કે જે ભેગાં થઈને રાષ્ટ્ર બનાવે છે તેની યાદી આપી છે. રાષ્ટ્રનાં જે સાત અંગો અર્થશાસ્ત્રે બતાવ્યાં છે તેમાં રાજાને સૌથી શક્તિશાળી અંગમાં ગણાવ્યું છે. રાષ્ટ્ર માટેનાં સપ્તાંગો જે પ્રાચીન ભારતીય રાજ્યનીતિના ગ્રંથોમાં બતાવ્યા છે તેમાં મંત્રી, મિત્ર, કર, સેના, દુર્ગ અને દેશ અને તેમાં અર્થશાસ્ત્ર મહત્ત્વનું આઠમું અંગ તરીકે શત્રુને ઉમેરે છે. રાજ્યમાં સૌથી શક્તિશાળી રાજાને વર્ણવતા અર્થશાસ્ત્રના લેખક કૌટિલ્ય તેનામાં અસાધારણ ગુણોની આશા રાખે છે. તમે એકમ 20માં વિગતે જોશો કે રાજા

રાજ્ય અને તેના સામ્રાજ્યના કેવી રીતે વહીવટ કરે છે. રાજ્ય અને સામ્રાજ્ય અંગેના ઉપર મુજબના કેટલાક વિચારોને કારણે ઇતિહાસકારોએ મૌર્યના આશ્રયે મગધને આપખુદ રાજ્ય બન્યાનું જણાવ્યું છે કે જેમાં રાજા કેન્દ્રીય વહીવટ દ્વારા સામ્રાજ્યના બધા પ્રદેશોને વશમાં રાખતા તેમાં પણ હવે શંકા ઊભી થઈ છે. એમાંથી કેટલાંક દૃષ્ટિબિંદુઓનું પુનરવલોકન હવે પછી કરીશું. કોઈ ચોક્કસપણે કહી શકે કે મગધની સિદ્ધિએ ઉપરના બીજા પરનો ગણસંઘનાં સ્વરૂપોના રાજકીય વ્યવસ્થા તંત્રને મહાવિજય ગણ્યો છે.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

તમારા જવાબ માટે નીચે આપેલી જગ્યા વાપરો. નીચે આપેલ સંજ્ઞા વાપરીને સાચા જવાબોની નિશાની કરો :

1. પ્રારંભના મગધના રાજાઓએ તેમની સ્થિરતા ખાઈ ખોદીને નીચેનાં કારણોથી સિદ્ધિ હાંસલ કરી :

   1. રાજધાની પાટલિપુત્ર ફેરવીને
   2. ચંપાની રાજધાની અંગને જીતીને
   3. ગાંધાર સુધી સરહદ વધારીને
   4. યુદ્ધ અને મૈત્રી દ્વારા પડોશી રાજ્યોને સામેલ કરીને
   5. અવન્તિની લોખંડની ખાણો કબજે કરીને

   **સંજ્ઞા**

   ક. i, ii, iii

   ખ. i, iv, v

   ગ. ii, iv

   ઘ. iii, v

2. મગધમાં નન્દની સત્તા કેટલે અંશે મહત્ત્વની હતી? પાંચ પંક્તિમાં લખો.

   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................

3. પાઠમાં આપેલી વ્યાખ્યાઓને આધારે સામ્રાજ્ય શેનું રચાય છે? તમે મૌર્ય સામ્રાજ્યને કેવી રીતે વર્ણવશો? પાંચ લીટીમાં જવાબ લખો. વળી તમારા વિદ્યાકેન્દ્રના અધ્યાપક સાથે તેની ચર્ચા કરો.

   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................

4. નીચેનામાંથી કયાં વિધાનો સાચાં (✓) કે ખોટાં (✗) છે તે બતાવો :

   ક. મગધના સામ્રાજ્યને જિતાયેલ સામ્રાજ્ય તરીકે વર્ણવી શકાય.

   ખ. મગધના સામ્રાજ્યને કેન્દ્રસ્થ આપખુદ સામ્રાજ્ય તરીકે વર્ણવી શકાય.

   ગ. પ્રાચીન ગ્રંથોમાં રાજ્યનું સૌથી અગત્યનું અંગ તે લશ્કર હતું.

   ઘ. સૌથી પ્રાચીન ભારતીય રાજાઓએ ચક્રવર્તીનો આદર્શ સિદ્ધ કર્યો હતો.

   ચ. અર્થશાસ્ત્રમાં રાજામાં અસાધારણ ગુણો અપેક્ષિત હતા.

## 18.6 મૌર્યના અમલનો ઉદ્‌ભવ (Origin of Mauryan Rule)

ડી.ડી. કોસામ્બીએ સૂચવ્યું છે કે વાયવ્યમાં એલેકઝાન્ડરની ચઢાઈના તરત પરિણામ સ્વરૂપે અણધારી રીતે અને એકાએક "સમગ્ર દેશમાં મૌર્યની જીત ઝડપી બનાવી" આ પ્રમાણે દલીલ કરી છે કારણ પંજાબની ટોળીઓ નબળી પડી હતી. વળી ચંદ્રગુપ્તના આશ્રયે મગધના લશ્કરને સમગ્ર પંજાબ જીતવાનું મુશ્કેલ ન હતું. મગધના કબજા હેઠળ ગંગાની ખીણનો ભાગ હતો. શિષ્ટ સાહિત્યના ઉલ્લેખો પ્રમાણે ચંદ્રગુપ્ત એલેકઝાન્ડરને મળ્યાનું કહેવાય છે અને તેણે જ નન્દની અપ્રિય સત્તાની નીચેના મગધના રાજ્ય ઉપર હુમલો કરવાની સલાહ આપી હતી. જોકે આની ચોકસાઈ કરવાનું મુશ્કેલ છે. પરંતુ ભારતના અને શિષ્ટ સાહિત્યના બંનેના પુરાવાઓ નોંધે છે કે એલેકઝાન્ડરની પીછેહઠને કારણે શૂન્યાવકાશ ઊભો થયો અને તેથી ચંદ્રગુપ્ત માટે પાછળ રહેલી ગ્રીક ફોજને તાબે કરવાનું મુશ્કેલ ન હતું. પણ આમાં એ સ્પષ્ટ થતું નથી કે તેણે આ કામ મગધની ગાદી મેળવીને કર્યું હતું કે તે પહેલાં. કેટલાક વિદ્વાનો આ રાજ્યપ્રાપ્તિનો સમય ઈ.સ.પૂ. 324 ગણે છે પણ હવે સામાન્ય રીતે બધાં કબૂલ કરે છે કે તે સમય ઈ.સ.પૂ. 321 છે.

ભારતીય પરંપરા પ્રમાણે ચંદ્રગુપ્તને બ્રાહ્મણ કૌટિલ્ય કે જે ચાણક્ય અથવા વિષ્ણુગુપ્ત તરીકે જાણીતો હતો તે તેને સત્તા ઉપર આવવા મદદ કરતો હતો. વળી ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાના નાટકને આધારે ચંદ્રગુપ્ત દ્વારા નન્દોને હરાવ્યાના વર્ણનમાં એવું સૂચન છે કે તેણે 25 વર્ષની ઉંમરે રાજ્યારોહણ કર્યું હતું પણ તે નબળો રાજકર્તા હતો અને વાસ્તવમાં સામ્રાજ્યનો સાચો રાજકર્તા ચાણક્ય હતો. અર્થશાસ્ત્ર ચાણક્યના નામે છે. ચાણક્ય યુદ્ધની સ્થિતિ અને તેની ઉન્નતિ, રાજકીય મુદ્દાઓનો માત્ર જાણકાર ન હતો પરંતુ તેથી વિશેષ તેને રાજ્યની વ્યવસ્થા વિશે ખૂબ ઊંડું જ્ઞાન હતું અને સામ્રાજ્ય પડી ન ભાંગે તેની તે સમાજને ખાતરી આપતો.

ચંદ્રગુપ્તના રાજ્યકાળના પ્રારંભના દિવસો વિશે ખૂબ થોડી જાણકારી ઉપલબ્ધ છે. ઘણા ઇતિહાસકારો મૌર્ય કુટુંબના મૂળમાં 'નીચ વર્ણ' અથવા ટોળી હોવાનો નિર્દેશ કરે છે. કેટલાક હેવાલો પ્રમાણે ચંદ્રગુપ્ત નંદ વંશના છેલ્લા રાજાનો 'નીચ વર્ણ'ની મુરા નામની સ્ત્રીથી થયેલો પુત્ર હતો. અને તેમાંથી કુટુંબનું નામ મૌર્ય આવ્યું. બૌદ્ધ પરંપરા પ્રમાણે તે પિપ્ફલિવનના મોરિયા ટોળીના સભ્યનો હતો અને તે સૂચવે છે કે આ વંશ જેના બુદ્ધ હતા તે શાક્યની ટોળી સાથે સંબંધિત હતો આ સમજૂતી પ્રમાણે કુટુંબનું નામ મૌર્ય ટોળીના નામમાંથી ઉદ્‌ભવ્યું છે. વળી, અપરોક્ષ રીતે સરદારોનાં જૂનાં કુળો પ્રમાણે તે ક્ષત્રિયોમાંનો હતો. પુરાણો નંદ અને મૌર્ય વંશોને જોડતા નથી, પણ તેઓ મૌર્યને શૂદ્રો તરીકે વર્ણવે છે.

બ્રાહ્મણ ગ્રંથોની તેઓ વિશેની સમજ મગધ સમાજના પ્રાચીન વિચારો ઉપર આધારિત હતી, ખાસ કરીને તેઓ અપ્રમાણિક અને મિશ્ર જાતિમાંથી ઉદ્‌ભવેલા હતા. શિષ્ટ સાહિત્યના પુરાવાઓ પ્રમાણે તેઓ છેલ્લા નન્દ રાજાને જાણતા હતા. તેઓ પણ આ બે વંશોને જોડતા નથી. જો કે તેઓ ચંદ્રગુપ્તને Sandrakottus તરીકે ઓળખતા, અને તેને નીચા કુળનો કહેલો છે. આ ઉપરાંત નામના અંતે "ગુપ્ત" ચંદ્રગુપ્તના નામમાં છે. અને અશોકના લગ્ન વિદિશાના વેપારીની પુત્રી સાથે થયેલા તેથી એમ ખાતરીપૂર્વક વિચારે છે કે મૌર્યો વૈશ્ય મૂળના હોવા જોઈએ.

મૌર્યોના જાતિનું જોડાણ સંદિગ્ધ રહે છે. આ વંશના ખૂબ અગત્યના રાજકર્તાઓ તેમની પાછળની જિંદગીમાં નાસ્તિક થયા તે પણ મહત્ત્વનું છે. છતાં પણ બીજા પક્ષે કેટલાક પુરાવાઓ બ્રાહ્મણ કૌટિલ્ય કે જે ચંદ્રગુપ્તનો સલાહકાર અને તેની પાછળના પ્રેરક જુસ્સા તરીકેનું તેનું કાર્ય બતાવે છે તેને પણ નકારી ન શકાય. પુરાણો કહે છે કે ચાણક્યે ચંદ્રગુપ્તની રાજ્યના રાજા તરીકે નિમણૂક કરી હતી. એમ પણ કહી શકાય કે મૌર્યો જે સમાજમાં સત્તા ઉપર આવ્યા તે ક્યારે પણ જૂની માન્યતાને દ્રઢપણે વળગી રહેનાર ન હતા. વાયવ્ય કોણમાં વિદેશીઓ સાથેના ઘણા સંપર્કો હતા અને મગધને જૂનવાણી બ્રાહ્મણોની પરંપરામાં નીચા ગણવામાં આવતા. આ ઉપરાંત તે બુદ્ધ અને મહાવીરની વિચારસરણીને પ્રકટ કરતા હતા. આ રીતે ઘણાં તોફાન—સામાજિક અને રાજકીય—વચ્ચે ચંદ્રગુપ્ત મગધની ગાદી ઉપર આરોહણ કરવા ફળીભૂત થયો. ઘણા ઇતિહાસકારો જે મૌર્યના રાજ્યન—ખાસ કરીને પ્રદેશોનો વિસ્ત—સામ્રાજ્ય તરીકે સમજે છે તે ચંદ્રગુપ્ત મૌર્યે ભજવેલા પાઠને ઘણી અગત્ય આપે છે. તેણે વાયવ્યમાં પરદેશીઓની ડખલગીરીને નિર્દય રીતે અટકાવી અને પશ્ચિમ અને દક્ષિણ ભારતના દેશી રાજકર્તાઓને દબાવી દીધા. સૈન્યના પરાક્રમ અંગેના ચોક્કસ પ્રકારના ભૌતિક સાધનોના પુરાવાઓ પ્રાપ્ત નથી અને તેથી આ સામ્રાજ્ય જેમણે વારસામાં મેળવ્યું તેમના હેવાલોને આધારે વિગતોનું વિધાન કરવું પડે.

ભારતીય અને શિષ્ટ પુરાવાઓ એમ બંને સંમત થાય છે કે ચંદ્રગુપ્તે નંદ રાજાઓના છેલ્લા રાજાને ઉથલાવી પાડીને પાટલિપુત્રની રાજધાની મેળવી અને તેની આ સિદ્ધિને તેના રાજ્યારોહણ ઈ.સ.પૂ. 321ની આસપાસ સાંકળવામાં આવે છે. આગળ જણાવ્યું તેમ ચંદ્રગુપ્તનો રાજકીય ઉદય વાયવ્યમાં એલેકઝાન્ડરની ચઢાઈ સાથે સાંકળવામાં આવે છે. ઈ.સ.પૂ. 325 - ઈ.સ.પૂ. 323નાં વર્ષો કસોટી કરે તેવા સખત હતા. એ અર્થમાં કે એલેકઝાન્ડરની ચઢાઈ પછી વાયવ્યમાં જે ઘણા સુબાઓ મૂકવામાં આવ્યા હતા તેઓને મારી નાખવામાં આવ્યા હતા અને તેમને પીછેહઠ કરવી પડી હતી. આને કારણે ચંદ્રગુપ્ત એકદમ આ પ્રદેશ ઉપર સત્તા મેળવવા શક્તિમાન થયો. અહીં એ કહેવું જરૂરી છે કે ચંદ્રગુપ્તે વિદેશીઓના લશ્કરને પહેલાં નાસભાગ કરાવી કે નન્દોને પહેલાં હરાવ્યા એ અનિશ્ચિત છે. પણ ગમે તે સંજોગોમાં આ બંને કામો ઈ.સ.પૂ. 321માં પૂર્ણ થયાં હતાં અને

રાજ્ય વધારે સ્થિર કરવા માટે તૈયાર કર્યું હતું.

ચંદ્રગુપ્ત મૌર્યની અનેક સિદ્ધિઓમાંની લશ્કરી મોરચે મુખ્ય સિદ્ધિ તેના સેલ્યુક્સ-નિકાતર સાથેના સંબંધો હતા, કે જેણે ઈ.સ.પૂ. 305ની આસપાસ સિંધુના પશ્ચિમ ક્ષેત્રમાં રાજ્ય કર્યું. ચંદ્રગુપ્તે યુદ્ધ આદર્યું તેમાં કહેવાય છે કે તે વિજેતા બન્યો અને પરિણામે ઈ.સ.પૂ. 303માં ગ્રીક સુબા સાથે શાંતિ સ્થાપી. 500 હાથીઓના બદલામાં સેલ્યુક્સે તેને પૂર્વ અફઘાનિસ્તાન, બલુચિસ્તાન અને સિંધુનો પશ્ચિમ પ્રદેશ આપ્યો. ક્ષત્રપો આવ્યા તે હતા અરાકોસિયા (Arachosia), પેરોપનીસાડી (Paropanisadae), એરિયા (Aria) અને ગેડ્રોસિયા (Gedrosia) હતા. લગ્નસંબંધો પણ પૂર્ણ થયા હતા. આગળ સેલ્યુકસે એલચી મોકલ્યો તે મેગેસ્થિનીસ નામે હતો. તે ચંદ્રગુપ્તના દરબારમાં ઘણાં વર્ષો રહ્યો. આ સિદ્ધિનો અર્થ એ જ કે મૌર્ય સામ્રાજ્યના પ્રદેશનો પાયો ચંદ્રગુપ્તના તાબા હેઠળ સિંધુ અને ગંગાનાં મેદાનોમાં દઢતાથી નંખાયો.

ઘણા વિદ્વાનોએ નોંધ્યું છે કે ચંદ્રગુપ્તે છેવટે તેનો કબજો વાયવ્યમાં અને ગંગાનાં મેદાનો ઉપરાંત પશ્ચિમ ભારત અને દખ્ખણમાં પણ સ્થાપ્યો. તેના સામ્રાજ્યમાં જે પ્રદેશ આવરી લેવાયો ન હતો તે આજનું કેરળ, તામિલનાડુ અને ઈશાન ભારતનો ભાગ. ભારતના જુદા જુદા પ્રદેશો ઉપરની તેની જીતની વિગતો પ્રાપ્ત નથી. ગ્રીક લેખકો માત્ર એટલું નોંધે છે કે ચંદ્રગુપ્ત મૌર્યે 600,000ના લશ્કર સાથે સમગ્ર દેશ આવરી લીધો. પશ્ચિમના છેડે કાઠિયાવાડ કે સૌરાષ્ટ્રની જીત અને તાબેદારી ઈ.સ.પૂ.ના બીજા સૈકાના મધ્યભાગમાં રુદ્રદામનનો જૂનાગઢનો ખડક લેખ તેનું દૃષ્ટાંત છે. આ દસ્તાવેજ જેમાં ચંદ્રગુપ્તનો વાઇસરોય કે સુબા નામે પુષ્યગુપ્ત કે જેણે વિખ્યાત સુદર્શન તળાવ બાંધ્યું તેની નોંધ છે. તેમાં આગળ સૂચવ્યું છે કે ચંદ્રગુપ્તના કબજા હેઠળ માળવા પ્રદેશ પણ હતો. દખ્ખણમાંના તેના કબજા સંબંધેના પાછળના કેટલાક પુરાવાઓ છે મધ્યયુગના કેટલાક મુદ્રાલેખો જણાવે છે કે ચંદ્રગુપ્તે કર્ણાટકના ભાગને પણ રક્ષણ આપ્યું હતું.

ખ્રિસ્તી સંવતના પ્રારંભના સંગમ ગ્રંથોના તામિલ લેખકો "મોરિયાર" તરફ ઇશારો કરે છે તે મૌર્યનો અને તેમનો દક્ષિણ સાથેના સંબંધનો નિર્દેશ કરે છે, પરંતુ આ કદાચ ચંદ્રગુપ્તના ઉત્તરાધિકારીના રાજ્યનો ઉલ્લેખ કરે છે. છેવટે જૈન પરંપરા આપણને જણાવે છે કે ચંદ્રગુપ્ત જૈન થયો અને તેણે ગાદીનો ત્યાગ કર્યો અને જૈન સાધુ ભદ્રબાહુ સાથે દક્ષિણમાં ગયો. દક્ષિણ કર્ણાટકમાં જૈન ધાર્મિક કેન્દ્ર શ્રવણ–બેલગોડામાં પોતાની જિંદગીનો બાકીનો સમય વ્યતીત કર્યો અને રૂઢિચુસ્ત પરંપરાના જૈન નિયમ પ્રમાણે અનશન કરીને મૃત્યુ પામ્યો.

ચંદ્રગુપ્તના પુત્ર બિંદુસાર ઈ.સ.પૂ. 297માં ગાદીએ આવ્યો એમ કહેવાય છે. તેના સંબંધે ખૂબ જ ઓછી માહિતી ભારતીય અથવા શિષ્ટ સાહિત્યનો સાધનો મારફતે પ્રાપ્ત થાય છે. તે અમિત્રોકેટસ (Amitrochates) તરીકે જાણીતો છે. તેમાંથી માહિતી પ્રાપ્ત થાય છે કે તેને સિરીયાના સેલ્યુસીડ રાજા, એન્ટીઓકસ પહેલા સાથે સંબંધો હતા જેને તેણે વિનંતી કરી હતી કે તેને માટે તેઓએ મીઠો દારૂ, સૂકાં અંજીરો અને સૂફી સંત મોકલે.

સોળમા સૈકાના ખૂબ મોડા પુરાવામાં તિબેટના બૌદ્ધ સાધુ તારાનાથના ગ્રંથમાં આપણને બિંદુસારની યુદ્ધ જેવી પ્રવૃત્તિઓ વિશે કહેવાયું છે કે તેણે રાજાઓ અને લગભગ સોળ શહેરોના નાયકોનો નાશ કર્યો અને બધો પ્રદેશ--પૂર્વ અને પશ્ચિમના સમુદ્ર વચ્ચેનો—શાબે લાવી દીધો. પ્રાચીન તામિલ કવિઓનાં વર્ણનો મૌર્ય રથો પ્રદેશમાં આકાશી વીજળીની જેમ કડાકા સાથે ઘૂમતા કદાચ તેના રાજ્ય વિશે નોંધ્યું હશે. ઘણા વિદ્વાનો માને છે કે અશોકને જ માત્ર કલિંગ જીત્યાનો જશ મળે છે. પરંતુ મૌર્ય સામ્રાજ્યનો ફેલાવો તુંગભદ્રાની પેલી બાજુએ થયો તે તેના પૂર્વજો (પહેલાંના રાજાઓ)નું કામ હોવું જોઈએ. તેથી જ એવું સૂચન થાય છે કે કદાચ બિંદુસારના રાજ્યમાં મૌર્યના તાબામાં દખ્ખણ, અને ખાસ કરીને માયસોરનો ઉચ્ચ પ્રદેશ મજબૂત રીતે રક્ષિત થયો હતો.

બિંદુસારને "શત્રુઓનો વધ કરનાર" કહેવાય છે તોપણ તેના રાજ્ય વિશેના બરાબર લેખિત પુરાવાઓ પ્રાપ્ત નથી. આથી તેના વિજયનો વિસ્તાર માત્ર અશોકના સામ્રાજ્યના નકશા ઉપરથી તારવી શકાય કારણ અશોકે માત્ર કલિંગ (ઓરિસા) જીત્યું હતું. તેનું ધાર્મિક વલણ માત્ર આજીવિકો તરફી હોવાનું કહેવાય છે. બૌદ્ધ ઉલ્લેખો બિંદુસારનું મૃત્યુ ઈ.સ.પૂ. 273-272 દરમિયાન થયાનું જણાવે છે. તેના મૃત્યુ પછી ગાદીના વારસ માટે તેના પુત્રોને ચાર વર્ષો સુધી ઝઘડો થયો હતો. આખરે ઈ.સ.પૂ. 269-268 દરમિયાન અશોકનો બિંદુસારના વારસદાર તરીકે રાજ્યાભિષેક થયો.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. નીચેનાં વિધાનોમાંથી કયાં સાચાં (✓) અને કયાં ખોટાં (✗) છે તે બતાવો.

   ક. ચંદ્રગુપ્તની સલાહ મુજબ એલેકઝાન્ડરે મગધ ઉપર ચઢાઈ કરી.

   ખ. નન્દ અને મૌર્ય વંશો લોહીના સંબંધી-સગાં હતા.

   ગ. ચંદ્રગુપ્ત સેલ્યુક્સ નિકાતોરને હરાવવા સમર્થ હતો.

   ઘ. ચંદ્રગુપ્ત અને બિંદુસારે ભારત કન્યાકુમારી સુધી જીતી લીધું.

ચ. બિન્દુસારને સેલ્યુસીડ રાજા, એન્ટીઓક્સ પહેલા સાથે સંબંધો હતા.

2. જુદી જુદી રીતે મૌર્ય વંશનાં જાતિ-મૂળ સમજાવી શકાય? તેમના કેટલાક વિચારો પાંચ પંક્તિમાં લખો.

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

## 18.7 અશોક મૌર્ય (Ashoka Maurya)

ઈ.સ.1837 સુધી અશોક મૌર્ય ઘણો જાણીતો રાજા ન હતો. તે જ વર્ષમાં જેમ્સ પ્રિન્સેપે બ્રાહ્મી શિલાલેખ જેમાં દેવાનાંપિય પિયદસી (ઈશ્વરનો પ્રિય) નામે રાજાનો ઉલ્લેખ હતો તે લિપિ ઉકેલી. શ્રીલંકાના દસ્તાવેજ મહાવંશ નામે જાણીતા હતા તેની સાથે સરખાવ્યા તો તેમાંથી સ્થાપિત થયું કે શિલાલેખનો રાજા ચોક્કસપણે અશોક મૌર્ય હતો. અશોકની કીર્તિ એટલા માટે પ્રસરેલી હતી કે તેણે યુદ્ધમાંથી વિમુખ થઈને ધર્મના સિદ્ધાંતને આધારિત રાજ્યની વ્યવસ્થા સ્થાપી. આપણે, નીચે, તેના જીવન સંબંધિત વિગતો - કલિંગનું યુદ્ધ અને તેના રાજ્ય દરમિયાન મૌર્ય સામ્રાજ્યનો વિસ્તારની ચર્ચા કરીએ.

### 18.7.1 કલિંગનું યુદ્ધ (The Kalinga War)

અશોક પોતાના પિતાના રાજ્યકાળ દરમિયાન ઉજ્જૈન તેમ જ તક્ષિલાના સુબા (વાઇસરોય) તરીકે સેવા બજાવતો. એમ કહેવાય છે કે તેને ખાસ કામ માટે, બળવાને દાબી દેવા માટે તક્ષિલા મોકલ્યો હતો તેમ બૌદ્ધ ઉલ્લેખો કહે છે. તેના વ્યક્તિગત જીવનના પ્રસંગો જેવા કે તેનું લગ્ન વિદિશાના વેપારીની પુત્રી સાથે અને તેમનાં બે સંતાનો મહિન્દ અને સંઘમિત્રાના જન્મ વગેરેએ અશોકને બૌદ્ધ ધર્મ તરફ વાળવામાં ઘણી અસર કરી એમ કહેવાય છે. તેના જીવનની શરૂઆતની ઘણી વિગતો બૌદ્ધ તવારીખોમાંથી મળી આવે છે અને તેથી તેમાંના કેટલાક સંદેહાર્થ નકારી શકાય નહીં.

અશોકના રાજ્યારોહણ વિશે પણ કેટલાંક મંતવ્યો છે પણ તેમાં એક સામાન્ય સર્વસંમતિ છે કે તે પોતે વાસ્તવમાં યુવરાજ ન હતો. તેથી તેને ગાદી ઉપર આરોહણ કરતાં પહેલાં બીજા રાજકુમારો સાથે યુદ્ધમાં ઊતરવું પડ્યું. તેના બૌદ્ધ ધર્મમાં પરિવર્તન પહેલાંની તેની છબી ખૂબ ઘાતકી રાજા તરીકેની છે. પરંતુ બૌદ્ધ હેવાલો નિઃશંક રીતે અતિશયોક્તિભર્યા છે અને તેની અનહદ ભક્તિ બૌદ્ધ તરીકે બતાવેલી છે. અહીં એ બતાવવું જરૂરી છે કે અશોકની પાછલી જિંદગીમાં બૌદ્ધધર્મે મહત્ત્વનો ભાગ ભજવ્યો. તેનાં અંગેનાં મંતવ્યો કે જેમાં તેને તરંગી અને દુરાગ્રહી ચીતર્યો છે તેમાં કેટલીક છૂટ મૂકવી પડશે. રાજાનું વ્યક્તિત્વ અને માન્યતાઓનું સ્પષ્ટ નિરૂપણ તેના ઘણા શિલાલેખો કે જેમાં તેના જાહેર અને રાજકીય ભૂમિકા બંને વર્ણવાયેલા છે તેમાંથી મળે છે. તેમાં એ પણ બતાવેલું છે કે કલિંગના યુદ્ધ પછી તે બૌદ્ધ બન્યો.

અશોકના પૂર્વજોએ દખ્ખણ અને દક્ષિણમાં દખલ કરી હતી અને કદાચ તેનો થોડો ભાગ જીત્યો હતો. કલિંગ તે આજનું ઓરિસાનું રાજ્ય તેને હજુ મૌર્યના તાબા હેઠળ લાવવાનું બાકી હતું. તેની વ્યૂહાત્મક રીતે અગત્ય હતી કારણ તે દક્ષિણ ભારતના દરિયાઈ અને જમીન માર્ગને કાબૂમાં રાખી શકે. અશોક પોતે ખડક લેખ XIII તેની કલિંગની જીતનું વર્ણન કરે છે. આ જીત તેના રાજ્યારોહણના આઠ વર્ષ પછી અર્થાત્ ઈ.સ.પૂ. 260ની આસપાસ થઈ હતી. આ યુદ્ધમાં કલિંગના લોકો સંપૂર્ણપણે વેરણછેરણ સ્થિતિમાં આવી ગયા હતા. અને "એકસો હજારનો વધ કરાયો હતો. અને તેનાથી ઘણી સંખ્યામાં વધુ લોકો મરી ગયા હતા. જોકે યુદ્ધભૂમિ પર અશોક વિજેતા હતો". શિલાલેખ આગળ તેનો અફસોસ વર્ણવે છે અને આખરે તેને ધમ્મ તરફ લાવે છે, અને યુદ્ધ મારફતે વિજયની નીતિ તેણે ત્યજી દીધી અને તેને બદલે, વિજયની નીતિ ધમ્મવિજયમાં ફેરવી નાંખી. રાજ્ય અને વ્યક્તિગત ધોરણે તેણે કામ કરવા માંડ્યું. અને રાજાનું અને તેના અમલદારોનું વર્તન તેમની પ્રજા તરફ સંપૂર્ણપણે ફેરવાઈ ગયું.



2. અશોક સ્તંભ (લોરિયા નન્દનગઢ)



3. વૃષભ સ્તંભ (રામપૂર્વા)



4. અશોક સ્તંભ (સારનાથ)

### 18.7.2 અશોકના મૃત્યુ વખતનું મગધ (Magadha at Ashoka's Death)

અશોકના રાજ્યકાળ દરમિયાન મગધના સામ્રાજ્યનો વિસ્તાર તેના વિવિધ સ્થળનાં ખડક શાસનો અને સ્તંભ શાસનો કે જેની મારફતે તેણે ધમ્મની નીતિનો ઉપદેશ આપ્યો તેના પરથી ખ્યાલ આવે છે; મુખ્ય ચૌદ ખડક શાસનો, સાત સ્તંભ શાસનો અને કેટલાક ગૌણ ખડક શિલાલેખો આ અંગેની માહિતી આપે છે. મુખ્ય ખડક શાસનો પેશાવર પાસે શાહબાઝગઢી (Shahbazgarhi) અને મનેશ્રા (Maneshra), દહેરાદૂન પાસે કલસી (Kalsi), થાણા જિલ્લામાં સોપારા, કાઠિયાવાડમાં જૂનાગઢ પાસે ગિરનાર, ભુવનેશ્વર પાસે દાવલી અને ઓરિસાના ગંગમ જિલ્લામાં જૌગડ છે, કર્ણાટકમાં ગૌણ ખડક શાસનો બીજાં સ્થળો સાથે સિદ્ધપુર, જાતિંગા-રામેશ્વર અને બ્રહ્મગિરિમાં દેખાય છે. બીજાં ગૌણ ખડક શાસનો મધ્ય પ્રદેશમાં જબલપુર પાસે રૂપનાથ, બિહારમાં સહસ્રામ, રાજસ્થાનમાં જયપુર પાસે બૈરાટ અને કર્ણાટકમાં મસ્કી છે. અશોકના શિલાલેખોવાળા થાંભલા દિલ્હી (મૂળ અંબાલા અને મીરૂટ પાસે તોપારામાં હતો), ઉત્તર પ્રદેશમાં કૌસામ્બી, બિહારમાં લોરિયા અરરાજ, લોરિયા નન્દનગઢ અને રામપૂર્વા, ભોપાળ પાસે સાંચી, બનારસ પાસે સારનાથ અને નેપાળમાં રૂમ્મીન્દૈમાં મળી આવ્યા છે. આ સ્થળોની ચોક્કસ જગાઓ આ એકમ સાથેના નકશામાં બતાવેલી છે અને તે અશોકના સામ્રાજ્યના મોટા પ્રાદેશિક વિસ્તારનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. શાસનો મૂકેલાં સ્થળો વધુ પ્રકાશ ફેંકે છે કે તેણે કેવી સંભાળપૂર્વક અગત્યના વેપારી માર્ગો નદી અને રસ્તાની અવરજવરને સાંકળી લેતાં સ્થળોએ મૂક્યાં છે. તેથી આ વિષયનાં હાલનાં લખાણો બતાવે છે કે કાચો માલ જ્યાં સુલભ હોય તેને તેનું મુખ્ય ચાલક બળ ખાસ કરીને દ્વીપકલ્પને કાબૂમાં રાખવા જણાય છે.

શાસનોમાં સામ્રાજ્યની સરહદની પ્રજાનું વર્ણન છે અને આ સામ્રાજ્ય અંગે ઉપર જે નોંધાયું છે તે ચિત્રને આ શાસનો કાયમ કરે છે. દક્ષિણમાં લોકો જેવાં કે ચોલો, પાંડ્યા, શતપુત્રો અને કેરલપુત્રો મૌર્ય સામ્રાજ્યની બહાર વસતા હતા. સામ્રાજ્યની અંદર લોકો વિવિધ જાતિના અને સંસ્કૃતિના હતા. દા.ત. વાયવ્યમાં કંબોજ અને યવનો બતાવેલા છે. તેઓ બીજા લોકો જેવા કે ભોજ, પિટિનિક (Pitinika), આન્ધ્ર અને પુલિન્દ સાથે બતાવેલા છે કે જેઓ પશ્ચિમ ભારત અને દખ્ખણના કેટલાક ભાગમાં વસતા હતા.

અશોકનાં શાસનોનાં સ્થળોનો નકશા ઉપરથી અભ્યાસ કરવા ઉપરાંત પણ તેના સામ્રાજ્યનો ચોક્કસ વિસ્તાર નક્કી કરી શકાય તેમ છે. કેટલેક અંશે તેના જીતેલા પ્રદેશો વિજેતા અને રાજ્યના પ્રદેશો(રાજવિષય)ને સરહદના પ્રદેશો(પ્રત્યન્ત)ને ઓળખીને જેમ કે સેલ્યુસીડ રાજા એન્ટીઓક્સ બીજાનો પ્રદેશ તેના સામ્રાજ્યની બહાર વાયવ્યમાં હતો તેવી જ રીતે ચોલો, પાંડ્યો, કેરલપુત્રો અને સત્યપુત્રોનો પ્રદેશ ઉપરાંત શ્રીલંકાનો ટાપુ દક્ષિણમાં તેના સામ્રાજ્યની બહાર હતા. પૂર્વમાં મૌર્યોના સામ્રાજ્યમાં ઉત્તર અને દક્ષિણ બંગાળનો સમાવેશ કરેલો જણાય છે.

મગધના સામ્રાજ્યનો વિસ્તાર અશોકના શાસન દરમિયાન સૌથી વધુ વિસ્તારવાળો પ્રદેશ હતો. છતાં તે સભાનતાપૂર્વક તેના સામ્રાજ્યમાં બધાં યુદ્ધોનો અંત લાવવાનો પ્રયત્ન કરતો હતો. અહિંસાના સિદ્ધાંતને રાજ્યનીતિ તરીકે વિકસાવવાનો અજોડ પ્રયોગ હતો. અને તે ભારતના રાજકીય ઇતિહાસની તવારીખમાં ક્યારેય પુનરાવર્તન પામ્યો ન હતો. વારંવાર જુદા જુદા ઇતિહાસકારોનાં લખાણોમાં અશોકને પરોપકારી આપખુદ રાજા તરીકે આદર્શ ગણાવ્યો છે. પરંતુ તે એ બાબતને અવગણે છે કે શક્તિશાળી અશોક માટે વિસ્તૃત સામ્રાજ્યને અંકુશમાં લેવા માટે વૈચારિક નિયંત્રણે મદદ કરી છે. બીજી રીતે વહીવટ કદાચ ઘણો મુશ્કેલ થયો હોત. છેવટે મૌર્યશિલાલેખો જ્યાં જ્યાંથી મળ્યા છે તે તમામ જાણીતા વ્યાપારી માર્ગો ઉપર છે, તેમાંના કેટલાક સામ્રાજ્યની સરહદના વિભાગના પરિઘમાં, છતાં પણ હજુ છેવટનું નક્કી કરવાનું રહે છે કે જે પ્રદેશોમાં શિલાલેખોના કોઈ પુરાવા પ્રાપ્ત થયા નથી ત્યાં પણ અંકુશ તે જ પ્રમાણે રહ્યો હશે કે જ્યાં શિલાલેખો પ્રાપ્ત થયા છે તેના જેવો. આ બંને પ્રશ્નો મૌર્યોનો વહીવટી અંકુશ અને ધમ્મની નીતિનો વધુ અભ્યાસ એકમ 20 અને 21માં કરવામાં આવશે.

#### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. અશોકની જીત પછીની નીતિમાં શા માટે ફેર થયો હતો તે અંગે પાંચ કે છ લીટીમાં નોંધ લખો.

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

2. નીચે આપેલી શબ્દસંજ્ઞા વાપરીને નીચેનાં કયાં વિધાનો અશોક વિશે સાચાં છે તે ઓળખી બતાવો :

(i) અશોક યુવરાજ હતો અને બિંદુસારનો ઉત્તરાધિકારી હતો.

(ii) તેના જીવનના ઉત્તરકાળમાં તે બૌદ્ધ ધર્મ તરફ વળ્યો.

(iii) અશોકના શિલાલેખો જ્યારે પ્રદેશની જીત થઈ ત્યારે કોતરાયા હતા.

(iv) તેણે યુદ્ધના જીતની નીતિને બદલે ધમ્મની નીતિ અપનાવી.

(v) અશોક તેના શિલાલેખોમાં સામાન્ય રીતે દેવાનાં પિય પિયદસ્સી તરીકે જાણીતો છે.

**શબ્દસંજ્ઞા :**

(ક) ii, iv, v

(ખ) i, iii, iv

(ગ) ii, iii, iv

(ઘ) i, iv, v

## 18.8 સારાંશ

આ એકમમાં અમે તમને પહેલાં ઐતિહાસિક સામ્રાજ્યનો અભ્યાસ કેવી રીતે કરવો તેમ જ મગધનો ઉદય અને પ્રાદેશિક વિસ્તારની વિગતો બતાવવાનો પ્રયત્ન કર્યો છે. એવી આશા રાખવામાં આવે છે કે આ બધુ આ એકમમાંથી જાણ્યા પછી તમે જાણી શકશો કે -

- મગધના સ્થાનની વ્યૂહાત્મક અગત્ય અને તેના ઉદ્દ્ભવનાં જવાબદાર કારણો.
- મગધનો રાજકીય ઇતિહાસ લખવામાં વાપરી શકાય તેવાં સાધનો, ખાસ કરીને મૌર્ય અમલ.
- મૌર્ય અમલના ઊગમ પહેલાંના પ્રારંભના મગધના ઇતિહાસના મુખ્ય બનાવો.
- પ્રારંભના ઐતિહાસિક કાળના સંબંધમાં 'સામ્રાજ્ય'ના ખ્યાલની સમજૂતી.
- મૌર્ય વંશનો ઉદ્દ્ભવ અને તેમના પ્રારંભકાલીન ઇતિહાસ અંગેની વિગતો.
- ચંદ્રગુપ્ત મૌર્ય અને બિંદુસારની વિસ્તારવાની નીતિ.
- અશોક મૌર્યના રાજ્યારોહણની પરિસ્થિતિના સંજોગો અને તેની કલિંગ યુદ્ધ સુધીની પ્રવૃત્તિઓ, અને
- અશોકના મૃત્યુ સમયે મગધ સામ્રાજ્યનો ફેલાવો.

## 18.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આપખુદ સત્તા :** જે સત્તાને પડકારી શકાય નહીં તેવી.

**ઉત્તરાપથ :** ઉત્તરનો માર્ગ, સામાન્ય રીતે જમીનનો માર્ગ જે હિમાલયની તળેટીને લગોલગ જતો.

**ચક્રવર્તી ક્ષેત્ર :** ચક્રવર્તી રાજાના પ્રભાવ હેઠળનો વિસ્તાર.

**ધમ્મ :** શબ્દાર્થ ''વૈશ્વિક વ્યવસ્થા''. અશોકના શિલાલેખોના સંદર્ભમાં એનો અર્થ ધર્મનિષ્ઠ થાય છે.

**સત્રપી :** પ્રાચીન ઈરાની વ્યવસ્થામાંથી લીધેલ શબ્દ છે. એ સામ્રાજ્યના વિભાજિત પ્રાન્તને દર્શાવે છે. જેમને એક સત્રપના કબ્જા હેઠળ મુકાય છે.

**સપ્તાંગ :** સાત અંગો.

**સૂફી :** તત્ત્વજ્ઞાની.

## 18.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. (ગ) (✓)
2. આલોચના કરો વિભાગ 18.3
3. જુઓ વિભાગ 18.2
4. (ક) ✗ (ખ) (✓) (ગ) ✗ (ઘ) ✗ (ચ) (✓)

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. (3) (✓)
2. જુઓ વિભાગ 18.4નો છેલ્લો ભાગ
3. જુઓ વિભાગ 18.5 અને વળી આલોચના કરો વિભાગ 18.6
4. (ક) ✗ (ખ) (✓) (ગ) ✗ (ઘ) ✗ (ચ) (✓)

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. (ક) ✗ (ખ) ✗ (ગ) (✓) (ઘ) ✗ (ચ) (✓)
2. આલોચના કરો વિભાગ 18.7.1

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. જુઓ પેટા વિભાગ 18.8.2 અને નકશો
2. આલોચના કરો પેટા વિભાગ 18.8.1
3. (ક) (✓)

# એકમ 19 મૌર્ય સામ્રાજ્યની અર્થવ્યવસ્થા (Economy of the Mauryan Perio

રૂપરેખા

19.0 ઉદ્દેશો
19.1 પ્રસ્તાવના
19.2 ઉત્પાદનનો ભૌતિક અને સામાજિક આધાર
19.3 ખેતી અને જમીન મહેસૂલ
19.3.1 કૃષિ અર્થ-વ્યવસ્થાનાં સામાન્ય લક્ષણો
19.3.2 જમીન મહેસૂલ અને વ્યવસ્થાતંત્ર
19.4 વ્યાપાર અને નગરો
19.4.1 વ્યાપારની વ્યવસ્થા
19.4.2 શહેરી અર્થવ્યવસ્થાનો વિકાસ
19.4.3 મૌર્યના ભારતમાં સામાજિક અને આર્થિક ફેરફારો
19.5 સારાંશ
19.6 ચાવીરૂપ શબ્દો
19.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 19.0 ઉદ્દેશો

આ એકમનો મુખ્ય ઉદ્દેશ મૌર્ય ઇતિહાસના અગત્યના અંશોમાંના એકનો પરિચય – જેમ કે આ સમય દરમિયાન ભારતની અર્થવ્યવસ્થામાં વ્યવસ્થા અને ફેરફારોએ જે સ્થાન લીધું–કરાવવાનો છે. જોકે આપણું ધ્યાન મૌર્યનાં હૃદયસમા ગંગાખીણ ઉપર હશે. વળી આ સમય દરમિયાન ભારતના બીજા ભાગોમાં મહત્ત્વના ફેરફારો થયા તે તરફ તમારું ધ્યાન દોરવાનું છે. આ એકમ સમજ્યા પછી તમે –

- સામ્રાજ્યને ટકાવવા માટે કેવી રીતે જુદાં જુદાં સાધનો જરૂરી છે તે સમજશો
- વ્યાપાર કેવી રીતે વ્યવસ્થિત થયો અને કેવી રીતે તેનો વિકાસ થયો એ સમજશો. તે સમજો અને તેણે પ્રવૃત્તિનાં નવાં ક્ષેત્રો ખોલ્યાં તે સમજાવી શકશો.
- શહેરી અર્થવ્યવસ્થાની પદ્ધતિ સમજશો અને વળી નગરો અને શહેરો આ સમયમાં કેવી રીતે ઊભાં થયાં તે જાણશો.
- આ સમય દરમિયાન કળાવિજ્ઞાન (ટેકનોલૉજી)માં જે સુધારાઓ ઉદ્ભવ્યા તેની ચર્ચા કરી શકશો.
- ઉપરનો વિકાસ સામાજિક-આર્થિક ફેરફારોમાં કેટલો મહત્ત્વનો હતો તેનું વિવવણ કરી શકશો.

## 19.1 પ્રસ્તાવના

આ વિભાગના એકમ 18માં તમે મૌર્ય સામ્રાજ્યની સ્થાપના ને વિસ્તાર વિશે શીખ્યા. હવે આ એકમમાં તમને મૌર્ય સમયની અર્થવ્યવસ્થાનો પરિચય કરાવીશું. વિભાગ 4માં મૌર્ય સત્તાની સ્થાપના પહેલાંના સમયની અર્થવ્યવસ્થાની પદ્ધતિ વિશે તમે વાંચ્યું હોવું જોઈએ. અહીં આપણે મૌર્યકાળ દરમિયાન જે વિકાસ થયો તેના ઉપર કેન્દ્રિત થઈશું. આપણે ખેતીવિષયક ભૌતિક અને સામાજિક આધારોની સામાન્ય ચર્ચા કરીશું. ક્ષેત્રીય અર્થવ્યવસ્થાનો અભ્યાસ ઘણો કસોટીરૂપ છે. કારણ લોકોનો મોટો સમૂહ ખેતી સાથે સંકળાયેલો હોય છે. અમે તમને જમીન મહેસૂલની વ્યવસ્થા અને તેના સંગ્રહ અંગે માહિતગાર કરીશું. વળી, આપણે અર્થવ્યવસ્થાની પ્રવૃત્તિની બીજાં ક્ષેત્રો ઉપર અર્થવ્યવસ્થાની અથડામણનો ખ્યાલ પણ કરીશું.

આ અસર ઓજારોનાં ઉત્પાદન અને વ્યાપારી પ્રવૃત્તિઓમાં વધારે સ્પષ્ટ હતી. આ ક્ષેત્રોમાંનો વિકાસ નીચેની બાબતો તરફ દોરી ગયો હતો :

- ટેકનોલૉજીમાં સુધારો,
- ધાતુના સિક્કાનો વધતો જતો ફેલાવો, અને
- શહેરી કેન્દ્રોની વૃદ્ધિ.

એક વધારે મહત્ત્વનો પ્રશ્ન જે આપણું ધ્યાન ખેંચે છે તે છે સમગ્રતયા આર્થિક પ્રવૃત્તિમાં રાજ્યનું સ્થાન. રાજ્ય અર્થવ્યવસ્થામાં કેટલે અંશે દરમિયાનગિરિ કરે છે? શું આ મધ્યસ્થી અર્થવ્યવસ્થાની વૃદ્ધિમાં મદદરૂપ અથવા

વિઘ્નકર્તા થાય છે? આવા અને સંબંધિત પ્રશ્નો આ એકમના અભ્યાસમાં ચર્ચીશું.



## 19.2 ઉત્પાદનનો ભૌતિક અને સામાજિક આધાર (Material and Social Basis of Production)

વિભાગ 4માં તમે ઈ.સ.પૂ. 1000ના મધ્ય ભાગમાં લોખંડની ટેકનોલૉજીનો ખેતીમાં ઉપયોગ વિશે જોયું. ખેતીના ઉત્પાદનમાં નક્કર વધારો આ સમયના તબક્કે થયો. આ વધારાએ સમાજના માત્ર ભૌગોલિક આધારને બદલ્યો નથી પણ નવાં સામાજિક જૂથોને ઊભાં કર્યાં. આમાંનાં ઘણાં નવાં સામાજિક જૂથો ઊભાં થતાં નગરમાં વસવાટ શરૂ કર્યો.

ગ્રીક લેખક એરીઅને કહ્યું છે કે શહેરોની સંખ્યાને ચોક્કસ નોંધવી શક્ય નથી કારણ તેની સંખ્યા ઘણી મોટી હતી. આ સમયમાં શહેરોની સંખ્યા ઘણી વધી હતી તેટલું જ બતાવી શકાય. નગરોનો સુવ્યવસ્થિત વહીવટ જેનું મેગેસ્થિનીસે કરેલું વર્ણન બતાવે છે કે આ કેન્દ્રોમાં વસ્તીનું કેન્દ્રીકરણ મોટા પ્રમાણમાં હતું. આ નગરોમાં રહેવા માટેના નિયમો સ્પષ્ટ રીતે કડક હતા. ગમે તેમ પણ ઉત્પન્ન કાર્ય એ આ સમયના નગર આયોજનના નક્કર પુરાવાઓ આપ્યા નથી અને મૌર્ય સ્થાપત્યોના અવશેષો ઘણા થોડા છે. ઘણાં મકાનનાં માળખાં પાકી ઈંટોના બનેલ હતાં, તેથી અનુમાન કરી શકાય કે આવાં મકાનો ઘણી મોટી સંખ્યામાં ખોદકામનાં સ્થળો કે જે ઉત્તર પ્રદેશ અને બિહારમાં છવાયેલાં હતાં ત્યાંથી મળી આવ્યાં છે. મકાનો ઇમારતી લાકડાના બનતાં, કારણ મેગેસ્થિનીસ મૌર્યોની રાજધાની પાટલિપુત્રમાં લાકડાની ઇમારતોની નોંધ કરે છે. કુમ્રાહર (Kumrahar) (હાલનું પટણા)નાં ખોદકામોએ કેટલીક ઇમારતો કે જેને મૌર્યના મહેલના સ્તંભયુક્ત ઓરડા તરીકે ઓળખાવેલો, મળી આવ્યાં છે. ઇમારતોમાં આ સમયની સૌથી અગત્યની શોધ તે મોટી સંખ્યામાં મળી આવેલા ગોળ કૂવાઓ (Ringwells) જે કદાચ ઘરગથ્થું કામ માટે પાણી પહોંચાડવામાં વપરાતા હશે. ત્યાર પછીના સમયમાં બીજા ભાગમાં પણ તેનો બહોળો વપરાશ થયો. ગોળ કૂવાઓ અને પાકી ઈંટોનો બહોળો ઉપયોગ હતો. બાંધકામના વિકાસના ચિહ્ન રૂપે ઇમારતો અને ગોળ કૂવાઓને ગણાવી શકાય. ઇમારતી લાકડું તેઓને સહેલાઈથી પ્રાપ્ત થાય એમ હતું. પકવેલી ઈંટોનો ઉપયોગ અને ઉત્તરના કાળાં ચમકતાં વાસણોનાં ઠીકરાંના પ્રાપ્ત અવશેષો અને બીજા પણ અવશેષો આપણને મૌર્ય સામ્રાજ્યના વિસ્તારોમાં શહેરોના વિકાસનું માપ કાઢવામાં મદદ કરે છે. આપણે આ વિષયને આ એકમના પાછળના ભાગમાં ચર્ચા માટે લઈશું.




કાષ્ટમહલના અવશેષો (પાટલિપુત્ર)

ગંગાની ખીણમાં ઉપર બનાવેલાં સાધનો સાથેના અસ્તિત્વ ધરાવતા નગરોના ટેક્નોલૉજીના નક્કર આધારને સૂચવે છે. ડી.ડી. કોસામ્બી અને આર.એસ. શર્મા તેમનાં લખાણોમાં ભારપૂર્વક દલીલ કરે છે કે લોખંડનાં અત્યંત બહોળા ઉપયોગને કારણે આ શક્ય બન્યું છે. એકમ 18માં બતાવ્યું હતું કે મગધનું દક્ષિણ બિહારના કાચા લોખંડનાં સમૃદ્ધ ક્ષેત્રોની પાસે આવેલું હતું અને અગત્યની નદી અને જમીન માર્ગોથી મોકલી શકાતું. ઉત્ખનનો દ્વારા જુદા પ્રકારના લોખંડનાં ઓજારો જેવાં કે ખામણાવાળી (Socketed) કુહાડીઓ, દાંતરડાં અને કદાચ હળની ફાળ મળી આવ્યાં છે. આ ઓજારોએ પૂર્વનાં ગંગાનાં મેદાનોની ઝાડીઓને સાફ કરવામાં અને ખેતીની કાર્યકુશળતામાં પણ સરળતા કરી હોવી જોઈએ. ઘણા ગાળેલા લોખંડના નાના ટીટોના ઢગલા દક્ષિણ બિહારના લોખંડના પટ્ટાવાળા ક્ષેત્રમાં છૂટાછવાયા મળી આવ્યા છે. આવો ફેંકી દીધેલો કચરો સૂચવે છે કે લોખંડ ગાળવાનું તંત્ર ઉત્તમ કક્ષાનું નહીં હોય. શોધી કાઢેલી સ્થાનિક ભઠ્ઠીઓ સૂચવે છે કે કેટલા સામાન્ય લોકોને લોખંડ પેદા

કરવાની છૂટ હતી. લોખંડ બનાવવાની અદ્યતન ટેકનોલૉજી પણ જાણીતી હતી એમ અર્થશાસ્ત્રમાં ઉલ્લેખો પરથી જાણી શકાય.

લોખંડનો ઉપયોગ ગંગાના ખીણ પ્રદેશથી દેશના બીજા ભાગોમાં ફેલાયો ન હતો. તેનો ઉપયોગ અને સુલભતાના સ્વતંત્ર પુરાવાઓ પ્રાક્મૌર્યકાળ અને મૌર્યકાળના સમયના ભારતના બીજા પ્રદેશોમાંથી મળ્યાના ઉત્ખનિત ચીજોમાં જડી આવ્યા છે. ગંગાના ખીણના પ્રદેશોની જમીન ઘણી ભારે અને ચીકણી હોઈને લોખંડના ભારે અણીવાળાં હળો અને હળની કોશોની જરૂરિયાત મોટા પાયે ખેતી કરવાની અનુકૂળતા માટે ખૂબ જ જરૂરી હતું. ખેતીવિષયક કામોમાં લોખંડનો ઉપયોગ વધારે પડતો નકારી શકાય નહીં. એમ સ્પષ્ટ થાય કે રાજાએ અમુક જાતની ખાણો ઉપર ઇજારો રાખવાની હિમાયત અર્થશાસ્ત્રે કરી એ સૂચવે છે કે એ બાબત રાજ્યમાન્ય હતી. આ સૂચન કદાચ લશ્કરની પ્રગતિ માટે ધાતુની સખત જરૂરિયાતને કારણે હોઈ શકે.



6. લુહારની ભઠ્ઠી

નક્કર ટેકનોલૉજી ઉપરાંત વિકસતા ખેતી આધારિત સમાજને અનાજ પકવવા અને બીજી ચીજો માટે નિયમિત અને સસ્તી મજૂરી જરૂરી હતાં. મજૂરોને કાબૂમાં રાખવા અને કાર્યરત રાખવા તે ખેતી-આધારિત સમાજના ઉત્પાદનને સમજવા માટે ઘણું અગત્યનું છે. આપણે ઉપર જોયું કે નવા પ્રકારની ખેતી ખાસ કરીને ડાંગર રોપવાની મધ્ય ગંગાની ખીણમાં ઘણી અગત્યની બની. આ ખેતી ઘણી મજૂરીવાળી હતી અને ખેડૂતના કુટુંબને અમુક ઋતુમાં જ્યારે ડાંગરના ધરુને એક સ્થળેથી બીજા સ્થળે રોપવા અને મોસમ વખતે પણ ઘણી મહેનત જરૂરી હતી. આ સમયગાળા દરમિયાન આ પ્રકારની ખેતી ઘણી લોકપ્રિય બની. આથી નવી જમીનો પણ ખેતી હેઠળ લાવવામાં મોટું દબાણ મુકાવા લાગ્યું તે આપણે જોઈએ છીએ. આ નવા ઠરીઠામ થયેલા પ્રદેશમાં તેમાં મજૂરીની અછત ધારવામાં આવી અને આપણે અર્થશાસ્ત્રમાંથી જાણી શકીએ છીએ કે નવા વિસ્તારોને પ્રસ્થાપિત કરવા માટે રાજ્યે ખાસ પ્રયત્નો કેવા કર્યા.

આ સંબંધમાં તેમ સૂચવાયું છે કે શૂદ્રોને આ પ્રદેશમાં સ્થિર કરવાના હતા. ગમે તે પ્રકારે ખેતી અને અન્યથા શારીરિક મજૂરી નવાં જૂથોને જ્યાં ભરચક વસ્તી હતી તેવાં ક્ષેત્રોમાંથી ખસેડીને વસાવ્યાં અથવા હારેલાં રાજ્યોમાંથી તડીપાર કર્યાં. આવા લોકોની સંખ્યા લગભગ 1,50,000 હતી. તેઓને કલિંગના યુદ્ધ પછી તડીપાર કર્યા હતા. અર્થશાસ્ત્ર સૂચવે છે કે નવાં ગામડાં પણ પરદેશી વસાહતીઓને લલચાવીને તૈયાર કરી શકાય. આ જ રીતે બીજાં જૂથો જેવાં કે સુથારો અને વેપારીઓને પણ આ જ પદ્ધતિએ કદાચ વસાવ્યાં હોય. શૂદ્ર વસવાટ કરનારાઓને મહેસૂલમાં કેટલીક રાહત આપવાની ઉપરાંત ઢોર આપવા અને ઓજારોની સાથે દાણા આપ્યાની અપેક્ષા રખાતી. આ પણ કદાચ તેમને નવી જમીનમાં ખેતી કરવામાં ઉત્સાહ પ્રેરવા થયું હોય. નાશ પામતા વસાહતીઓને પણ આ જ રીતે ફરીથી વસાવ્યા કારણ ફરીથી વસાવેલા વસાહતીઓ જ ખેતીની પેદાશને વધારી શકે.

આવાં ઘણાં ઉદાહરણો નવા વસવાટ કરાયેલાં ક્ષેત્રો ઉત્કૃષ્ટ જમીનનો ભાગ બની રહી. અને તે સિત (Sita) જમીન તરીકે જાણીતી થઈ. પ્રસંગે પ્રસંગે ગામડાંના જૂના અમલદારોને ખેડવાની મંજૂરી અપાતી. આવા

સંજોગોમાં ખેડૂતોને ખેડવામાં જો નિષ્ફળતા મળે તો તેમની બદલી બીજે ઠેકાણે થાય, કારણ આ ગામડાંઓ ઉત્કૃષ્ટ જમીનના ભાગ હતા. તેથી દેખીતી રીતે રાજા અને તેના અમલદારો તેમના ઉપર કડક અંકુશ રાખતા.

આમ, મૌર્ય શાસનકાળ દરમિયાન કાચો માલ અને મનુષ્ય શક્તિ આ બે મુખ્ય પૂર્વ-જરૂરિયાતોના ઉપયોગ અને નિયંત્રણને કારણે જ કૃષિવિકાસ થઈ શક્યો. હવે પછી આપણે ખાસ કરીને ગંગાની ખીણમાં થયેલ ભૌતિક અને આર્થિક વિકાસને વિગતે જોઈશું. તે જ રીતે મૌર્ય-શાસન દરમિયાન ભારતના અન્ય ભાગોમાં સામાન્ય રીતે શો વિકાસ થયો તે જોઈશું.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. નીચેનાં વિધાનોમાંથી કયાં ખરાં (✓) અથવા ખોટાં (✗) છે તેની નિશાની કરો :
   - ક. શૂદ્રોને મોટા પાયાની ખેતીના કામમાં જોતરવામાં આવતા. ( )
   - ખ. લોખંડની ટેકનોલૉજીના ઉપયોગે કૃષિ વિકાસના ઘણા મોટા વિસ્તારમાં મદદ કરી. ( )
   - ગ. મૌર્ય સમયના ભારતનાં બધાં ગામડાંઓ રાજ્યના સીધા અંકુશ હેઠળ હતાં. ( )
2. મૌર્યોના શાસનમાં ગંગાની ખીણમાં થયેલ ભૌતિક ફેરફારોની યાદી ચાર લીટીમાં લખો.

   ......................................................................................................................

   ......................................................................................................................

   ......................................................................................................................

   ......................................................................................................................
3. શા માટે લોખંડ કૃષિ વિકાસના સ્વરૂપને ફેરવી નાંખવા શકિતમાન હતું? બે-ત્રણ પંક્તિમાં લખો.

   ......................................................................................................................

   ......................................................................................................................

   ......................................................................................................................

## 19.3 ખેતી અને જમીન મહેસૂલ (Agricultural and Land Revenue)

આ વિભાગમાં આપણે કૃષિ અર્થ વ્યવસ્થાનાં સામાન્ય લક્ષણો અને જમીન મહેસૂલની વ્યવસ્થા અંગે ચર્ચા કરીશું.

### 19.3.1 કૃષિ અર્થવ્યવસ્થાનાં સામાન્ય લક્ષણો (General Features of Agrarian Economy)

આ પહેલાંના વિભાગમાં આપણે જોયું કે કાયમી ગામડાંઓની વસાહતોને અર્થશાસ્ત્રમાં કૃષિ અર્થ વ્યવસ્થા ફેલાવાની પ્રવૃત્તિ તરીકે ઓળખાવી હતી. આ વસાહતોએ મજબૂત અને સ્થિર સંપત્તિનો સ્રોત આપ્યો જેમાંથી રાજ્ય કર વસૂલાત અને જમીન મહેસૂલનો મોટો ભાગ ખાતરીપૂર્વક ખેંચી શકતું. આ વસાહતની રીતને **જનપદનિવેશ** તરીકે કહેવાતી. પણ તેનો ફેલાવો કેવી રીતે થયો તે સ્પષ્ટ રીતે જણાયું નથી. આર.એસ. શર્મા પ્રમાણે ગંગાના તટપ્રદેશનો મોટો ભાગ આ પદ્ધતિ પ્રમાણે ખેતી નીચે લાવવામાં આવ્યો તેમ માની લેવું વાજબી ગણાશે અને કેટલોક પ્રયત્ન દૂરનાં ક્ષેત્રોમાં પણ થયો છે.

ખેતીનો વિકાસ એટલે ખેડુત વધુ ને વધુ અગત્યની ભૂમિકા ધારણ કરવા લાગ્યો. મેગેસ્થિનીસ ભારતીય સમાજ અને તેના સાત વર્ગોમાંના ભાગને પોતાના હેવાલમાં ખેડૂતોને બીજા વર્ગમાં મૂકે છે. જે પહેલાં માત્ર તત્ત્વજ્ઞાનીઓનો વર્ગ બતાવે છે અને ત્યાર બાદ ત્રીજા વર્ગમાં સિંચાઈઓને બતાવે છે. જોકે ભારતીય સમાજના વિભાગોની તેની સમજ પૂરેપૂરી સાચી નથી. ખેડૂતો તરફ તેનું ધ્યાન ખેંચાયું, કારણ સંખ્યાની રીતે જમીનને વરેલો વર્ગ મોટો હતો. શિષ્ટ સાહિત્યના પુરાવાઓ ખાસ કરીને નોંધે છે કે ખેડૂતો આયુધો વગરના હતા. મેગેસ્થિનીસ પણ કહે છે કે યુદ્ધ દરમિયાન ખેડૂતોને બાકાત રાખવામાં આવતા હતા. આ વિધાન માનવું મુશ્કેલ છે, કારણ કલિંગના યુદ્ધ દરમિયાન અને અશોકના શિલાલેખોમાં મૃત્યુ પામેલાઓનો અને દેશનિકાલનો જે આંકડો બતાવેલો છે તેમાં ચોક્કસપણે મોટી સંખ્યામાં ખેડૂતોનો સમાવેશ થયેલો હોવો જોઈએ.

આપણે હમણાં જ જોયું કે કેટલીક જમીન SITA અથવા ઉત્કૃષ્ટ જમીન હતી. આ ક્ષેત્રોમાં રાજા અને રાજ્યના માલિકીના હક્કો, ખેડાણ, ગીરોખત અને વેચાણ સ્વાભાવિક રીતે ચઢિયાતા હતા. ટૂંકમાં **અર્થશાસ્ત્ર સિતાધ્યક્ષ** અથવા ખેતીના નિરીક્ષકનો ઉલ્લેખ કરે છે. અને તે અહીં કદાચ ખેડાણનાં કાર્યોની દેખરેખ રાખતો. આ પ્રદેશ સમગ્ર રીતે ફળદ્રૂપ અને વધારે ઉત્પાદનને યોગ્ય હતા. રાજ્યનાં મૂળ ખેતરોને ઓળખવાનું મુશ્કેલ છે. પ્રાક્મૌર્યકાળમાં

તેનું મૂળ મોટી જાગીરમાં હોય અને કોઈ વ્યક્તિ પોતે તે જમીનનો માલિક હોય. આ એ જ જમીનો હતી કે જ્યાં ગુલામો રાજ્યના સીધા નિરીક્ષકની નીચે ગોઠવવામાં આવતા. અર્થશાસ્ત્રમાં ઉચ્ચ કક્ષાની ખેતીવાડીની તકનિકોનું જ્ઞાન ખૂબ વિગતે વર્ણવેલું છે. તે ઘણું કરીને આ જમીનો બાબતનું હોઈ શકે.

મૌર્ય રાજ્યના બીજા પ્રદેશોમાં ખેતી **જનપદ** મુલક તરીકે ઓળખાતો. સંભવ છે કે તે ખાનગી રાહે થતી હશે. જાતકકથામાં વારંવાર ગૃહપતિ અને ગ્રામભોજકના ઉલ્લેખો આવે છે. આ જૂથો એ ભાડૂતી મજૂરોને કામે લગાડ્યા હોય અને એ જમીનની માલિકી કુલીન માણસોની શક્તિ બતાવતી. આથી ઊલટું મજૂરોની દયાજનક સ્થિતિનાં વર્ણનો છે અને કેટલીક વખત ગુલામો તરીકે બતાવેલા છે. રાજા પોતાની વ્યક્તિગત શક્તિ પ્રમાણે જમીનનો માલિક **સીત** અને **જનપદ** બંને ક્ષેત્રોમાં બની શકતો. પણ આ અંગેના સીધા ઉલ્લેખો ઉપલબ્ધ નથી. સમગ્ર ભારતની જમીન માલિકીની ગૂંચવાડાભરેલી રચનાની વિગતે ચર્ચા કરવી શક્ય નથી, કારણ માત્ર ગંગાખીણમાં જ વિવિધ પ્રકારો અસ્તિત્વ ધરાવે છે. સ્વાભાવિક રીતે ખેડાણની જુદી જુદી પદ્ધતિઓ અને જુદા જુદા થરોના ખેતીના વિકાસનો એમાં સમાવેશ હતો. અર્થશાસ્ત્ર ખેતીની જુદી જુદી કાર્ય-પદ્ધતિના વિવિધ પ્રકારો તેનું નિરીક્ષણ અમલદારોથી થતું તે અંગે ઉલ્લેખો આપે છે અને રાજ્ય કે રાજા જે જમીનના માલિકો હોય તેનો નિર્દેશ કરે છે. ઉપરાંત આ ગ્રંથના નાનકડા વિભાગમાં જમીન તથા મકાનોના વેચાણની ચર્ચા કરે છે. આ બતાવે છે કે વ્યક્તિઓ ખેતીલાયક નાની જમીનોના માલિક બની શકતા અને તેને પોતે જાતે ખેડી શકતા.

રાજ્યની માલિકીની જમીનમાં ખેતીની સિદ્ધિનું સૌથી અગત્યનું કારણ રાજ્યે આપેલી નહેરની સગવડનું. ખેડૂતોના લાભને માટે પાણી આપવાના કાનૂન અંગેના નિયમો હતા. મેગેસ્થિનીસ જણાવે છે કે ઘણા અમલદારોની નિમણૂક કરવામાં આવી હતી કે જેઓ જમીન માપતા અને જેની મારફતે પાણી નહેરની શાખાઓમાં છોડવામાં આવતું એવા ગરનાળાઓની તપાસ રાખતા. નહેરની સગવડો બીજા પ્રદેશોમાં પણ થઈ તેમ જ નહેર અંગેના કરનું સૂચન કરેલું છે જે અર્થશાસ્ત્રમાં ઉત્પન્નનો પાંચમો, ચોથો કે ત્રીજો હિસ્સો બતાવેલો છે. આ કર માત્ર નહેરથી પાણી પૂરું પડાતું તે જમીન ઉપર જ પડતો. એમ અનુમાન કરી શકાય કે જે પ્રદેશમાં વરસાદની અછત હતી ત્યાં રાજ્યે નહેરની સગવડો વ્યવસ્થિત કરી હતી. આ પ્રદેશોમાં નિયમિત પાણી પહોંચાડવાથી પાક નિયમસરનો થવાની ખાતરી રહેતી. ચંદ્રગુપ્તમૌર્યના સુબાઓમાંના એક પુષ્યમિત્રે, કહેવાય છે કે સૌરાષ્ટ્રમાં ગિરનારની પાસે જળાશય કરવા માટે એક બંધ બાંધ્યો અને આ જળાશય **સુદર્શન તડાગ** નામે જાણીતું હતું. આ જળાશય એટલું બધું વિખ્યાત હતું કે તેનો ઇતિહાસ લગભગ 800 વર્ષ એટલે કે ઈ.સ.ના પાંચમા સૈકાના મધ્ય ભાગ સુધી શોધી શકાય છે.

### 19.3.2 જમીન મહેસૂલ અને વ્યવસ્થાતંત્ર (Land Revenue Organisation)

શિષ્ટ સાહિત્યના લેખકો નોંધે છે કે કેટલાંક ગામડાંઓને કરમાંથી મુક્તિ આપેલી હતી. કદાચ આવા અપવાદ જૂજ હશે. એમ કહેવાય છે કે આ અપવાદનું કારણ આ ગામડાંઓએ રાજ્યને સિપાઈઓ પૂરા પાડ્યા હોય. વળી વિદ્વાનોએ બીજું સૂચન કર્યું છે કે તદ્દન કુદરતી-વગર ખેડેલી જમીન(Virgin Soil)ને ખેડાણ નીચે લાવવા માટે કેટલાંક ગામડાંઓને ટૅક્સમાંથી કેટલાક સમય માટે મુક્તિ આપી હોય.

મૌર્ય રાજ્યને અગત્યની સંપત્તિની જરૂરિયાત જમીન મહેસૂલમાંથી મેળવી શકાતી. આથી જમીન મહેસૂલનું ભંડોળ કુનેહથી વ્યવસ્થિત કરેલું હતું જેથી લોકો પાસેથી શક્ય તેટલો વધારો લઈ શકાય. વારંવાર એમ બતાવેલું છે કે પ્રાચીન ભારતમાં કરની પદ્ધતિના સુધારાનો ઇતિહાસ તે મૌર્ય રાજ્યનું સીમાચિહ્ન બને છે. મૌર્યો માટે મહેસૂલનું મૂલ્ય ઘણું હતું અને આ ખાતાની સંભાળ માટે સૌથી મોટો અમલદાર સમાહર્તા હતો. રાજ્યની તિજોરીનો મુખ્ય કબજેદાર **સન્નિધાતા** હતો. મહેસૂલ એકત્ર કરવાની સાથે **સન્નિધાતાની** ફરજ પણ તેના સંગ્રહ માટે (વખારની) સગવડ કરવાની થતી.

શિષ્ટ સાહિત્યના લેખકો નોંધે છે કે ઉત્પાદનનો 1/4 ભાગ ખેડૂતો દ્વારા કરમાં અપાતો. તેઓ જણાવે છે કે તેઓ ખંડણી પણ આપતા. જમીનનો કર (ભાગ) મહેસૂલની મુખ્ય બાબત હતી. ગ્રંથોના કહેવા પ્રમાણે ઉત્પાદનના 1/16ના ભાગનો દર ફરજિયાત વસૂલાતનો હતો. પરંતુ મૌર્ય સમયમાં શક્ય છે કે તેનો ખૂબ ઊંચો અને વસૂલાતનો દર 1/4 ઉત્પાદન પ્રમાણે હશે. અશોકના લુમ્બિનીના શાસનમાં જણાવેલું છે કે જ્યારે તેણે લુમ્બિની (બુદ્ધનું જન્મસ્થળ)ની મુલાકાત લીધી ત્યારે તેણે ત ગામને **બલિ**માંથી મુક્તિ આપી અને **ભાગ**નો હિસ્સો ઓછો કરી 1/8 કર્યો. અશોકને બુદ્ધ પ્રત્યે મહાન આદર હોવા છતાં પણ સમ્રાટને ગામને કર આપવામાંથી સંપૂર્ણ મુક્ત કરવાનું ઉત્તેજન ન મળ્યું.

પાકનો હિસ્સો આપવાનો તે બીજો રસ્તો રાજ્યને ખેતીની સંપત્તિ એકત્ર કરવાનો હતો. આવા પાકનો હિસ્સો આપનારને સૌ પ્રથમ બીજ, બળદ વગેરે આપવામાં આવતા અને ખેડાણને લાયક જમીન અપાતી. આ પ્રકારની પરિસ્થિતિમાં ખેડૂતો સંભવતઃ પોતાની પેદાશનો અડધો હિસ્સો રાજ્યને આપતા.

કરો ઉપરાંત ખેડૂતોને બીજા પ્રચલિત કર મોટા પ્રમાણમાં આપવા પડતા. મૌર્યોએ બીજા નવા કર દાખલ કર્યા અને જે અસ્તિત્વમાં હતા તેને વધારે અસરકારક બનાવ્યા. ખેડૂતો જે કર આપતા તે **પિંડકર** કહેવાતો. ખેડૂતો કર આપતા હતા કે જે ગામડાંના સમૂહ ઉપર નંખાતો. આ પણ રિવાજ મુજબનો હતો. ગામડાંઓએ રાજ્યનું લશ્કર પોતાના મુલકમાંથી પસાર થાય ત્યારે તેમને વારંવાર ખાદ્ય-સામગ્રી પૂરી પાડવામાં આવતી અને

સ્વાભાવિક રીતે આ રીતે તેમનો બોજો વધતો. **હિરણ્ય**નો સ્પષ્ટ ખ્યાલ જાણીતો નથી પણ કદાચ તે રોકડમાં અપાતો કર હોય કારણ **હિરણ્ય**નો શબ્દાર્થ સોનું છે. **બલિ** પરંપરા પ્રમાણે તેનો અર્થ કરની વસૂલાત વેદના સમયથી જાણીતો છે. અને મૌર્યના આશ્રયે પણ ચાલુ રહ્યો. ઉપરના જે બધા કરો કૌટિલ્યે તેના **અર્થશાસ્ત્ર**માં વર્ણવ્યા છે તે ખેડૂત વર્ગ ઉપર ઘણો બોજો હોવો જોઈએ. છતાં તે સૂચવવાનું ચાલુ રાખે છે કે કોઈ પણ સંજોગોમાં રાજ્યને જરૂરિયાતમાં ખેંચ પડે તો બીજાં કેટલાંક મહેસૂલ સંબંધી પગલાં કટોકટીના સમયમાં વાપરી શકાય. દા.ત. આવું એક પગલું તે **પ્રણય** કર વસૂલાત જેનો શબ્દાર્થ પ્રેમથી બક્ષિસ આપવી. આવો કર સૌ પ્રથમ પાણિનિએ બતાવ્યો છે અને તેને **અર્થશાસ્ત્ર**માં પ્રથમ વખત વિસ્તૃત કરીને જણાવ્યો છે. જમીનના સ્વરૂપ પ્રમાણે તે 1/3 અથવા 1/4 જેટલી રકમ થાય. તેને સામાન્ય રીતે ઐચ્છિક બક્ષિસ તરીકે ઓળખાવે છે પણ એક વખત તેનો અમલ થયો પછી વાસ્તવમાં તે ફરજિયાત બની હશે. વળી, કટોકટીના સમયમાં ખેડૂતોને બે પાક ઉછેરવાની ફરજ પાડી શકાય. આવાં પગલાંના મહત્ત્વ પર **સતી** માટે ભાર મૂકવામાં આવતો કારણ દેશે અનેક દુકાળોનો સામનો કર્યો: આવા કપરા સમયમાં મહેસૂલના ભંડોળનો સંગ્રહ પણ સ્વાભાવિક રીતે ઓછો થયો હશે.

જમીન મહેસૂલ મૌર્ય અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ હતી. **અર્થશાસ્ત્ર** ખૂબ સાવધાનીપૂર્વક રાજ્યની મહેસૂલ પદ્ધતિના વિચાર કરે છે. ગામડાંના જુદા પ્રકારો ખાસ બતાવે છે કે જેના ઉપર કર નાંખી શકાય, કારણ પ્રદેશે પ્રદેશે જમીનની ફળદ્રુપતા અલગ હોય. મહેસૂલ ઉઘરાવનાર અને આંકણી કરનારના વર્ગ ઉપર પણ ધ્યાન સવિશેષ આપવામાં આવ્યું છે. એ જમાનામાં મૌર્ય રાજ્ય ખાસ કરીને મોટા પ્રદેશોમાં સારા એવા પ્રમાણમાં જમીન મહેસૂલ નિશ્ચિત કરી લેતા હશે કારણ, તે સિવાય સરકારી તંત્ર અને લશ્કરને જાળવી રાખવું મુશ્કેલ બને.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. કૉલમ I ના સંસ્કૃત શબ્દોને તેમના પર્યાયના અર્થ કૉલમ II સાથે મેળવો અને સાચા (✓) જવાબને શબ્દ સંજ્ઞા જે નીચે આપી છે તેમાં નિશાન કરો.

| કૉલમ I | કૉલમ II |
|---|---|
| 1. જનપદ નિવેશ | ક. જમીન-માલિક (જમીનદાર) |
| 2. સિતાધ્યક્ષ | ખ. શ્રેષ્ઠ કલગીસમાન જમીનનો અમલદાર |
| 3. ગૃહપતિ | ગ. મહેસૂલ આંકનાર |
| 4. સમાહર્તા | ઘ. પતાવટની પદ્ધતિ |

| | | | | |
|---|---|---|---|---|
| ક. | I | II | III | IV |
| | A | B | C | D |
| ખ. | I | II | III | IV |
| | D | E | A | C |
| ગ. | I | II | III | IV |
| | D | B | A | C |
| ઘ. | I | II | III | IV |
| | C | B | D | A |

2. નીચેનામાંથી કઈ મહેસૂલની બાબતોમાંની એક રોકડમાં એકત્ર કરાતી હતી તેમાં નિશાની (✓) કરો.

ક. કર

ખ. ભાગ

ગ. હિરણ્ય

ઘ. પ્રણય

3. મહેસૂલ સંબંધી પગલાં કટોકટી વખતે રાજ્યે લેવાની આશા રખાતી તેની યાદી પાંચ પંક્તિમાં કરો.

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

4. મૌર્ય સમયના મુખ્ય કરો અને મહેસૂલ અધિકારીઓની યાદી કરો.

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

## 19.4 વ્યાપાર અને નગરો (Trade And Towns)

મગધના સામ્રાજ્યની બિન-કૃષિ અર્થવ્યવસ્થા એકબીજા સાથે સંકળાયેલા એવા બે વિકાસોની આસપાસ વીંટળાયેલી હતી :

1. વેપાર અને વાણિજ્યનો વિસ્તાર, અને
2. નવાં નગરો અને બજારોની સ્થાપના

કૃષિ અર્થવ્યવસ્થાના વિકાસે મૌર્ય સામ્રાજ્યના અર્થવ્યવસ્થાનો મજબૂત પાયો નાખ્યો હતો અને તે ખાસ કરીને ગંગાની ખીણનો તે વાણિજ્યની અર્થવ્યવસ્થાનો વિકાસ હતો અને તેણે દેશના બીજા ભાગોમાં સંપત્તિનો પાયો વધારવામાં ઉત્તેજન આપ્યું હતું.

### 19.4.1 વ્યાપારની વ્યવસ્થા (Organisation of Trade)

આ સમય દરમિયાન વેપાર એકાએક વિકાસ પામ્યો ન હતો. મૌર્ય સમયના ઘણા પહેલાંના આર્થિક ફેરફારની ખાસ્સી લાંબી પ્રક્રિયાનો તે ભાગ હતો. જાતક કથાઓ વારંવાર ઉલ્લેખો કરે છે કે વણજારા વેપારીઓ માલનો મોટો જથ્થો દેશના જુદા જુદા ભાગોમાં લઈ જતા. મૌર્ય રાજ્યે સુરક્ષા પૂરી પાડી હોવાથી આંતરિક વેપાર ખીલવા શક્તિમાન થયો. મોટા ભાગના વેપારી માર્ગો પશ્ચિમ એશિયા અને મધ્ય એશિયાના ભારતના વાયવ્ય કોણમાંથી પસાર થતા. ઉત્તર ભારતના મુખ્ય વેપારી માર્ગો ગંગાનદી અને હિમાલયની તળેટીથી પસાર થતા. મુખ્ય કેન્દ્રો રાજ્યગૃહમાં મગધ અને કોસામ્બી હાલના અલ્હાબાદ પાસે આ રસ્તે જોડાયેલાં હતાં. મૌર્યોની રાજધાની પાટલિપુત્રનું સ્થાન ખાસ કરીને વ્યૂહાત્મક હતું અને તે નદી અને ચારે બાજુના રસ્તાઓથી જોડાયેલું હતું. ઉત્તરનો રસ્તો એવા સ્થળેથી પસાર થતો હતો જેમકે શ્રાવસ્તિ અને કપિલવસ્તુ વૈશાલી શહેર મારફતે જોડાયેલા હતા. કપિલવસ્તુથી આ માર્ગ કલસી (Kalsi), હઝરા અને આખરે પેશાવર સાથે જોડાતો હતો. જમીન માર્ગ ઉત્તર-પશ્ચિમને પાટલિપુત્ર સાથે જોડતો હતો. એમ મેગેસ્થિનીસ પણ નોંધે છે. દક્ષિણમાં તે મધ્ય ભારત અને અગ્નિકોણમાં કલિંગ સાથે જોડાતો. પૂર્વનો રસ્તો દક્ષિણ તરફ વળ્યો અને તે છેવટે આંધ્ર અને કર્ણાટક સુધી પહોંચ્યો. પૂર્વના માર્ગનો બીજો ભાગ ગંગાના ડેલ્ટા પ્રદેશથી તામ્રલિપિ સુધી ચાલુ રહ્યો અને તે દક્ષિણ અને દક્ષિણ-પૂર્વના બહાર જવા માટેના રસ્તા તરીકે તેણે કામ કર્યું. કોસામ્બીથી પશ્ચિમ તરફ જતાં બીજો રસ્તો ઉજ્જૈન તરફ ગયો. આ રસ્તો આથી આગળ પશ્ચિમમાં ગુજરાતના કિનારા અથવા પશ્ચિમ-દક્ષિણથી આગળ નર્મદા તરફ વળ્યો અને તે દક્ષિણાપથ (દક્ષિણનો માર્ગ) તરીકે ઓળખાતો ઉપરનો જમીન માર્ગ પશ્ચિમનાં શહેરોથી પશ્ચિમ તરફ વાયા તક્ષિલા ઇસ્લામાબાદ પાસે ગયો.

ભારતના ઉપખંડના વિવિધ ભાગો સાથેનો વ્યવહાર ખૂલવા સાથે વસાહતોના વિકાસનું સીધું પરિણામ આવ્યું અને તેણે એક સ્થળેથી બીજે સ્થળે જવા આવવાની સગવડ ઊભી કરી. સ્વાભાવિક રીતે તેણે વેપારને જીવતદાન આપ્યું. આંતરિક વેપારને મોટા પ્રમાણમાં લાભ થયો કારણ, નદીનો જળમાર્ગ સુધર્યો હતો અને જંગલો ખીણોની આસપાસના રાજ્યના આશ્રયે સાફ થયાં હતાં. બિંદુસાર અને અશોકના આશ્રયે રાજ્યની નીતિ શાંતિની અને ગ્રીકો સાથે મૈત્રીભર્યા સંબંધોથી પરદેશી વેપારને પણ સાથોસાથ વેગ મળ્યો.

વેપાર જુદી જુદી પદ્ધતિએ થતો હતો. તે આંતરિક રીતે ઉત્પાદન અને તેના વ્યવસ્થાતંત્ર સાથે જોડાયેલો હતો. મુખ્યત્વે ઉત્તર ભારતમાં હુન્નરનું ઉત્પાદન ધંધાદારીઓના મંડળ (શ્રેણી) દ્વારા થતું હતું. પ્રાક્મૌર્ય સમયમાં પણ તેવી જ રીતે હતું. મૌર્યના આશ્રયે કારીગરોનાં જૂથોની સંખ્યા વધવા લાગી અને આવી ધંધાદારી મંડળીઓ વ્યવસ્થિત જુદા જુદા નગરોમાં જુદા જુદા ભાગોમાં રહેવા લાગ્યા. આવા ધંધાદારીઓ (શ્રેણી) સાથે કામ કરતા, સાથે રહેતા અને ગાઢ સગાઈ સંબંધથી જોડાયેલા હતા. હુન્નર વારસાગત હતો. અને ઘણા ખરામાં આવું કૌશલ્ય પિતા તરફથી પુત્રને મળતાં આ શ્રેણી-ધંધાદારી મંડળી અનુ મૌર્યકાળમાં વધારે શક્તિશાળી થઈ તે ઘણા શિલાલેખોમાંથી સ્પષ્ટ થાય છે. મેગેસ્થિનીસે પોતાના ભારતમાંના વસવાટ દરમિયાન નોંધેલી સાત જાતિઓમાંની એક જાતિ કારીગરોની બતાવે છે. આ સમયના ધંધાદારીઓનાં મંડળોમાં જુદી જુદી જાતની ધાતુના ગાળનારા, સુથારો, કુંભારો, ચામડા ઉપર કામ કરનારા ચમારો, ચિત્રકારો કે રંગારા, વણકરો વગેરે હતા. ઉત્તરના કાળાં

ચમકતાં વાસણ બનાવનાર તે હુન્નરથી પ્રવૃત્તિઓનું સારું દૃષ્ટાંત છે. તે માટીનાં વાસણો બનાવવાનો વિશિષ્ટ પ્રકારનો હુન્નર છે અને તે ગંગાના ખીણના બહારના પ્રદેશોમાં તેની સુલભતા મર્યાદિત જણાઈ છે. આ સ્પષ્ટ કરે છે કે આ પ્રકારનાં વાસણો માટે શહેરના આ ભાગમાં તેની વિશિષ્ટ કારીગરી વિકાસ પામી હતી અને કદાચ અહીંની ખાસ પ્રકારની માટીના ઉપયોગ ઉપર આધારિત હતી.

કારીગરોની જેમ વેપારીઓ ધંધાદારી મંડળીઓની જેમ વ્યવસ્થિત હતા. કેટલાક પ્રકારના વેપારીઓ અમુક પ્રકારના કારીગરોનાં જૂથો સાથે સંકળાયેલા હતા તેથી માલની સહેલાઈથી વહેંચણી થઈ શકતી. તેઓ શહેરના ચોક્કસ ભાગમાં વસતા અને તે ભાગ તેમના ધંધાની સાથે સાંકળવામાં આવ્યો.

તે નોંધવું અગત્યનું છે કે મૌર્યના શાસનમાં રાજ્ય વહીવટે વેપારના તંત્રને હસ્તક લીધું. વહીવટના અંકુશને કારણે ઉત્પાદન અને વહેંચણી વધારે કાર્યક્ષમ થઈ. તેનો અર્થ એવો નથી કે તેણે તેમાં સીધું માથું મારવા માંડ્યું અને ધંધાદારી મંડળીઓના વ્યવસ્થાતંત્રને બદલી નાંખ્યું. તેણે તેમના માલની વહેંચણી ઉપર અંકુશ રાખવા માંડ્યો અને તેઓ પોતે પણ ઉત્પાદક બન્યા. બીજી બાજુએ તેણે ધીમે ધીમે કેટલાક હુન્નરોને નાના-નાના ઉદ્યોગોમાં ફેરવી નાંખ્યા. રાજ્યે આ પ્રમાણે કેટલાક કારીગરો જેવા કે બખ્તર બનાવનાર, વહાણ બાંધનારા, પથ્થરનું બાંધકામ કરનારા વગેરેના સીધા નોકરીમાં રાખ્યા. તેઓને કર રાહત આપવામાં આવી કારણ તેઓ રાજ્યને ફરજિયાત મજૂરીની સેવા આપતા હતા. બીજા કારીગરો જેવા કે કાંતનારા, વણનારા, ખાણિયા વગેરે જેઓ રાજ્ય માટે કામ કરતા હતા તેઓને કર આપવો પડતો.

ઉપર બતાવેલાં પગલાં વેપારને વ્યવસ્થિત કરવા અને વસ્તુઓનું ઉત્પાદન રાજ્યની નીતિનો એક ભાગ હતો. આ નીતિનું ધ્યેય કાર્યનિપુણતા આર્થિક ક્ષેત્રની પ્રવૃત્તિઓમાં અને તેનું મહેસૂલ વધારવાનું હતું. મેગેસ્થિનીસ નોંધે છે કે વાણિજ્યના નિરીક્ષકની ફરજ રહેતી કે માલની કિંમત નક્કી કરે અને કોઈ વસ્તુનો ભરાવો જણાય તો તેમાં તે હસ્તક્ષેપ કરે. અર્થશાસ્ત્રમાં તેને **પણ્યાધ્યક્ષ** તરીકે ઓળખાવેલો છે. આ ગ્રંથમાં જુદા જુદા અમલદારોની યાદી આપેલી છે, જેઓ જુદી જુદી આર્થિક પ્રવૃત્તિઓની સંભાળ રાખતા. સંસ્થાધ્યક્ષની કચેરી બજાર ઉપર ધ્યાન રાખતી અને વેપારીઓની ખરાબ પદ્ધતિઓ ઉપર પણ દાબ રાખતી. પૌતવાધ્યક્ષ અથવા તોલ-માપના નિરીક્ષક સખત અંકુશ ચોક્કસ ધોરણનાં તોલ અને માપ જાળવવા માટે રાખતા. માલની અવરજવરની સગવડ માટેના રાજ્યના વહાણ નવાધ્યક્ષની દેખરેખ હેઠળ મુકાતા. તે નદીના માલના હેરફેરની નિયમિતતા અને વહાણના દરને એકત્ર કરતા. વેપારીઓને કર અને જકાત 1/5 થી 1/25 સુધી તેમના માલની કિંમત પ્રમાણે લેણા નીકળે તે આપવા પડતા. આને જકાત નાકાનાં અધ્યક્ષ એકત્ર કરતા. તેને શુલ્કાધ્યક્ષ કહેવાય છે.

જ્યાં માલ રાજ્ય ઉત્પન્ન કરે, ત્યાં જુદી જુદી કક્ષાના અમલદારો વિવિધ ખાતાનું ધ્યાન રાખતા. આ માલને રાજપણ્ય કહેતા. રાજ્ય વસ્તુના ઉત્પાદન અને વેપારનાં એવાં ક્ષેત્રો પસંદ કરતું, જે એમના સંચાલન માટે અગત્યનું અને સારું મહેસૂલ આપનાર હોય. કેટલીક વાર રાજ્યનો માલ ખાનગી વેપારીઓ દ્વારા વેચાતો કારણ તેમનું વહેંચણીનું કાર્ય વધારે વ્યવસ્થિત અને વિશાળ હતું. ઉપર પ્રમાણેના બધા ફેરફારો હોવા છતાં મોટા ભાગના કારીગરો વ્યક્તિગત રીતે અથવા તેમની ધંધાદારી મંડળી(શ્રેણી)ના સંયુક્ત માળખામાં રહેતા. તેમ અનુમાન કરવું યોગ્ય છે. શ્રેણીએ ઘણા અગત્યના કામના સંયોજક, નાના ઉત્પાદકોના સંઘ અને ઘણા અગત્યનાને કાબૂમાં રાખવાનું કાર્ય કરવાનું ચાલુ રાખ્યું. વળી કારીગરો પણ તેમાં જોડાવાનું લાભદાયી ગણતા કારણ, એક જ ધંધાર્થીના બીજાઓ સાથેની સ્પર્ધા અને એકલા કામ કરવાના ખર્ચા તેથી ઓછા થવા લાગ્યા. રાજ્યોના દૃષ્ટિબિંદુ પ્રમાણે ધંધાદારી શ્રેણીઓ પાસેથી કર ઉઘરાવવામાં સરળતા થતી. અંતમાં, તેઓ સ્થાનિક ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા અને અમુક પ્રકારના હુન્નરોની કાર્યવિચક્ષણતાને કારણે તે પ્રકારના વેપારને વધારે મજબૂત કરતા. જોકે આ સમય દરમિયાન ભારતના બધા ભાગોમાં ધંધાદારી શ્રેણીઓ વિકસી ન હતી તેવું તારણ આપણે આપવું જોઈએ. ખાસ કરીને અનુમૌર્યકાળમાં છેક દક્ષિણમાં આ શ્રેણીઓને શોધવી મુશ્કેલ છે. મુખ્યત્વે ધંધાદારી શ્રેણીઓને વિકસવા માટે શહેરી વાતાવરણની પૂર્વશરત હતી જે તરફ હવે વળીએ.

### 19.4.2 શહેરી અર્થવ્યવસ્થાનો વિકાસ (Growth of Urban Economy)

પ્રાક્મૌર્ય કાળમાં શહેરીકરણની પ્રક્રિયા જે શરૂ થઈ તે મૌર્ય સમયમાં પણ તેનો આગળ વિકાસ થયો. વસ્તીના બે મુખ્ય વિભાગો શહેરમાં રહેતા જેમ કે કારીગરો અને વેપારીઓ તેમ જ સરકારના અમલદારો. શહેરી અર્થવિન્યાસનાં લક્ષણો માલ ઉત્પાદકોની પ્રવૃત્તિઓ અને વેપારીઓ તેમ જ લેવડદેવડની પદ્ધતિ ગંગાખીણથી પશ્ચિમ અને મધ્ય ભારતના બીજા પ્રદેશોમાં, દખ્ખણ અને દક્ષિણ ભારતમાં ફેલાઈ. ગ્રામ્ય વસાહતોમાં વધારો અને **ગૃહપતિની** સમૃદ્ધિથી શહેરી કેન્દ્રોનો સામાજિક ન્યાય વિકસ્યો. ઘણી બાબતોમાં ગ્રામ્ય શ્રીમંત કુટુંબોએ નગરો સાથે સંબંધો વિકસાવ્યા અને વેપારી જૂથોએ જરૂરી આર્થિક મદદ પૂરી પાડી.

આ એકમમાં મૌર્ય તબક્કાના ભૌતિક અવશેષોની ચર્ચા કરીને દર્શાવ્યું કે શહેરી કેન્દ્રો આ સમય દરમિયાન ચોક્કસ રીતે વધ્યા હતા. જોકે આ વિકાસ માપવાનું અશક્ય છે. કૌટિલ્યના **અર્થશાસ્ત્ર** પ્રમાણે આપણે જાણીએ છીએ કે **દુર્ગનિવેશ** અથવા **દુર્ગવિધાન**ની પ્રક્રિયાથી રાજ્યે દીવાલોવાળું નગર તૈયાર કર્યું. આ નગરો પુરોહિતો, ઉમરાવો, સૈનિકો, વેપારીઓ, કારીગરો અને બીજા લોકોથી યુક્ત હતું, એમ કહેવાય છે. આ ગ્રંથમાં નગરનું

સંરક્ષણ, તેનું આયોજન જેથી તેના આર્થિક નિયમોના પાલનનું વિસ્તૃત વર્ણન છે. **અર્થશાસ્ત્ર** નગરો (દુર્ગો) ને જનપદોની જેમ મહેસૂલના અગત્યના સાધન તરીકે જુએ છે. નગરોમાંથી એકત્ર કરેલું મહેસૂલ રાજ્યને સારું એવું પ્રાપ્ત થવાને કારણે મૌર્યોએ નગરોના વિકાસ અને વહીવટને ઘણી અગત્યતા આપી. ટૂંકમાં દુર્ગ અથવા રાજધાનીમાં રહેતા ધંધાદારીઓ પાસેથી કર લેવામાં આવતા એવા નિર્દેશથી આપણને એવી છાપ પડશે કે જેઓ ગ્રામ પ્રદેશમાં રહેતા તેઓને કરમાંથી મુક્તિ મળતી, આનું કારણ એ હોઈ શકે છે કે નગરના લોકોનું નિયમન કરવું વધુ સરળ હતું.

મેગેસ્થિનીસે આપેલા મૌર્ય રાજધાનીના વિસ્તૃત વર્ણનથી નગરોનો વહીવટ કેમ ચાલતો અને શહેરી અર્થવ્યવસ્થાનો કયો મુલક રાજ્યના લાભ માટે વ્યવસ્થિત કરાતો એનો થોડો ખ્યાલ આવે છે. તે કહે છે કે પાટલિપુત્રનો વહીવટ 30 અમલદારો કરતા હતા અને તેઓને છ સમિતિઓમાં અને દરેકમાં પાંચ પાંચ સભ્યો હોય તેમ વિભાગવામાં આવ્યા હતા. આ છ સમિતિઓમાંની ચાર આર્થિક પ્રવૃત્તિઓ સંબંધિત હતી. આ સમિતિઓ ટેકનોલૉજી, વેપાર અને વાણિજ્ય, માલના ઉત્પાદનના જાહેર વેચાણ અને વેચાયેલી ચીજો ઉપર કર એકત્ર કરવાની હતી. અને બાકીની બે સમિતિઓ વિદેશીઓના કલ્યાણ માટેની હતી અને જન્મમરણની નોંધ રાખતી. શહેરોમાં કાયદો અને વ્યવસ્થાના સામાન્ય વહીવટ આર્થિક પ્રવૃત્તિઓ બરાબર કામ કરે તેની ખૂબ અગત્યતા હતી.

ઉપરનું વર્ણન મૌર્ય સામ્રાજ્યના હાર્દ સમા વિકસિત અને એવાં જ મોટાં શહેરોને પણ લાગુ પડે છે. પૂરતી માહિતીના અભાવે નાનાં નાનાં શહેરો બંદર-નગરો અને યાત્રાનાં કેન્દ્રોના વહીવટની ચોક્કસ માહિતી આપવી શક્ય નથી. અગત્યની વાત એ છે કે મૌર્ય આર્થિક વ્યવસ્થાના વિકાસને કારણે વિવિધ પ્રકારનાં નગરો માટે વિકસવાનું શક્ય બન્યું. વસ્તીની સ્થિરતા અને સામાજિક જૂથો વચ્ચેનાં અંદરોઅંદર કાર્યોમાં સહકાર શહેરી અર્થવિન્યાસને સમૃદ્ધ, અને તંદુરસ્ત રાખવા માટે જરૂરી હતાં. આનાથી સામ્રાજ્યના મહત્ત્વનાં કેન્દ્રો અને રાજધાનીનાં મુખ્ય શહેરોની રાજકીય સ્થિરતાને અમુક અંશે ખાતરી રહેતી.

શહેરી વ્યવસ્થાનો મહત્ત્વનો મુદ્દો એ છે કે તેણે રોકડમાં લેવડદેવડનો વિકાસ અને સિક્કાઓના ફેલાવા અંગેની પરિસ્થિતિ ઊભી કરી. જોકે ચલણી નાણાંનો ઉપયોગ પ્રારંભના સમયમાં શરૂ થયો અને તે મૌર્ય સમય દરમિયાન વધારે પ્રચલિત થયો અને તેનું મુખ્ય કારણ વાણિજ્યનો વિકાસ. વેપારમાં તેનો ઉપયોગ સ્પષ્ટ છે પણ અર્થવ્યવસ્થામાં રોકડની અગત્યનું ચોક્કસ માપ એ છે કે કદાચ તેનો ઉપયોગ અમલદારોને પગાર આપવામાં થતો હશે. **અર્થશાસ્ત્ર** આપણને પગારની મર્યાદા કે જે આપવા ધારેલી છે તેની શ્રેણી આપે છે અને તે 48,000 પણ થી 60,000 પણ સુધીનો વાર્ષિક હોય છે, આવી શક્તિશાળી રોકડ અર્થવ્યવસ્થાનું સંચાલન સિક્કાઓ છાપવા અને ધાતુઓ જેવી કે ચાંદી અને ત્રાંબાને જરૂરિયાત પ્રમાણે પૂરી પાડવી તે અગત્યની બાબત છે. મૌર્યોએ આનો અમલ કર્યાના પુરાવા અઢળક તે આ સમયના મુકરર કરી શકાય. આહત સિક્કાઓથી મુખ્યત્વે ચાંદીના સિક્કાઓ પરથી સ્પષ્ટ થાય છે. આ સિક્કાઓ મોટા પ્રમાણમાં સામ્રાજ્યના હાર્દ સમા ઉત્તર પ્રદેશ અને બિહારમાંથી મળેલા કહેવાય છે.

શહેરી અર્થવ્યવસ્થામાં ચોક્કસ પ્રકારના રાજ્યના અંકુશની જે કલ્પના છે તેમાં રાજ્યે પણ અમુક અગત્યના કાર્ય પ્રદેશોમાં પોતાનો ઇજારો પણ જાળવવો જોઈએ. આ રીતે **અર્થશાસ્ત્ર** ખાણ માટે મુખ્ય અધિકારીને **આકારાધ્યક્ષ** કહે છે. તેનું મુખ્ય કાર્ય નવી ખાણોને જોવાની અને જૂની ખાણોને ફરી ખોલવાનું દર્શાવે છે. ધાતુની ખાણોની જેમ રાજ્યના ઇજારાનું ક્ષેત્ર તે મીઠાની ખાણ છે. જુદા જુદા પ્રકારની ધાતુની અગત્ય માત્ર સિક્કા છાપવા માટે નહીં પણ હથિયારો જેવી અગત્યની ચીજોનું મૂલ્ય ઓછું આંકી શકાય નહીં. આ રીતે લોખંડના નિરિક્ષકને **અર્થશાસ્ત્રમાં લોહાધ્યક્ષ** કહેવાય છે. લશ્કરના સિપાઈઓને શસ્ત્ર સજ્જ કરવા ઉપરાંત સરકાર ખેતી માટે પણ ઓજારો ઉપલબ્ધ કરતી હશે. ખાણો ઉપરનો ઇજારો જાળવવો અને ખનીજના પેદાશોના વેપારથી મૌર્ય રાજ્ય માટે અત્યંત મહત્ત્વના કાચા માલની નિશ્ચિતિ થઈ હશે. આ પેદાશોના યોગ્ય ઉપયોગથી કૃષિ અને બિન કૃષિ વિભાગોને તેના બદલામાં તેઓને મોટો ફાયદો અને સલામતી મળી હશે.

એક વખત શહેરી કેન્દ્રો ઉપર અંકુશ અને વ્યવસ્થિત વહીવટ સ્થપાયા પછી જુદા જુદા જનપદો ઉપરનો અંકુશ આ નગરો મારફતે વધ્યો. વાણિજ્યની લેવડદેવડ વધવાને કારણે લેવડદેવડ અને વેપારનાં કેન્દ્રો ઘણી સંખ્યામાં વધ્યા. બીજા પેટાવિભાગમાં જુદા જુદા રાજમાર્ગોની ચર્ચા કરીશું જેમની મારફતે સામાજિક-આર્થિક ફેરફારો મૌર્યોના ભારતના જુદા જુદા ભાગોમાં પહોંચ્યા. અર્થ વ્યવસ્થાની જેમ મૌર્યોનો અંકુશ પણ આવાં કેન્દ્રોમાં એક પ્રદેશથી બીજા પ્રદેશમાં જુદો હતો.

### 19.4.3 મૌર્યના ભારતમાં સામાજિક અને આર્થિક ફેરફારો (Socio-Economic Change in Mauryan India)

ઉપરની ચર્ચામાંથી જણાય છે કે મૌર્ય અર્થવ્યવસ્થાનું સૌથી જુદું તરી આવતું લક્ષણ તે ખેતી, વેપાર અને ઉદ્યોગમાં રાજ્યના અંકુશ ઉપર આપવામાં આવતો ભાર હતો. અમે બતાવ્યું કે વિવિધ પ્રકારના કર રાજ્ય માટે નાંખવા જરૂરી હતા. મૌર્યરાજ્યને સંપત્તિની જરૂરિયાત ઘણી મોટી હતી. મગધના પ્રદેશ અને તેની પાસેના પ્રદેશોમાંથી જે કર પ્રાપ્ત થતાં તે તેમની જરૂરિયાતને પહોંચી વળવા પૂરતો ન હતો. તેથી દેશના બીજા ભાગોમાંથી સંપત્તિને અંકુશ હેઠળ રાખવા પ્રયત્ન થતો. દા.ત. કલિંગ, કર્ણાટકનો ઉચ્ચ પ્રદેશ અને પશ્ચિમ

ભારત કે જ્યાંથી અશોકના શિલાલેખો પ્રાપ્ત થયા છે તે આવાં ક્ષેત્રો હતાં. આવા દૂરના પ્રદેશોમાં અમુક પ્રકારની આર્થિક પ્રવૃત્તિને નિયમિત કરવા મૌર્યોએ જુદી જુદી વ્યૂહરચના કરી. અમુક પદેશોમાંથી જે પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થતી તેના સ્વરૂપ ઉપર તે આધારિત હતી. જેમકે કલિંગની જીતે ખેતી માટેના સમૃદ્ધ પ્રદેશને કાબૂ હેઠળ રાખ્યો તે જ પ્રમાણે અગત્યના વેપારી માર્ગો જે દક્ષિણ ભારતના સમૃદ્ધ ખનીજ પ્રદેશોમાંથી પસાર થતા તેને વશમાં રાખ્યા. આ પ્રમાણે આવા પ્રદેશો મેળવવા પાછળનો મુખ્ય હેતુ જેમ કર્ણાટક સોનું અને બીજાં કિંમતી ચીજોથી સમૃદ્ધ હતું તે જણાય છે.

પણ જ્યાંથી મૌર્યના શિલાલેખો પ્રાપ્ત નથી થયા તે પ્રદેશોનું શું? હાલમાં રોમિલા થાપરે દલીલ કરી છે કે મૌર્યોનો આવા પ્રદેશો ઉપરનો રાજકીય અથવા આર્થિક અંકુશનું ચોક્કસ માપ કાઢવાનું મુશ્કેલ છે. આવા પ્રદેશોનાં દૃષ્ટાંતોમાં ઉત્તર, દખ્ખણ, પંજાબ અને સિંધ અને રાજસ્થાનને ટાંકી શકાય. જ્યાં તેઓની હાજરી બતાવી શકાય છે તે પ્રદેશોની અર્થવિન્યાસની અસર તેમના ઉપર કેટલી હદ સુધી છે. એમ કહી શકાય કે આ પ્રદેશોમાં પણ મોટા પાયે પુનર્રચના થઈ ન હતી. મૌર્યોનો મુખ્ય રસ આ પ્રદેશોની સંપત્તિને લૂંટવાનો હતો. અને આને કારણે આ પ્રદેશોમાં વસતી પ્રજાના લાગવગવાળા વિભાગોની ઉપર તેઓ આધાર રાખતા. આ સમય દરમિયાન ગંગાખીણની બહારનાં વિવિધ ધોરણોના આર્થિક વિકાસને બતાવી શકાય, કારણ કે આ અસમાન વિકાસ, મૂળના અતિશય ફેરફારો અને આ બધા પ્રદેશોની પુનર્ રચના ઘણી મુશ્કેલ હતી.

**અર્થશાસ્ત્ર** અને અશોકના શિલાલેખો સામ્રાજ્યના જુદા જુદા ભાગોમાં વસતી જુદી જુદી ટોળીઓ (આટવિકો, અરણ્યચરો) વિશે આપણને કહે છે. તેઓ હંમેશાં અતિવિકસિત પ્રદેશોને અલ્પવિકસિત પ્રદેશોથી વારંવાર જુદા પાડે છે. કૌટિલ્યની શિખામણ રાજ્યને સ્થિર ક્ષેત્રીય જીવન આપીને જીતી લેવાની હતી. તે એક સંપૂર્ણ પ્રકરણમાં કેવી રીતે ટોળીઓને વ્યવસ્થિત વિખૂટી પાડવી અને તે અંગેની કેટલીક સારી કે ખરાબ પદ્ધતિઓ બતાવે છે. આને માટે પાંચથી દસ કુટુંબોના સમૂહને કાયમને માટે સ્થિર કરવાનું જરૂરી હતું કે જેથી તેઓ વધારે જમીનનું ખેડાણ કરી શકે. અશોકનું વર્તન આવા સમૂહ પ્રત્યે પિતાતુલ્ય હતું છતાં તે તેઓને ચેતવણી આપે છે કે જો કોઈ પણ સંજોગોમાં તેઓ મહામાત્રના હુકમોનો અનાદર કરે અથવા આજ્ઞામાં ન રહે તો તેઓની સામે સખત પગલાં લેવામાં આવશે.

જંગલી ટોળીઓને વશમાં રાખવાનું બે રીતે અગત્યનું હતું :

(i) પ્રથમ, નવી ક્ષેત્રીય વસાહતોને તેમના આર્થિક વિકાસને ટોળીઓ તરફથી અટકાવીને મુશ્કેલી ઊભી થાય તે માટે રક્ષણ આપવું જરૂરી હતું.

(ii) બીજું વેપારી માર્ગો સરહદ ઉપર હોય અથવા ટોળીઓના પ્રદેશમાંથી પસાર થતા હોય તેથી તેમને રક્ષણ આપવું જરૂરી હતું.

કેટલાં ટોળીનાં જૂથોને આમ ખેડૂતોમાં ફેરવ્યા તેનો ચોક્કસ ખ્યાલ આપવો મુશ્કેલ છે. પરંતુ તે પ્રક્રિયા રાજ્યના પ્રોત્સાહનની હતી એટલે તેની મહત્ત્વની નોંધ લેવી જરૂરી છે. ભારતના ઘણા ભાગોમાં પુરાતત્ત્વીય પુરાવા બતાવે છે કે વસાહતી પ્રદેશો પૂરેપૂરા વિકાસ પામેલા ન હતા. જેવી રીતે આ સમય દરમિયાનના શહેરી કેન્દ્રો વિકાસ પામેલાં હતાં. અસંખ્ય મહાશ્મીય પ્રદેશો તેમાં પણ ખાસ કરીને ઈ.સ.પૂ. ત્રીજા સૈકાના અથવા તે જ પ્રમાણે દખ્ખણ અને દક્ષિણ ભારતના ઘણા ભાગો બતાવે છે કે સાદી ખેતી અથવા ભટકતી ટોળીની જાતોને ઓજારોના ઉત્પાદનનું મર્યાદિત જ્ઞાન હતું.

ઈ.સ.પૂ. ત્રીજા સૈકામાં ભારત જેવા મોટા દેશની સાંસ્કૃતિક સૂરત સમગ્ર રીતે બદલવાનું ચોક્કસ રીતે અસંભવિત હતું. પણ તે જ સમયમાં મૌર્ય રાજ્યે કેટલાક મોટા ફેરફારો તેનાં સાધનો અને સામાજિક-આર્થિક ગોઠવણીમાં કર્યા કે તેનું ફળ તે પછીના સૈકાઓમાં પ્રાપ્ત થયું.

તેમાંના કેટલાક ફેરફારોને ટૂંકમાં દર્શાવી શકાય. મૌર્ય સામ્રાજ્યના ઘણા પ્રદેશોમાં, જેમકે ઉત્તર અને પશ્ચિમ બંગાળ, કલિંગ અને વળી દક્ષિણના પડોશી પ્રદેશો, પૂર્વકાલીન ઇતિહાસની શરૂઆતની સાંસ્કૃતિક રચના જે માત્ર મૌર્ય અને અનુમૌર્ય સમયની છે. તેનો અર્થ એ થાય કે અસરકારક માનવ વસાહતો જેવી કે નગરો અને શહેરો જુદાં જુદાં સામાજિક જૂથો સિક્કાઓ વાપરતાં, લિપિનો ઉપયોગ કરતાં, વૈભવશાળી ચીજો મહત્ત્વના પ્રસંગે વાપરતાં -- આ બધું આ પ્રદેશમાં મૌર્ય અને અનુ મૌર્ય કાળમાં થયું. આ ફરક ભૌતિક સંસ્કૃતિમાં લાગુ પડે છે. માત્ર ટેકનોલૉજીમાં અને સામાન્ય ભૌતિક જીવનમાં ફરક ન હતો પણ સામાજિક વ્યવસ્થા અને વિચારોમાં પણ ફરક પડ્યો. સમાજ વધારે સંકુલ રીતે ગોઠવાવા લાગ્યો જેના પરિણામે સામાજિક જૂથો અંદરોઅંદર જુદા પડ્યાં અને આખરે રાજ્યની સંસ્થામાં પરિણમ્યાં. પરિણામે મૌર્યો પછી સ્થાનિક સંસ્થાઓ ઘણા પ્રદેશોમાં દેખાવા લાગી. તે બતાવે છે કે મોટા સામાજિક-આર્થિક પ્રક્રિયામાં સમાજના ઉત્પાદનના વધારાની સામે ફરક સંકળાયેલો છે તે ભારતના મોટા ભાગોમાં મગધના સામ્રાજ્યના અગત્યના પ્રદેશો સાથેના સંબંધોથી થયો.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. નીચે આપેલા શબ્દોમાંથી ખાલી જગ્યા પૂરો :

   ક. અર્થશાસ્ત્રમાં ખાણોના સંભાળનો અમલદાર કહેવાતો ...... (લોકાધ્યક્ષ/આકારાધ્યક્ષ)

   ખ. કૌટિલ્ય સૌથી વધારે પગાર મેળવનાર અમલદારોની યાદી કરે છે જેમ કે 48,000 ...... (કાર્ષાપણ/પણ)

   ગ. શહેરમાં વાણિજ્યના સંપૂર્ણ નિરીક્ષકની ફરજ ...... હતી. (પણ્યાધ્યક્ષ/સમથાધ્યક્ષ)

   ઘ. રાજ્યે ઉત્પાદિત કરેલો માલ ...... કહેવાતો હતો. (દુર્ગાવિધાન/રાજપણ્ય)

2. મૌર્ય ભારતના મહત્ત્વના વેપારી માર્ગોની ટૂંકમાં રૂપરેખા આપો.

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

3. કેટલી હદ સુધી મૌર્ય રાજ્ય ચીજોનાં ઉત્પાદન અને વેપારમાં ડખલ કરતું? પાંચ લીટીમાં લખો.

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

## 19.5 સારાંશ

આ એકમમાં આપણે મૌર્ય સમય દરમિયાન ભારતમાં આર્થિક ફેરફારો સબંધી જુદા જુદા મુદ્દાઓની ચર્ચા કરી. આ વિષયના અર્વાચીન લખાણની મદદથી ભારતના બધા પ્રદેશોમાં સરખી રીતે આર્થિક અંકુશ ન વાપરનાર મૌર્યોનો પરિચય કરાવ્યો. સામ્રાજ્યના જુદા જુદા ભાગો સાથે આર્થિક સંબંધ સ્થાપવામાં તેમને મુખ્યત્વે રસ હતો. સામ્રાજ્યના મુખ્ય પ્રદેશોમાં નિયંત્રણનું પ્રમાણ ચોક્કસ રીતે સૌથી વધુ અને વધારે સીધું હતું. આ એકમમાં તમે શીખ્યા કે :

- ભૌતિક અને સામાજિક પાયાના ઉત્પાદન આર્થિક વૃદ્ધિ માટે પાયાનું છે.
- કૃષિ વિકાસના મુખ્ય તત્ત્વો અને જમીનની માલિકીનો નમૂનો.
- રાજ્ય કેવી રીતે કૃષિશેષને જુદી જુદી જમીન પર મહેસૂલ નાંખીને યોગ્ય કરતું?
- વેપારનો વેગ અને તેનું વ્યવસ્થાતંત્ર અને તેના ફેલાવા અને આર્થિક પ્રવૃત્તિના ક્ષેત્રમાં રાજ્ય કેવી રીતે અને કેટલી હદ સુધી ડખલ કરતું અને
- શહેરી અર્થવ્યવસ્થા અને ટેકેનોલૉજીના જુદા તરીકા.

## 19.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**મહાશ્મ (Megalith)** : મહાશ્મ તે બહુ સામાન્ય સંજ્ઞા છે જે મોટા પથ્થરોની વચમાં દાટવા માટે વપરાતો. મહાશ્મ સંસ્કૃતિના જુદા જુદા થરોમાં હોઈ શકે અને આજે પણ મહાશ્મો ભારતના કેટલાક ભાગોમાં બંધાય છે. આ વિભાગના સંબંધમાં મહાશ્મો ખાસ કરીને વિદર્ભ, દખ્ખણ અને દક્ષિણના પ્રદેશોની સંસ્કૃતિના સંદર્ભમાં છે. જ્યાં મહાશ્મની સંસ્કૃતિનો તબક્કો પ્રારંભના ઐતિહાસિક સંસ્કૃતિના સંબંધમાં છે જેનાં લક્ષણ છે કાયમી ઇમારતો, શહેરો અને નગરો લિપિ અને સિક્કાઓ અને રાજ્યો હતાં.

**ફેલાવો (Diffusion)** : મૂળના કેન્દ્રમાંથી ફેલાવો.

**બેઠાડુ (Sedentary)** : કાયમી ઠરીઠામ થવું.

**ગૃહપતિ** : સારી જમીનના કુટુંબોનો માલિક

**મહેસૂલ સંબંધી (Fiscal)** : આર્થિક અને નાણાંશાસ્ત્રનાં પગલાં

**શિષ્ટ પુરાવાઓ** : ગ્રીક પુરાવાઓ દા.ત. મેગેસ્થિનીસનું INDIKA (ઈન્ડિકા)

**સન્નિધાતા (Sannidhata)** : ખજાનચી.

**સમાહર્તા** : જમીન મહેસૂલની આંકણી કરનાર

**સીતા જમીન (Sita Land)** : જમીનની માલિકી/રાજા દ્વારા સીધા અંકુશ હેઠળ

**વર્ણ** : સામાન્ય રીતે તેનું ભાષાંતર 'જ્ઞાતિ' કે 'વર્ગ' થાય છે, જે બ્રાહ્મણ સમાજે પરંપરાગત રીતે ચાર ભાગોમાં વિભાજ્યા છે.

## 19.7 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. (ક) ✓ (ખ) ✓ (ગ) ✗
2. ટેકનોલૉજી ફેરફાર, શહેરીકરણની વૃદ્ધિ, ચણતરમાં પકવેલી ઈંટોના ઉપયોગ વિશે તમારે લખવું જોઈએ. જુઓ વિભાગ 19.2

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. ગ
2. ગ
3. તમારે કર પ્રણય કહેવાય છે તે અને એક કરતાં વધારે પાક પકવવા વિશે લખવું જોઈએ. જુઓ પેટા વિભાગ 19.3.2. વાંચો પેટા વિભાગ 19.3.2 અને નામોની નોંધ કરો.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. (ક) આકારાધ્યક્ષ

   (ખ) પણ

   (ગ) પણ્યાધ્યક્ષ

   (ઘ) રાજપણ
2. તમારે નદી ગંગા સાથેના મુખ્ય વેપારી માર્ગો અને બીજા માર્ગો બતાવવા જોઈએ કે જે દેશના દક્ષિણના પ્રદેશ સાથે સંકળાયેલા હોય. જુઓ પેટાવિભાગ 19.4.1
3. તમારે તમારા જવાબમાં મૌર્ય રાજ્યના વિવિધ નિયમો હુન્નરોના ઉત્પાદન અને વેપારને લગતી પ્રવૃત્તિઓ જેવી કે ચાર સમિતિઓ કે જે અર્થવ્યવસ્થાને નિયમિત કરે-જણાવવું જોઈએ-જુઓ પેટા વિભાગ 19.4.2 અને 19.4.3

# એકમ 20 વહીવટી વ્યવસ્થા અને બીજી સત્તાઓ સાથેના સંબંધો (Administrative Organisation and Relationshi With Other Powers)

રૂપરેખા


20.0 ઉદ્દેશો
20.1 પ્રસ્તાવના
20.2 પશ્ચાદ્ ભૂમિકા
20.3 કેન્દ્રીય વહીવટ-1
20.3.1 રાજા
20.3.2 મંત્રીમંડળ
20.3.3 શહેરનો વહીવટ
20.4 કેન્દ્રીય વહીવટ-2
20.4.1 લશ્કર
20.4.2 જાસૂસી
20.4.3 ન્યાય અને શિક્ષા
20.4.4 મહેસૂલનો વહીવટ
20.4.5 જાહેર કાર્યો
20.5 પ્રાદેશિક અને સ્થાનિક એકમોનો વહીવટ
20.5.1 પ્રાંતીય વહીવટ
20.5.2 જિલ્લા અને ગ્રામ કક્ષાએ વહીવટ
20.6 બીજી સત્તાઓ સાથેના સંબંધો
20.7 સારાંશ
20.8 ચાવીરૂપ શબ્દો
20.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 20.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે --

- મગધ સામ્રાજ્યે રચેલ વિશાળ વહીવટી સરંજામ વિશે જાણશો.
- તમે તેની વિવિધ શાખાઓ અને કચેરીઓ, તેની શક્તિઓ અને ફરજોથી પરિચિત થશો.
- જુદી જુદી કક્ષાએ વહીવટના પ્રકારોના ભેદ જાણી શકશો.
- લશ્કર, જાસૂસી પ્રથા, ન્યાયપદ્ધતિની અગત્ય અને તેની ભૂમિકા જાણશો, અને
- મૌર્યોના બીજી સત્તાઓ સાથેના સંબંધો અને આ સત્તાઓ સાથેના પોતાની નીતિમાં ફેરફારો જાણશો.

## 20.1 પ્રસ્તાવના

ઈ.સ.પૂ. ત્રીજા સૈકામાં મૌર્યનું રાજ્ય તેનું કેન્દ્ર સ્થાન મગધ મજબૂત રીતે સ્થપાયું હતું. તેને ઘણા મોટા પ્રદેશ ઉપર કબજો રાખવાનો હતો અને તે કરવા માટે તેની પાસે વહીવટી માળખું હતું. આ માળખું તેના વહીવટના વિવિધ સ્તરોની મર્યાદાને આવરી લેતું હતું, સામ્રાજ્યના (મગધના) હાર્દ પ્રદેશનો વહીવટ પ્રાદેશિક કેન્દ્રો, તેને વીંટળાયેલો પ્રદેશ, શહેરો, ગામડાંઓ વગેરે. રાજાની સત્તા અને હુકમ ટકાવવા ઉપરાંત વહીવટની ઘણી વિશાળ પ્રવૃત્તિઓ જેવી કે ન્યાય, લશ્કર, જાસૂસી પ્રથા, મહેસૂલ એકત્ર કરવું, હસ્તઉદ્યોગો વગેરે હાથમાં લીધી. આ બધા મુદ્દાઓ આ એકમમાં આવરી લેવામાં આવશે. જુદા જુદા પુરાવાઓમાંથી - અર્થશાસ્ત્રનો ગ્રંથ, ગ્રીક હેવાલો અને અશોકના શિલાલેખો - મૌર્યની વહીવટી પદ્ધતિ વિશે આપણને ઘણો સારો ખ્યાલ આવે છે.

આ ઉપરાંત આપણે આ એકમમાં મૌર્ય રાજકર્તાઓએ બીજી સમકાલીન સત્તાઓ સાથે ભારતમાં અને વિદેશી રાજ્યો સાથે જે સંબંધો જાળવ્યા તેની ચર્ચા કરીશું. પરંતુ આ મુદ્દાઓ રજૂ કરતાં પહેલાં આપણે મૌર્યની વહીવટી પદ્ધતિના ઉદ્ગમની પશ્ચાદ્ભૂ અંગે ચર્ચા કરીશું.

## 20.2 પશ્ચાદ્‌ભૂમિકા (Background)

ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં મગધનું મહાજનપદ વિશાળ સામ્રાજ્યનું કેન્દ્ર બન્યું હતું. ઈ.સ.પૂ. ૬ઠ્ઠા સૈકા દરમિયાન તેનો મુલક ગંગાના ખીણ પ્રદેશ સુધી મર્યાદિત હતો તે હવે રહ્યો ન હતો. અશોકના સમયમાં છેક દક્ષિણના પ્રદેશ સિવાય પૂર્વ અને ઉત્તર-પૂર્વના ભારતના દૂરના પ્રદેશ, સમગ્ર ભારતનો ઉપખંડ બધું જોતાં મૌર્યોના અંકુશ હેઠળ હતો.

તોપણ, આ સમય દરમિયાન નોંધવું જોઈએ કે -

- હજુ પણ વિશાળ જંગલો અને પ્રદેશોમાં શિકારી ખોરાક એકત્ર કરનારા વસતા હતા.
- ખેતીની પેદાશોનો વધારો હોય એવું - ખાસ કરીને ગંગાખીણના પ્રદેશોનું વર્ણન છે.
- વેપાર અને હુન્નરના ઉત્પાદનની પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે શહેરી વસાહતો ઊભી થઈ હતી.
- રાજ્ય શેષ ઉત્પાદન ખેંચી લેતું અને તેનું ધ્યેય મહેસૂલ વધારવાનું હતું.

મગધે આરંભેલ અનેક વિસ્તારોને જીતી લેવાની પ્રવૃત્તિ એક વિશાલ સામ્રાજ્ય તરફ લઈ ગઈ. અને પાછળ અનેક કારણો હતાં. દેખીતું અને મુખ્ય કારણ રાજ્યની મહેસૂલ વધારવાની ઇચ્છા હતી. રાજ્યના આવા પ્રયત્નોમાં વધુ પેદાશ કરનારી જમીનનો પોતાના અંકુશ હેઠળ લાવી એમાંથી શેષ મેળવવો; વેપારીઓ પર કર લાદવાના; વેપાર-માર્ગો અને ખાણો પર નિયંત્રણ રાખવાના પ્રયત્નોનો સમાવેશ થાય છે. આ રીતે અશોકની કલિંગ પ્રદેશની જીત માટે પૂર્વભારતના કાંઠાના વેપાર ઉપર અંકુશ રાખવાની પ્રેરણામાંથી ઉદ્‌ભવી હતી. તે જ પ્રમાણે નિયંત્રણનો વિસ્તાર કર્ણાટક સુધી લંબાવવા પાછળ કોલારની ખીણમાંથી સોનું મેળવવાની ઇચ્છા હતી.

આ પ્રમાણે ઉત્પાદન શેષ, એ શેષનો વિનિયોગ, એનું વિતરણ અથવા તેના ખરચ માટે એના પર આર્થિક, સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓ પર વિવિધ સ્તરીય અંકુશ માટે સંકુલ વહીવટી વ્યવસ્થાની જરૂર હતી. જેમ બીજા વિસ્તારોને જીતવા માટે શક્તિશાળી સૈન્યની જરૂર હતી તેમ આ સૈન્યના સંચાલન માટે અને એની જરૂરિયાતો પૂરી પાડવા મજબૂત વહીવટની જરૂર હતી. અને એ રીતે વેપારીઓ પાસેથી કર વસૂલ કરવા માટે અથવા ઉત્પાદકો પાસેથી શેષ મેળવવા કેવળ નિયમો ઘડનારી નહીં પણ એનો અમલ કરનારી વહીવટી વ્યવસ્થા જરૂરી હતી. મૌર્યોનો વહીવટ વ્યવસ્થિત રીતે પોતાની પ્રવૃત્તિ કરતો. આ સંબંધી અનેક પાસાંઓનો વિચાર આપણે કરીશું.

સ્થૂળ રીતે જોતાં આપણે વહીવટના કેન્દ્રસ્થ, પ્રાદેશિક અને સ્થાનિક એકમો અને સંબંધિત પાસાંની ચર્ચા કરીશું.

## 20.3 કેન્દ્રીય વહીવટ-1 (Central Administration-I)


મૌર્ય સામ્રાજ્યને ઘણા મોટા વહીવટી એકમો હતા જેમકે કેન્દ્ર અને પ્રાદેશિક અને તેને બીજા કેટલાક પેટાએકમો ગામડાં સુધીના હતા. આ બધા એકમોને તેમની પોતાની વહીવટી ગોઠવણ હતી પણ તે બધા કેન્દ્રીય સત્તા નીચે હતા. કેન્દ્રીય વહીવટ નીચેના આપેલા વિષયોમાં વર્ગીકૃત કરી શકાય.

| | |
|---|---|
| (i) રાજા | (v) જાસૂસી જાળ |
| (ii) પ્રધાનમંડળ | (vi) કાયદો અને ન્યાય |
| (iii) શહેરનો વહીવટ | (vii) લોક કલ્યાણ |
| (iv) લશ્કર | |

### 20.3.1 રાજા (The King)

રાજ્યની સર્વોપરી સત્તા તે રાજા બધા નીતિ વિષયક નિર્ણયો તેમ જ મહત્ત્વના નિર્ણયો રાજા વડે લેવાતા. અર્થશાસ્ત્ર સ્પષ્ટ રીતે જણાવે છે કે કોઈ પણ કાયદો (શાસ્ત્ર) રાજાના કાયદાથી જુદો પડે તો રાજાનો જ કાયદો અમલમાં મુકાતો. ટૂંકમાં મૌર્ય સામ્રાજ્ય કેન્દ્રીય રાજકીય વ્યવસ્થા રજૂ કરે છે કે જેનો ગણ-સંઘ વ્યવસ્થા ઉપર વિજય થયો. અર્થશાસ્ત્ર વહીવટના બધા જ મુદ્દાઓમાં રાજાને જ છેવટની સત્તા આપે છે. રાજાનાં સાત અંગોમાં રાજાનું સર્વોપરીપણું બીજા ગ્રંથો પણ સપ્તાંગોમાં નિર્દેશ કરે છે.

સપ્તાંગો




રાજાના કેન્દ્રીય સ્થાનની તરફેણમાં **અર્થશાસ્ત્રમાં** મળતી દલીલ છે કે કારણ કે રાજા પોતે -

- અમાત્યોની નિમણૂક કરે છે અથવા છૂટા કરે છે.
- ખજાનાનું અને લોકોનું રક્ષણ કરે છે.
- લોકોની પ્રગતિ અને કલ્યાણ માટે કામ કરે છે.
- દુષ્ટોને સજા કરે છે, અને
- તેના સદાચારથી **પ્રજાને** અસર કરે છે.

પણ દરેક જણ રાજા થવાને લાયક ન હોય અને **અર્થશાસ્ત્ર** રાજા માટેના કેટલાક જરૂરી સદ્‌ગુણો બતાવે છે જેમ કે

- **ઉચ્ચકુળમાં** જન્મ
- નાના નાના રાજાઓ અને અમલદારોને અંકુશમાં રાખી શકવાની શક્તિ
- તીક્ષ્ણ બુદ્ધિ
- સત્યવાદી-વિશ્વાસુ અને
- ધર્મને ટકો આપનાર વગેરે

આ ઉપરાંત પણ **અર્થશાસ્ત્ર** કેટલાક વિષયોમાં રાજાની હોશિયારી હોવી જોઈએ જેથી તે તેવાં કાર્યો ચલાવી શકે તે અંગે વિગતે કહે છે. તેણે લશ્કરી તાલીમ લીધેલી હોવી જોઈએ, Vartta અને આર્થિક જીવન (વર્ત)નાં વિવિધ ખાતાંઓનું જ્ઞાન હોવું જોઈએ. ઉપરાંત લખાણ (લિપિ) વગેરેનો પણ જાણકાર હોવો જોઈએ. **અર્થશાસ્ત્ર** આગળ જતાં તેની વર્તણૂક અને રોજિંદી કામગીરી સમજાવે છે.

**અર્થશાસ્ત્ર** બીજી ત્રણ પાયાની મૂળ-શરતો સામ્રાજ્યના રાજા વડેના સફળ વહીવટ માટે મૂકે છે :

(i) તેણે દરેક બાબત ઉપર સરખું ધ્યાન આપવું જોઈએ.
(ii) તેણે જાગ્રત અને સક્રિય રહેવું જોઈએ જેથી તે સાચાં પગલાં ભરી શકે, અને
(iii) તેણે હંમેશ પોતાની ફરજો બજાવવી જોઈએ.

આ ઉપરાંત તે પોતાના સલાહકારો અને ઉપદેશકોને મળવા માટે સુલભ હોવો જોઈએ. રાજા આ પ્રમાણે વર્તતો તે મેગેસ્થિનીસના હેવાલ અને અશોકનાં શાસનોમાંથી જોઈ શકાય છે.

અશોકના સમય સુધી મૌર્ય સામ્રાજ્યે તેનું સ્થાન મજબૂત કર્યું હતું. પ્રજા તરફ પિતૃત્વ ભારનો ઉદ્‌ભવ એ રાજાના સ્થાનમાં અગત્યનો વિકાસ થયો. ધૌલીના શિલાલેખમાં અશોક જણાવે છે.

> બધા માણસો મારાં બાળકો છે. જેમ હું મારાં બાળકો માટે ઇચ્છું છું કે તેઓ આ જગત અને બીજી દુનિયામાં પણ આબાદી અને સુખ ભોગવે તેમ હું બધા માણસો માટે ઇચ્છું છું.

પિતાતુલ્ય વર્તન હોવા છતાં પણ રાજા તેની સંપૂર્ણ સત્તા માટે સાવધ હતો. દા.ત. તે જ શિલાલેખમાં તોસલી (Tosali) અને સમ્પા (Samspa) ખાતે અમલદારોને ઉદ્દેશીને કહે છે:

> જે કાંઈ હું મંજૂર કરું તેને હું પ્રાપ્ત કરવા ઇચ્છું છું. તે સીધી રીતે અથવા અસરકારક ઉપાય લઈને તે મેળવું છું... આ મારી તમને સૂચનાઓ છે.

અશોક લોકોની આબાદીનું મુખ્ય ધ્યેય તેના વહીવટમાં રાખતો પણ તેની રાજકીય બાબતોમાં તે પૂરેપૂરો રાજા સર્વસત્તાધીશ હતો એ વાતમાં કોઈ શંકા ન હતી. દેવાનાંપિય (દેવોનો પ્રિય) અશોક એવો ખિતાબ સ્વીકારીને રોમિલા થાપરના પ્રમાણે - "તેણે રાજાશાહી અને દેવીશક્તિને જોડવાના પ્રયત્ન ઉપર ભાર મૂક્યો, પુરોહિતો જે મધ્યસ્થી હતા તેઓને પણ અમુક અંશે દૂર કર્યા." ટૂંકમાં રાજા પોતે તેની સત્તા ધાર્મિક બાબતોમાં પણ વાપરતો. (જુઓ એકમ 21)

### 20.3.2 મંત્રીમંડળ (Council of Ministers)

**અર્થશાસ્ત્ર** તેમ જ અશોકના શિલાલેખો મંત્રીમંડળ(મંત્રીપરિષદ)ને નિર્દેશ છે. **અર્થશાસ્ત્ર** નોંધે છે કે રાજ્યનું કાર્ય હોઈ-પણ જાતની મદદ વગર થઇ ન શકે. તે નોંધે છે કે "રથ એક ચક્ર ઉપર ચાલી શકે નહીં. માટે રાજાએ મંત્રીઓની નિમણૂક કરવી જોઈએ અને તેમની સલાહ સાંભળવી જોઈએ." તેવી જ રીતે અશોકનું ગિરનારનું શાસન પરિષદનાં કાર્યોનો નિર્દેશ કરે છે

- ખડક શાસન III સૂચવે છે કે પરિષદ પાસેથી ધારણા રાખવામાં આવે છે. જુદી જુદી કક્ષાના અમલદારો નવાં વહીવટી પગલાં લે છે' કે કેમ તે જોવું જોઈએ.
- ખડક શાસન VI નોંધે છે કે રાજાની નીતિની અંગે તેની ગેરહાજરીમાં મંત્રીઓ ચર્ચા કરી શકે; સુધારા સૂચવી શકે, અને રાજાએ જે તેમની ઉપર છોડ્યું હોય તેવી અગત્યની બાબત ઉપર નિર્ણય કરી શકે. છતાં પણ પરિષદે રાજાને પોતાનો અભિપ્રાય તાત્કાલિક જણાવવાનો રહેતો.

પરિષદની સત્તા સમયે સમયે બદલાતી રહેતી. છતાં તેની મુખ્ય ભૂમિકા સલાહકાર મંડળ તરીકેની રહેતી. તેનું કારણ કે આખરી સત્તા રાજા પાસે હતી. મંત્રીઓની સંખ્યા નક્કી કરેલી ન હતી. કૌટિલ્ય કહે છે કે જરૂરિયાત પ્રમાણે નક્કી કરવી જોઈએ. પણ તે મત ધરાવે છે કે "મોટી પરિષદ રાજા માટે લાભકારી છે." તેણે કેટલાક મુદ્દાઓની યાદી કરી છે કે જેના વિશે રાજાએ મંત્રીઓની સલાહ લેવી જોઈએ તેનો સમાવેશ આ પ્રમાણે થાય છે:

- રાજ્યે જે કામ હાથ પર લેવાનું ઇચ્છ્યું હોય તો તે કેવી રીતે શઈ કરવું તેની મસલત.
- આ કામ હાથ પર લેતાં પહેલાં તેમાં કેટલી માનવશક્તિ અને તેનો આવક-ખર્ચ કેટલો થશે તે નક્કી કરવું.
- ક્યા વિભાગમાં તે કામ શરૂ કરવું તે નક્કી કરવું, અને
- આપત્તિ વખતે તેનું નિરાકરણ શોધવું વગેરે.

કૌટિલ્ય જણાવે છે કે કામ પરિષદમાં બહુમતીના નિર્ણય ભૂવ્યિષ્ટ (Bhuvyist) પ્રમાણે થવું જોઈએ. પણ જો રાજાને લાગે કે બહુમતીના નિર્ણય પ્રમાણે ધ્યેય સિદ્ધ નહીં થઈ શકે તો તેણે પોતાના વિચાર પ્રમાણે નક્કી કરવું જોઈએ.

તે સ્પષ્ટતા કરે છે કે "મંત્રીઓએ રાજાના હુકમોનું પાલન બરાબર થાય છે કે કેમ તે જોવું જોઈએ."

એક મહત્ત્વનો મુદ્દો અર્થશાસ્ત્ર બતાવે છે તે છે મંત્રીઓની નિમણૂક માટે તેમની લાયકાત અથવા તેનું ધોરણ. જેમકે, વ્યક્તિ એવી હોવી જોઈએ કે તે પૈસાથી લલચાવી ન જોઈએ, દબાણને વશ ન થવી જોઈએ વગેરે અર્થાત્ તે **સર્વોપદશુદ્ધ** (સૌથી વધુ શુદ્ધ) હોવી જોઈએ. બીજા ઉલ્લેખો પણ છે તેમાં આંતર મંત્રીમંડળ (મંત્રી) નાના સમૂહમાં મંત્રીઓ કે જેની સાથે તાત્કાલિક ધ્યાન આપવાના મુદ્દાની જરૂર પડે ત્યારે સલાહ લઈ શકાય.

**અર્થશાસ્ત્ર** કેન્દ્રીય સરકારના 18 ખાતાંઓ (તીર્થ)નો ઉલ્લેખ કરે છે. દા.ત. કર્માન્તિક ઉદ્યોગોનું ધ્યાન રાખે વગેરે.

### 20.3.3 શહેરનો વહીવટ (City Administration)

મેગેસ્થિનીસે પાલિબોથ્રા (પાટલિપુત્ર)ના વહીવટનું તાદશ વર્ણન આપેલું છે. આ હેવાલ અર્થશાસ્ત્રમાં મળતા હેવાલ કરતાં જુદું છે છતાં પણ આપણને એ સમયના શહેરનો વહીવટ સમજવા માટે મદદરૂપ થાય છે. આ અહેવાલ પ્રમાણે શહેર સમિતિ છ પેટાસમિતિઓ કે પરિષદોમાં વહેંચાતી અને દરેક સમિતિમાં પાંચ સભ્યો હતા.

1. પહેલી સમિતિ ઉદ્યોગ અને હુન્નરોનું ધ્યાન રાખતી. તેનો કાર્યપ્રદેશ આવાં કેન્દ્રોનું નિરીક્ષણ કરવાનું, પગાર નક્કી કરવા વગેરેનો સમાવેશ થતો.
2. બીજી સમિતિ વિદેશીઓનું ધ્યાન રાખતી. તેના કાર્યપ્રદેશમાં સમાવેશ થતો. તેમનાં ખોરાક, રહેઠાણ અને સગવડ, રક્ષણ વગેરેની વ્યવસ્થા કરવી.
3. ત્રીજી સમિતિનું કાર્ય જન્મ અને મરણની નોંધ કરવાનું હતું.
4. વેપાર અને વાણિજ્યનું સંભાળ રાખતી સમિતિ, તે ચોથી સમિતિનો કાર્યપ્રદેશમાં સમાવેશ થતો, તોલમાપની તપાસણી, બજારને વશમાં રાખવા વગેરે.
5. પાંચમી સમિતિ તૈયાર થયેલા માલની દેખભાળ કરતી, તેના વેચાણ માટેની ગોઠવણ અને નવા અને જૂના માલને જુદો પાડવાનું સખત ધ્યાન રાખતી.
6. છઠ્ઠી સમિતિ વેચાયેલા માલ ઉપરનો કર એકત્ર કરતી જેનો દર 1/10 હતો.

વધારે રસપ્રદ બાબત એ છે કે શહેરના વહીવટની યોજના **અર્થશાસ્ત્રે** સારી રીતે બતાવેલી છે છતાં પણ આવી સમિતિનો તેમાં ઉલ્લેખ નથી. છતાં પણ મેગેસ્થિનીસે જે કાર્યો બતાવ્યાં છે તે તમામ આપણે આ ગ્રંથમાં જોઈએ

છીએ. દા.ત. **અર્થશાસ્ત્રમાં** ચોથી સમિતિનું કાર્ય **પણ્યાધ્યક્ષ** બજાવે છે, કર રાહતો એકઠા કરવા (છઠ્ઠી સમિતિ)ની જવાબદારી **શુલ્કાધ્યક્ષની** અને જન્મમરણની નોંધ **ગોપ**નું કાર્ય હતું. શહેરી વહીવટનો ઉપરી **નાગરિક** કહેવાતો. તેને બીજા બે ગૌણ અમલદારો-ગોપ અને **સ્થાનિક** મદદ કરતા. બીજા ઘણા અમલદારો હતા જેઓનાં કાર્યો વિસ્તૃત રીતે બતાવેલાં છે. દા.ત.

- **બન્ધાનાગરાધ્યક્ષ** - કારાગારનું ધ્યાન રાખતા
- **રક્ષી** - અર્થાત્ સિપાઈ, તે લોકોના રક્ષણનું ધ્યાન રાખતા.
- કેન્દ્રો કે જ્યાં માલ ઉત્પન્ન થતો તે કામની દેખભાળ ઘણા અમલદારો રાખતા જેમકે લોહાધ્યક્ષ, **સૌવર્ણિક** વગેરે.

**અર્થશાસ્ત્ર** શહેર વહીવટની વિવિધ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરે છે; તેના નિયમો, નિયમભંગની સજાનો તેમાં સમાવેશ થતો. દા.ત.

- આરોગ્ય અને પાણી
- ભેળસેળની ચાક્સાઈ
- આગ સામેની સાવચેતી વગેરે

કાયદાન અમલમાં મૂકનારા કાયદાથી પર ન હતા. દા.ત. રક્ષિણ (સિપાઈ) સ્ત્રીને ત્રાસ આપે તો તેને સખ્ત સજાનો સામનો કરવો પડતો. તેવી જ રીતે કોઈ શહેરીજન નિયમોમાંના કોઈ નિયમનો ભંગ કરે તો તેઓને પણ શિક્ષાન પાત્ર થવું પડતું.

દા.ત. કોઈ પણ શહેરીજન રાતના બંધીના સમયે (કર્ફ્યુ) બહાર નીકળે તો તેના આ અંગેનો ખુલાસો માન્ય નહીં રખાતો અને તે મુક્તિના વર્ગમાં ન આવતો, તેણે ભારે દંડ આપવા પડતો. આથી આપણે કહી શકીએ કે આ સમય દરમિયાન શહેરનો વહીવટ વધારે વ્યવસ્થિત અને પરિશ્રમપૂર્વક તૈયાર કરેલો હતો.

## તમારી પ્રગતિ ચકાસો (ક)

1. નીચેમાંથી કયાં વિધાનો સાચાં (✓) કે ખોટાં (✗) છે? નિશાની (✓) કે (✗) કરો :

   ક. રાજ્યના પ્રયત્નો મહેસૂલ વધારવાના ફાળાએ મગધનો વિસ્તાર થયો. ( )

   ખ. અર્થશાસ્ત્ર પ્રમાણે મંત્રી પરિષદનો નિર્ણય રાજાની આગળ છેવટનો ગણાતો. ( )

   ગ. પિતાતુલ્ય વર્તનની પ્રજા પ્રત્યેની પસંદગી તે ભારતીય રાજબધારણમાં નવો વિકાસ રાજાના વર્તન સંબંધમાં હતો. ( )

   ઘ. મેગાસ્થિનીસના હેવાલમાં શહેરના વહીવટનું વર્ણન નથી. ( )

   ચ કૌટિલ્યની યોજના પ્રમાણે રાજ્યનાં સાત અંગોમાં રાજા કેન્દ્રસ્થાને હતો. ( )

2. રાજા અને મંત્રીપરિષદ વચ્ચેના સંબંધો વિશે દસ વાક્યોમાં લખો.

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

3. ખાલી જગા પૂરો :

   ક. મૌર્યોનું ...... (સાદું/ગૂંચવણ ભરેલું) વહીવટનું સ્વરૂપ હતું.

   ખ. દેવાનાંપિય અશોક ઇલકાબ પ્રાપ્ત કરીને અશોકે ..... (સ્થાપવા/છુટા કરવા) રાજા અને .......

(પાર્થિવ/દેવી) શક્તિ સાથે સંબંધ સાધવા પ્રયત્ન કર્યો હતો.

ગ. મેગેસ્થિનીસ પ્રમાણે શહેરની સમિતિનું વિભાજન ...... (3/6) પેટા કમિટીનું ...... (2/5) સભ્યો દરેકમાં થયું હતું.

ઘ. **અર્થશાસ્ત્રે** ...... (પરિશ્રમપૂર્વક/ઝીણવટભરી રીતે) વિવિધ અમલદારોનાં કાર્યો સ્પષ્ટ કર્યાં હતાં.

4. આપણે શેના આધારે કહી શકીએ કે મૌર્યાનો શહેરનો વહીવટ સુવ્યવસ્થિત હતો? દસ લીટીમાં લખો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## 20.4 કેન્દ્રીય વહીવટ-2 (Central Administration-II)

બીજાં કેટલાંક વહીવટનાં ક્ષેત્રો કેન્દ્રીય વહીવટની સીમા નીચે આવતાં હતાં.

જોકે કેટલાંકમાં જાહેર કલ્યાણ ખાતાં, તેનો અમલ કેટલાક વિવિધ સ્થાનિક વહીવટોના એકમો ઉપર આધાર રાખતો હતો.

### 20.4.1 લશ્કર (Army)

નન્દ રાજાઓ પાસે મજબૂત લશ્કર હતું અને એ રસપ્રદ છે કે નંદને હરાવવા જે લશ્કર કૌટિલ્ય અને ચંદ્રગુપ્તે ઊભું કર્યું તેના સિપાઈઓ ભાડૂતી હતા. ગ્રીક અને ભારતના સાહિત્યના પુરાવાઓ એનો નિર્દેશ કરે છે, પછીથી ચંદ્રગુપ્તનું લશ્કરનું કદ અને તંત્ર ઘણું મોટું થયું. દા.ત. પ્લીનીના હેવાલ પ્રમાણે તેમાં 9,000 હાથીઓ, 30,000 અશ્વો, અને 6,000 પાયદળ હતા. પ્લુટાર્કનો હેવાલ 6,000 હાથીઓ, 80,000 ઘોડાઓ, 20,000 પાયદળો અને 8,000 યુદ્ધ માટેના રથો જણાવે છે. જોકે આ હેવાલ અતિશયોક્તિ ભરેલો હોઈ શકે પણ સેલ્યુકસની પીછેહઠ, **અર્થશાસ્ત્ર**માં લશ્કરી વહીવટનો વર્ણનાત્મક હેવાલ અને અશોકના સમયનું પ્રચંડ કલિંગ યુદ્ધ બતાવે છે કે મૌર્યોના આશ્રયે લશ્કરનું વ્યવસ્થા તંત્ર બરાબર ગોઠવાયેલું અને વિશાળ હતું. મેગેસ્થિનીસ પ્રમાણે લશ્કરની શાખાઓમાં નીચે પ્રમાણેનો સમાવેશ થતો હતો :

- પાયદળ
- અશ્વદળ
- હાથીઓ
- રથો
- વાહન વ્યવહાર (એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવા માટે)
- વહાણના કાફલાનો ઉપરી (નૌકાદળનો ઉપરી)

દરેક શાખાની પાંચ સભ્યોની સમિતિ દ્વારા સંભાળ લેવાતી. કૌટિલ્યે **ચતુરંગ બલ** (અર્થાત્ પાયદળ, અશ્વદળ, રથ અને હાથી)નો લશ્કરનાં મુખ્ય અંગો તરીકે ઉલ્લેખ કર્યો છે અને દરેક એક સેનાપતિની દેખરેખ હેઠળ હોય. આ ઉપરાંત તે લશ્કર માટે ઔષધીય સેવાનો પણ નિર્દેશ છે.

**અમલદારો અને સિપાઈઓને રોકડ પગાર મળતો.**

**લશ્કરના અમલદારોના પગારો**

| | | |
|---|---|---|
| **સેનાપતિ** | - | **48,000 પણ** |
| **નાયક** | - | **12,000 પણ** |
| **મુખ્યો** | - | **8,000 પણ** |
| **અધ્યક્ષો** | - | **4,000 પણ** |

એક સ્વતંત્ર વિભાગ લશ્કરી કાફલાની વિવિધતા અને દેખભાળ તેમ જ ઉત્પાદનની સંભાળ માટે હતો જેનો મુખ્ય **આયુધાગારાધ્યક્ષ** તરીકે જાણીતો હતો.

જુદા જુદા અધ્યક્ષોના કામનું પણ વિસ્તૃત વર્ણન છે. જેમકે **રથાધ્યક્ષ**ને રથોની બાંધણીની પણ સંભાળ રાખવાની હતી. અને **હસ્ત્યાધ્યક્ષ** હાથીદળની દેખરેખ રાખતા. **અર્થશાસ્ત્ર** ભરતી કરવા માટેની નીતિ, યુદ્ધના નકશા અને કિલ્લેબંધી વગેરેનો ઉલ્લેખ કરે છે.

રાજ્ય મોટા ભાગના મહેસૂલની આવક લશ્કરની દેખભાળ પાછળ ખરચતું તેમાં શંકા નથી, લાંબા ગાળે તેની તિજોરી ઉપર વિપરીત અસર થઈ હોય.

### 20.4.2 જાસૂસી (Espionage)

મૌર્યો વહીવટમાં જાસૂસી તંત્ર વ્યવસ્થિત રીતે ગૂંથાયેલું હતું. લગભગ બધા અગત્યના અમલદારો તેમ જ સામાન્ય લોકો ઉપર ચોકી રખાતી. ભરતી કરેલા જાસૂસોનું મુખ્ય કામ હતું.

- મંત્રીઓ ઉપર નજર રાખવી.
- સરકારી અમલદારોનો હેવાલ તૈયાર કરવો.
- લોકોની લાગણીને લગતી અસર/છાપ એકત્ર કરવી, અને
- વિદેશી રાજકર્તાઓની ગુપ્ત બીના જાણવી વગેરે.

આ પ્રકારની પ્રવૃત્તિ માટે જુદા જુદા લોકોની મદદ લેવામાં આવતી, જેવાં કે રસોઇયા, હજામો વગેરે. તેઓ તેમની જાતે માહિતી પ્રાપ્ત કરવાને માટે જુદા જુદા વેશ ધારણ કરતાં, જેવા કે સાધુ, વિદ્યાર્થી વગેરે. ક્યારેક અગત્યની બાબત હોય તો તેઓ જાતે સીધેસીધા રાજાને જાણ કરતા. ટૂંકમાં, **અર્થશાસ્ત્ર** સરસ ગૂંથાયેલી જાસૂસી જાળનો નિર્દેશ કરે છે.

### 20.4.3 ન્યાય અને શિક્ષા (Justice and Punishment)

મૌર્યોના આશ્રયે સામાજિક ક્રમ જાળવવા અને તેની સરળ કામગીરી માટે વહીવટી પ્રથા અને મહેસૂલનો પ્રવાહ રાજ્યને મળે તે માટે વ્યવસ્થિત કાનૂની પદ્ધતિ દાખલ કરવામાં આવી હતી. **અર્થશાસ્ત્ર** વિવિધ પ્રકારના ગુનાઓની શિક્ષા માટે કાયદાની યાદીથી ભરેલું છે. તેમાં લગ્નના કાયદાનો ભંગ, છૂટાછેડા, ખૂન, ભેળસેળ, ખોટા વજન વગેરે અંગેના કાયદાઓની વિશાળ શ્રેણીનો સમાવેશ છે. વિવિધ પ્રકારની ન્યાય કચેરી કાયદાની ગુનેગારો અથવા વિવિધ સ્તરે ઝઘડાની પતાવટ માટે હતી. ગ્રામિકને ગ્રામ્ય કક્ષાએ અદાલતની સત્તા હતી. **જનપદ**ના અને કેન્દ્રના સ્તરે પણ ન્યાયની કચેરીઓ હતી. **અર્થશાસ્ત્ર** બે પ્રકારની ન્યાયની કચેરીઓ (અદાલતો) બતાવે છે :

1. **ધર્મસ્થીય** અર્થાત્ અદાલતો જે વ્યક્તિગત ઝઘડા પતાવે.
2. **કંટકશોધન** અર્થાત્ અદાલતો વ્યક્તિઓ અને રાજ્ય સંબંધિત બાબતો નક્કી કરે.

દા.ત. પહેલા પ્રકારની અદાલતો **સ્ત્રીધન** (પત્નીની મિલકત) અથવા લગ્નો વગેરે અંગેના ઊભા થયેલા ઝઘડા સંબંધી પતાવટ કરે. બીજા પ્રકારની અદાલતો કામદારોના પગારો, કામદારોની વર્તણૂક, ખૂન વગેરે સંબંધી વિચારણા કરે. અદાલતો અમુક નિયમ પ્રમાણે કામ કરે. મુકદ્દમા વ્યવસ્થિત રીતે નોંધાતા અને સાક્ષીઓ રજૂ કરવામાં અને પોતાની જાતે દલીલ કરવાનો પુષ્કળ અવસર આપવામાં આવતો. કાયદાનું મૂળ કૌટિલ્ય બતાવે છે તેમ

1. **ધર્મ**
2. **વ્યવહાર** અર્થાત્ પ્રચલિત કાયદાનો સંગ્રહ

3. **ચરિત્ર** અર્થાત્ રિવાજ અને


4. **રાજશાસન** અર્થાત્ રાજ્યનું હુકમનામું

રાજા **ધર્મ**ને ટેકો આપનાર હતો અને તે ન્યાયસભાની સર્વોપરી સત્તા ધારણ કરતો. મેગેસ્થિનીસ પ્રમાણે મૌર્યોના ભારતમાં ગુનાના બનાવો ઝાઝા ન હતા. પરંતુ **અર્થશાસ્ત્ર**માં બતાવેલ શિક્ષાશ્રેણી સ્પષ્ટ કરે છે કે કાયદાનો ભંગ અને ગુના મૌર્યના સામાજિક બંધારણમાં સામાન્ય હતા. તેથી જ સખત ફોજદારી કાયદાની જરૂર હતી. બનાવ અને સાક્ષી ઉપર પૂરતો ભાર મૂકવામાં આવતો. મુકદ્દમા 'લવાદનું મંડળ' રાજાને વિનંતી કરવાની પદ્ધતિથી નક્કી કરતું. છતાં પણ અહીં નોંધવું જોઈએ. અર્થશાસ્ત્રમાં **શિક્ષા વર્ણ** પ્રથા પ્રમાણે (ચઢતા ઊતરતા ક્રમ પ્રમાણે અર્થાત્ એક જ પ્રકારના ગુના માટે **બ્રાહ્મણ**ને ઘણી ઓછી શિક્ષા થતી જ્યારે શૂદ્રને સખત સજા થતી.

## 20.4.4 મહેસૂલનો વહીવટ (Revenue Administration)

મૌર્ય સમયમાં રાજ્યનું મહેસૂલ વિવિધ માર્ગ દ્વારા એકઠી કરાતી. (એકમ-19માં વિગતોની ચર્ચા કરી છે.) કૌટિલ્યે જુદા જુદા સ્રોતો કે જ્યાંથી મહેસૂલનો પ્રવાહ રાજની તિજોરીમાં વહેવડાવી શકાય તેની યાદી આપી છે અને તેના ઉપર **સન્નિધાતા** અમલદાર દેખભાળ કરતો.

**મહેસૂલની આવક**





આ બધાં સ્રોતોને પોતાના પ્રદેશમાં એકત્ર કરવાનાં પોતાનાં સ્રોત હતાં જેમ કે,

- શહેરો દંડ, વેચાણવેરો (**શુલ્ક**), દારૂના વેચાણ ઉપર જકાત, શ્રીમંતો ઉપર એક પ્રકારનો આયાત કર વગેરે મારફતે મહેસૂલ એકત્ર કરતા **અર્થશાસ્ત્ર** આવા 21 કરો દુર્ગ મારફતે એકત્ર કરતા તેની યાદી આપે છે.
- ગ્રામ્ય પ્રદેશોમાંથી પ્રાપ્ત મહેસૂલને રાજ્ય શ્રેષ્ઠ જમીન (**સીત**)ની આવકના રૂપે, જમીન મહેસૂલ (**ભાગ**) ખેડૂતો પાસેથી ફળ વાડીઓ ઉપર કર, હોડી ઉપરની કિંમત વગેરે યોગ્ય કરતા.
- રાજ્યના અંકુશ હેઠળ બધી ખીણો હતી, ખનીજ દ્રવ્ય રાજ્ય માટે કાયમી આવકનું નિયમિત સાધન હતું.
- કર વેપારીઓના માર્ગ વ્યવહાર અથવા જળ વ્યવહારની મુસાફરી ઉપર નાંખવામાં આવતો.
- આયાત અને નિકાસ ઉપર કર વગેરે.

લાગતાવળગતા લોકો પાસેથી રાજ અમુક ભંડોળ સીધું એકત્ર કરતું. દા.ત. જુગારીઓએ તેમના જીતેલા હિસ્સામાંથી પાંચ ટકા રાજ્યને આપવા પડતા અને વેપારીઓએ તેમના માલનું વજન કરાય અને તેને ચકાસીને રાજ્યના અમલદારો પ્રમાણપત્રની મહોર મારે ત્યારે કર આપવો પડતો. રાજનો અંકુશ લશ્કરી કાફલાના ઉદ્યોગ અને મીઠાના વેપારને કારણે તેનું મહેસૂલ વધ્યું. રાજ્ય કટોકટી દરમિયાન પોતાની આવક વધારવા કર નાંખવા શક્તિમાન હતું. મહેસૂલના એકત્ર કરેલા ભંડોળનો મોટો ભાગ કે જે રાજ્યની તિજોરીમાં જમા થતો તે લશ્કર, વહીવટ, પગાર, રાજા વગેરેના ખર્ચ સ્વરૂપે વપરાતો.

**મહેસૂલની જાવક**



રાજાને જમીન મહેસૂલમાં માફી આપવાનો હક્ક હતો. જેમ કે આપણે જોઈએ છીએ કે અશોકે ગામ લુમ્બિનીનો ભાગ (ખેતીની પેદાશમાંનો રાજનો ભાગ) ઓછો કરીને 1/8 કર્યો હતો કારણ, તે બુદ્ધનું જન્મસ્થાન હતું.

### 20.4.5 જાહેર કાર્યો (Public Work)

મૌર્ય-રાજ્યે જાહેર કામોમાં ઘણો રસ લીધો હતો. મેગેસ્થિનીસના હેવાલો અને **અર્થશાસ્ત્ર** આ કામોની નોંધ કરે છે:

1. રાજ્યે નહેરના કાર્યમાં અગત્યનો રસ લીધો કારણ, તે મહેસૂલનું મુખ્ય સાધન થઈ શકે. મેગેસ્થિનીસે અમલદારો, નહેરનું નિરીક્ષણ કરતાં તેની નોંધ કરી છે. **અર્થશાસ્ત્રમાં** ખેતરને પાણી પાવાની (પિયતની) વિવિધ પદ્ધતિઓ જેવી કે બંધ, તળાવો, નહેરો વગેરેના ઉલ્લેખો છે. પાણીના પ્રવાહના ઉપયોગ વિશેના કેટલાંક નિયમો છે અને તેનો ભંગ કરવામાં આવે તો રાજનો ગુનો થતો. રાજ્ય લોકોને શરૂઆતમાં બંધની મરામત માટે પ્રોત્સાહન આપતા અને તેને માટે રાજ મહેસૂલ ઓછું કરવાનું સ્વીકારતા. રુદ્રદામાના શિલાલેખમાં (ઈ.સ.ના બીજા સૈકાના મધ્ય ભાગમાં લખાયેલો) **જળાશય** (તડાગ)ની રચનાની નોંધ છે. ચંદ્રગુપ્તના સમયમાં તે (જળાશય) સુદર્શન કહેવાતું. આ સ્પષ્ટ રીતે પાણી પહોંચાડવાની સરળતા માટે બંધાયું હતું.


2. આ સમય દરમિયાન વિવિધ ઔષધકર્મ કરતા માણસો, જેવા કે ઘણા સામાન્ય વૈદ્ય (**ચિકિત્સક**) દાયણો (**ગર્ભવ્યાધિ**) વગેરે હતા. અશોકના શિલાલેખમાં દાક્તરી સારવાર અને ઔષધો માણસો અને પશુઓ બંનેને માટે સુલભ હતી તે આપણે જાણીએ છીએ.

3. રાજ્ય તેની પ્રજાને કુદરતી આફત જેવી કે પૂર, દુકાળ વગેરે વખતે મદદ કરતું.

4. **અર્થશાસ્ત્ર** જણાવે છે કે રાજાએ અનાથો, વૃદ્ધ અસહાય સ્ત્રીઓ વગેરેનું ધ્યાન રાખવું જોઈએ. આ કેટલી હદ સુધી ચોક્કસ પ્રમાણમાં થતું હશે તે આપણે જાણતા નથી.

5. જાહેર કામોના અગત્યના મુદ્દાઓમાં રસ્તાઓ બનાવવા અને મરામત કરાવવા અને પથિકાશ્રમો ખોલવી એ પણ સ્વીકારાયેલું.

આ ઉપરથી આપણે કહી શકીએ કે રાજ્ય તેની મહેસૂલની આવકમાંથી અમુક કામ જાહેર કાર્યો માટે વાપરતું. આ અશોકના સમય દરમિયાન વધ્યું હશે કારણ, તે જાહેર કામો તેને સંબંધિત હતાં કારણ, તેની પ્રજા તરફ તેનું વર્તન પિતૃતુલ્ય હતું



7. ઉજ્જૈનના રસ્તાનો ઉત્ખનિત ભાગ

## 20.5 પ્રાદેશિક અને સ્થાનિક એકમોનો વહીવટ (Regional and Local Units of Administration)

આપણે જાણીએ છીએ કે મૌર્ય રાજ્યમાં બધી સત્તા **રાજાને** આપેલી હતી. અને રાજ્યના હાર્દ સમા પ્રદેશનું લક્ષણ કેન્દ્રની ઉચ્ચ કક્ષાની વહીવટી પદ્ધતિ હતો. પણ સાથે સાથે મોટા વિશાળ સામ્રાજ્ય માટે કોઈ વહીવટી અંકુશ અસરકારક ન નીવડે જો તો તેણે કેટલીક વહીવટી પદ્ધતિઓ પ્રાદેશિક અને સ્થાનિક કક્ષાએ ઊભી ન કરી હોય. મગધ રાજ્યે તેના પ્રાદેશિક વિસ્તાર પ્રાંતીય અને સ્થાનિક કક્ષાએ વહીવટી અંકુશ સ્થાપ્યો.

### 20.5.1 પ્રાંતીય વહીવટ (Provincial Administration)

પ્રાંતીય વહીવટનો વડો **કુમાર** (રાજકુમાર) હતો અને તે રાજાના પ્રતિનિધિ તરીકે પ્રાંતનો વહીવટ કરતો. દા.ત. અશોક રાજા થયો તે પૂર્વે ઉજ્જયિનીનો અને તક્ષિલાનો **કુમાર** હતો. અને **કુમારને** મહામાત્યો (અશોકના સમય દરમિયાન મહાપાત્રા) અને મંત્રી પરિષદ મદદ કરતા. અશોકનાં શાસનોમાંથી આપણને ચાર પ્રાંતીય રાજધાનીના નામ મળે છે - તોસલી (પૂર્વમાં), ઉજ્જૈન (પશ્ચિમમાં), સુવર્ણગિરિ (દક્ષિણમાં) અને તક્ષિલા (ઉત્તરમાં). પ્રાંતની અંદરના કેટલાક પ્રદેશોમાં સુબાઓ (ગવર્નર્સ) વહીવટ કરતા. તેઓ તે પ્રદેશના નાના રાજકર્તાઓ હતા. આ આપણે એટલા માટે કહી શકીએ છીએ કારણ કે જૂનાગઢના શિલાલેખમાં રુદ્રદામન **યવન** નામે **તુષાસ્પને** જૂનાગઢ પ્રદેશના સુબા તરીકે અશોકના રાજ્યકાળ દરમિયાન જણાવે છે. તે જ લેખમાં કહે છે કે ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં તે પ્રદેશમાં તેનો પ્રતિનિધિ **વૈશ્ય** પુષ્યગુપ્ત હતો.

મંત્રી-પરિષદ પ્રાંતીય કક્ષાએ **કુમાર** ઉપર અંકુશ રાખતી. તે ઉપરાંત તેઓને રાજા સાથે સીધો સંપર્ક હતો.

જ્યેષ્ઠ અમલદારોમાં **મહાપાત્રો** હતા. **અર્થશાસ્ત્ર** તેમને મંત્રીઓ તરીકે બતાવે છે જેમાં અશોકના શાસનમાં તેમને **ધમ્મ મહાપાત્રો** જેઓ ધર્મવિષયક ધ્યાન રાખતા. તેમની નિમણૂક એમ લાગે છે કે રાજા તેમ જ **કુમાર** બંને કરતા. બીજી કક્ષા જ્યેષ્ઠ અમલદારોની તે **અમાત્યોની** હતી. આ કક્ષાને ખાસ સત્તા આપવામાં આવતી. તેમની મનમાની વર્તણૂકને કારણે તક્ષિલાના લોકોએ બિંદુસાર અને અશોકના રાજ્યકાળ દરમિયાન બળવો પોકાર્યો હતો.

### 20.5.2 જિલ્લા અને ગ્રામ કક્ષાએ વહીવટ (District and Village Level Administration)

વહીવટી એકમો જિલ્લા કક્ષાએ ગોઠવેલા જૂથનો સમાવેશ કરે છે. તેનાં સંખ્યાબંધ ગામડાંઓનો સમાવેશ કરે છે અને તે જ સમયે દરેક ગામડાંને પોતાના વહીવટી એકમ હતા :

આ સમય દરમિયાન જિલ્લા કક્ષાએ અમલદારોની યાદીમાં **પ્રદેષ્ટ**, **રાજૂક** અને યુક્ત હતા. **પ્રદેષ્ટ** સમગ્ર જિલ્લાનો અધિકારી હતો. તેનાં કાર્યોમાં નીચે પ્રમાણે સમાવેશ થતાં :

- જમીનની માપણી અને તેની આંકણી
- પર્યટન અને તપાસ
- મહેસૂલ એકત્ર કરવું, અને
- કાયદો અને વ્યવસ્થાની જાળવણી વગેરે.

ક્યારેક રાજા આ અમલદારોના સીધા સંપર્કમાં રહેતા. દા.ત. અશોકના ચોથા સ્તંભ શાસનમાં **રાજૂકોને** લોકોના કલ્યાણ તેની કેટલીક સૂચનાના પાલન માટે "સ્વતંત્ર સત્તા" આપે છે. આ ઉપરાંત તેઓને બીજી કેટલીક સત્તાઓ આપે છે જે તેઓને આ પહેલાં ન હતી. **યુક્ત** તે ઊતરતા દરજ્જાનો અમલદાર હતો તે બીજા બે અમલદારોને મદદ કરતો. દરેક કક્ષાના અમલદારો ઉપર અંકુશ અને સત્તાની સમતુલા રહેતી.

અશોકનાં શાસનો ગ્રામ્ય કક્ષાના વહીવટ ઉપર વધુ પ્રકાશ ફેંકતાં નથી. પરંતુ **અર્થશાસ્ત્રમાં** આ એકમના વહીવટના ઉલ્લેખો છે. એમ જણાય છે કે આ કક્ષાના અમલદારો સ્થાનિક લોકો હતા જેમની નિમણૂક ગ્રામ્યજનો કરતા અને તેમને મદદ પણ કરતા. આવા અમલદારો માટે **ગ્રામિક** સંજ્ઞા બતાવેલી છે. આ કક્ષાનું માળખું સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે બદલાતું રહેતું પણ **ગોપ** અને **સ્થાનિક** આ બે પ્રકારના અમલદારો જિલ્લા અને ગ્રામ્ય કક્ષા વચ્ચેના વહીવટી એકમોમાં મધ્યસ્થી તરીકે વર્તતા. તેમનાં કાર્યોમાં સમાવેશ થતો.

- ગ્રામ્ય સરહદની હદ નક્કી કરવી.
- વિવિધ કાર્યો માટે વપરાયેલી જમીનની નોંધ રાખવી.
- લોકોની આવક અને ખર્ચની નોંધ રાખવી.
- કર, મહેસૂલ અને દંડ વગેરેની નોંધ રાખવી.

પણ ગામડાંઓને વહીવટમાં કેટલીક સ્વાયત્તતા હતી.

એટલું સ્પષ્ટ છે કે મૌર્ય રાજ્યે વહીવટનાં બધાં ક્ષેત્રો માટે ઘણી સંખ્યામાં અમલદારોને કામમાં રોક્યા હતા. આ બાબતમાં અગત્યનો મુદ્દો તે હતો કે આ સમય દરમિયાન પગાર રોકડમાં ચૂકવાતો. આપણી પાસે ઉલ્લેખો છે કે સેનાપતિને 48,000 પણ, સિપાઈને 500 પણ અને મજૂરને 60 પણ પગાર ચૂકવવામાં આવતો. આ બતાવે છે કે મૂડીના અર્થવ્યવસ્થાનું પ્રાબલ્ય અને રાજ્યની તિજોરી ઉપર ભયંકર બોજો હતો. કદાચ આ ભારને અર્થશાસ્ત્રનું મહેસૂલ અને કર ઊભો કરવાના તરફના વળગણને સમજાવે છે.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે કે ખોટાં તેની નિશાની (✓) અથવા (✗) મૂકો :

   ક. મૌર્યોનું રાજ્ય લશ્કરને નિભાવવા માટે મોટી રકમ ખર્ચતું. ( )

   ખ. મૌર્યો પાસે જાસૂસી તંત્ર ન હતું. ( )

   ગ. આ સમય દરમિયાન અદાલતને ફરજ બજાવવા માટે કેટલાક નિયમો અને કાનૂન હતા. ( )

   ઘ. રાજાને માફ કરવાની કોઈ પણ સત્તા ન હતી. ( )

   ચ. રાજ્ય જાહેર કામો માટે ધન વાપરતું. ( )

2. ખાલી જગા પૂરો :

   (1) પ્રાંતીય વહીવટના મુખ્ય અધિકારો ......હતા. (કુમાર/અમાત્ય)

   (2) ગ્રામ્ય કક્ષાએ ન્યાયની સત્તા આપવામાં ......હતી. (પ્રદેષ્ટ/ગ્રામિક)

   (3) ખાણો ઉપરનો રાજ્યનો અંકુશ મહેસૂલના ઉત્પાદનમાં ...... (ઓછો થયો/વધ્યો)

3. મૌર્ય રાજ્યના મહેસૂલનાં સાધનો અને ખર્ચ વિશે દસ લીટીમાં લખો.

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

4. ગ્રામ વહીવટનાં મુખ્ય લક્ષણોની પાંચ લીટીમાં નોંધ કરો.

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

## 20.6 બીજી સત્તાઓ સાથેના સંબંધો (Relations with Other Powers)

ચંદ્રગુપ્તના સમયથી સામ્રાજ્યનો અંત આવ્યો ત્યાં સુધીના મૌર્યોના વિદેશી સંબંધો બે સ્પષ્ટ તબક્કામાં વહેંચી શકાય :

(1) પ્રારંભનો તબક્કો અથવા વિકાસનો તબક્કો.

(2) ઉત્તરકાલીન તબક્કો અથવા તેની સ્થિરતાનો તબક્કો.

આપણી પાસે વિવિધ પુરાવાઓ છે જે આ સંબંધની માહિતી પૂરી પાડે છે. અશોકના શિલાલેખો દુનિયાના અન્ય ભાગના સમકાલીન રાજકર્તાઓનો નિર્દેશ કરે છે.

પ્રારંભના તબક્કાનું લક્ષણ વેપારી માર્ગોની સલામતીની નીતિ અને ગ્રીક વસાહતો જે ઉત્તરમાં અને ઉત્તર-પશ્ચિમના પ્રદેશોમાં તાબે કરવાની નીતિ હતો. તમે ચંદ્રગુપ્ત મૌર્ય અને સેલ્યુકસના યુદ્ધ વિશે એકમ 18માં વાંચી ગયા છો. એમ જણાય છે કે આ પ્રસંગ પછી મૌર્યોને સરહદ તરફથી કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ન હતો. મધ્ય ભારતના જોડાણને કારણે દક્ષિણાપથ ઉપર અંકુશ તેમને પ્રાપ્ત થયો અને દ્વીપકલ્પમાં આવ્યા. એમ કહી શકાય કે કલિંગના યુદ્ધ પછી વિકાસના પ્રારંભના તબક્કાનો અંત આવ્યો. આ તબક્કાનું લક્ષણ આક્રમક વિદેશી નીતિ હતી. યુદ્ધ અને દબાણ મારફતે વશ કરીને આક્રમક પ્રદેશોને પોતાના કાબૂ હેઠળ લાવ્યા હતા.

એક વખત મૌર્યોનો વિસ્તાર તેની મર્યાદા સુધી પહોંચ્યો ત્યાર પછી રાજ્યને મજબૂત કરવા અને ખૂબ નજદીકનાં પાડોશી રાજ્યો સાથે તેમ જ દૂર દૂરના દેશો સાથે પણ મૈત્રીભર્યા સંબંધો રાખવા ઉપર ભાર મૂકવામાં આવ્યો. એ પણ નોંધવું જોઈએ કે મૌર્યોએ બીજી સત્તાઓ સાથે સંબંધો બાંધ્યા તે રાજનીતિની જરૂરિયાત પ્રમાણે, ભૌગોલિક સમીપતા અને વેપારની જરૂરિયાત ઉપર આધારિત હતા.

બિંદુસારના રાજ્યકાળ દરમિયાન પશ્ચિમી જગત સાથે સંબંધો સ્થપાયા તેમાં ખેપિયાઓની નિયમિત અવરજવર, સ્ટ્રેબોનો હેવાલ બતાવે છે કે મૌર્યોના દરબારમાં મેગેસ્થિનીસનો ઉત્તરાધિકારી ડેમીઓક્સ હતો. આ મૈત્રીભર્યા સંબંધો એથેનયુસ (Athenaeus)ના હેવાલમાંથી મળે છે. તે બતાવે છે કે ભારતીય રાજાની વિનંતી દારૂ, અંજીર (Figs) અને તત્ત્વજ્ઞાનીઓને મોકલવા માટેની હતી.

ખડક-શાસન XIIIમાં અશોકે પાંચ સમકાલીન રાજકર્તાઓનો ઉલ્લેખ કર્યો છે :

- એન્ટીયોક (સીરિઆનો એન્ટીઓક્સ II)
- તુર્માયા (ઉજિપ્તના ટોલેમી II ફીલાડેલફ્સ)
- એન્ટીકીની (મેસેડોનીના એન્ટીગોનસ)
- માકા (સીરીનના મગો), અને
- અલિક્સુદરો (એપિરસના એલેકઝાન્ડર)

આ રાજ્યકર્તાઓનો ઉલ્લેખ **ધર્મવિજય**ના સંબંધમાં છે તે બતાવે છે કે (Missions) ધર્મમંડળીઓ આ રાજકર્તાઓને **ધમ્મ**ના સંદેશ સાથે મોકલી હતી. આ ધર્મમંડળીઓએ મૈત્રીભર્યા સંબંધો ખૂબ સારી રીતે સ્થાપ્યા હોવા જોઈએ કારણ શાસન નોંધે છે કે મહાન વિજય અર્થાત્ **ધમ્મ**નો વિજય આ પ્રદેશોમાં મેળવ્યો હતો. અહીં આપણે યાદ રાખવું જોઈએ કે આ સમય દરમિયાન પશ્ચિમી જગત સાથે નિયમિત વેપાર શરૂ થયો હતો અને જે પ્રકારની લેણદેણ થઈ તેણે માત્ર જુદા જુદા સાંસ્કૃતિક તરીકાને નહીં પણ કળા અને સ્થાપત્યની નવી શાખાઓનો પાયો નાંખ્યો (આ સંબંધી તમે વધારે વિભાગ 6માં વાંચશો).

મૌર્યોના સત્તા સાથેના સંબંધો મૈત્રીભર્યા જણાય છે. અશોકના શિલાલેખો ઘણા દૂરના પ્રદેશો, જેમાં ચોળો, પાંડ્યો, કેરલપુત્રો અને સતીયા પુત્રો રાજ્ય કરતા હતા ત્યાં મળ્યા નથી - દક્ષિણની મુખ્ય સ્વતંત્ર સત્તાઓ પણ ખડક શાસન XIII **ધમ્મવિજય** આ પ્રદેશોમાં સંબંધો હોવાનું બતાવે છે. આગળ જતાં તે દલીલને સમર્થન આપે છે કે મૈત્રીભર્યા અને મજબૂત સંબંધો હતા. શ્રીલંકા **ધમ્મ**ની નીતિને કારણે બીજું મિત્ર પડોશી હતું.

આ પ્રમાણે આપણે મૌર્યોના બીજી સત્તાઓ સાથેના સંબંધોમાં દેખીતી રીતે ફેરફાર થયેલો જોઈ શકીએ છીએ. એટલે કે વિસ્તૃતીકરણ અને તાબેદારીની નીતિ તરફથી લશ્કરી જીત વિનાની મૈત્રીની અને નૈતિક જીતની નીતિ તરફનો બદલાવ છે.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. મૌર્યોના બીજી સત્તાઓ સાથેના સંબંધોમાં વિવિધ તબક્કાઓની ચર્ચા કરો. જવાબ 10 પંક્તિમાં લખો.

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

2. ખડકશાસન XIIIમાં બતાવેલા યવન રાજકર્તાઓનાં નામોની યાદી આપો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## 20.7 સારાંશ

આપણે આ એકમમાં જોયું કે મૌર્યોનું વહીવટીતંત્ર કેન્દ્રીય કક્ષાએ ઉચ્ચ કોટિનું વ્યવસ્થિત હતું. બધી સત્તાઓ રાજાને આપેલી હતી છતાં મંત્રી પરિષદ જુદી જુદી બાબતોમાં રાજાને મદદ કરતી. જુદા જુદા અમલદારોની સત્તા અને કાર્યપ્રદેશ સ્પષ્ટ કરેલાં હતાં. **અર્થશાસ્ત્ર** તેમની લાયકાત પણ બતાવે છે. અશોકના સમયનું અદ્વિતીય લક્ષણ તે રાજાનો પ્રજાપ્રત્યે પિતાતુલ્ય વહેવારનો ઉદ્ભવ હતો. અને વિવિધ પ્રકારનાં જાહેર કામો રાજ્ય દ્વારા હાથમાં લેવાતાં.

રાજ્યે માત્ર કૃષિશેષ પેદાશ ઉપર ધ્યાન આપવાને બદલે તે શેષને વિનિયોગ કરવાની સફળ તરકીબો પણ વ્યવસ્થિત કરી. પ્રાંતીય, શહેર કે ગ્રામ્ય કક્ષાએ વહીવટી એકમ પણ આ યોજનાનો એક ભાગ હતું. કરપદ્ધતિ ખૂબ વ્યવસ્થિત હતી પરંતુ રાજ્ય પોતાની આવકનો મોટો ભાગ લશ્કર અને જુદા જુદા અમલદારોના પગાર પાછળ ખર્ચતું. જોકે મૌર્યોએ પોતાની વહીવટી પદ્ધતિ વધારે જૂની વહીવટી પદ્ધતિને આધારે ગોઠવી હતી છતાં તેઓએ સામ્રાજ્યને મજબૂત કરવા માટેના કેટલાક નવા વ્યાવહારિક તત્ત્વો ચોક્કસપણે દાખલ કર્યા હતા.

મૌર્યોના વિદેશો સાથેના સંબંધો ફેલાવો અને દૃઢીકરણના બે તબક્કામાંથી પસાર થયા. એક વાર યુદ્ધ અને તાબે કરવાની નીતિ દ્વારા ફેલાવાની હદ આવી એટલે મૈત્રીભર્યા સંબંધો દ્વારા દૃઢીકરણના વલણ તરફ ઢળ્યા.

## 20.8 ચાવીરૂપ શબ્દો

**ધમ્મવિજય** : સમ્રાટ અશોકે આ વિચાર દાખલ કર્યો. શાંતિ અને અહિંસા મારફતે અહિંસાના સિદ્ધાંત અને વિજય ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

**જાસૂસી પ્રથા** : બાતમીદારની પદ્ધતિ.

**સુબાગીરી** : રાજ્ય પ્રતિનિધિનો હોદ્દો. રાજા રાજ્ય - પ્રતિનિધિ (સુબો)ની તેના હકૂમત હેઠળનાં વહીવટી એકમો માટે નિમણૂક કરતા.

## 20.9 'તમારી પ્રગતિને ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. ક. ✓
   ખ. ✗
   ગ. ✓
   ઘ. ✗
   ચ. ✓

2. સમિતિની સત્તાઓ અને રાજાએ તેમને કેવી રીતે મર્યાદિત કરી તે તમારા જવાબમાં બતાવવું જોઈએ. સમિતિ સલાહકાર મંડળ હતું અને રાજા તેમની સલાહ માનવા બંધાયેલો ન હતો. જુઓ પેટા વિભાગ 20.3.2.

3. ક. ગૂંચવણભર્યું
   ખ. સ્થાપવું, દૈવી
   ગ. છ, પાંચ
   ઘ. વિસ્તૃત
4. તમારો જવાબ મેગેસ્થિનીસના હેવાલ અને **અર્થશાસ્ત્ર** સાથે તેની સરખામણીના આધારે આપવો જોઈએ. જુઓ પેટા વિભાગ 20.3.3

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. ક. ✓
   ખ. ✗
   ગ. ✓
   ઘ. ✗
   ચ. ✓
2. (i) કુમાર
   (ii) ગ્રામિક
   (iii) વધ્યો.
3. તમારા જવાબનો પાયો પેટા વિભાગ 20.4.4
4. ગ્રામ્ય વહીવટના સ્વરાજ્ય અંગેના ખ્યાલ અને આ કક્ષાએ અમલદારોની ફરજ. જુઓ પેટા વિભાગ 20.5.2

### તમારી પ્રગતિ તપાસો (ગ)

1. તમારે બતાવવું જોઈએ અને બે મુદ્દાઓ વિસ્તૃત કરો. એક ફેલાવો અને બીજું મજબૂત કરવું જુઓ વિભાગ 20.6.
2. આ છે એન્ટિઓક્સ II (સિરીઆનો)
   ટોલેમી II (ઇજિપ્તનો)
   ઓંટીગોનસ (મેસેડોનીઆનો)
   મગ (સિરીનનો Cyreneનો) અને
   એલેકઝાન્ડર (ઇપિરસનો)

# એકમ 21 અશોકની ધમ્મનીતિ (Ashok's Policy of Dhamma)

રૂપરેખા

21.0 ઉદ્દેશો
21.1 પ્રસ્તાવના
21.2 ઐતિહાસિક પશ્ચાદ્ભૂ
21.2.1 સામાજિક-આર્થિક પશ્ચાદ્ભૂ
21.2.2 ધાર્મિક સ્થિતિ
21.2.3 રાજ્યબંધારણ
21.3 શિલાલેખોની વહેંચણી
21.4 **ધમ્મ**-કારણો
21.5 **ધમ્મ**માં સમાવિષ્ટ બાબતો
21.6 અશોકનો **ધમ્મ** અને મૌર્યનું રાજ્ય
21.7 **ધમ્મ**-અર્થઘટન
21.8 સારાંશ
21.9 ચાવીરૂપ શબ્દો
21.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 21.0 ઉદ્દેશો

આ એકમ અશોકની **ધમ્મ** નીતિ વિશે વિચારે છે. આ એકમ વાંચ્યા પછી તમે –

- **ધમ્મ**ની નીતિની યોજનાની ઐતિહાસિક ભૂમિકા સમજી શકશો.
- અશોકનાં શાસનોમાં **ધમ્મ** કેવી રીતે ઊપસી આવે છે તે સમજી શકશો.
- અશોકના ધમ્મનીતિનું તત્ત્વ-તેણે સમજાવેલું અને કલ્યાણનાં કાર્યોમાં પ્રતિબિંબિત થતું, પિતાતુલ્ય વર્તન વગેરે સમજી શકશો.
- અશોક એક વ્યક્તિ-બૌદ્ધધર્મમાં માનનાર અને રાજ્યની નીતિ નક્કી કરનાર અશોક સમ્રાટ તરીકે-નો ભેદ સમજી શકશો અને
- અશોકે તેની **ધમ્મ** નીતિના પ્રસાર માટે વાપરેલા વિવિધ માર્ગો-ધમ્મ મહાપાત્રોની ભૂમિકા સમજી શકશો.

## 21.1 પ્રસ્તાવના

અશોક મૌર્ય ઈ.સ.પૂ. 269માં ગાદી ઉપર આવ્યો. ઘણા ઇતિહાસકારો તેને પ્રાચીન જગતના સૌથી મહાન રાજાઓમાંના એક તરીકે ગણાવે છે. તેની **ધમ્મ** અંગેની નીતિ ઘણા વિદ્વાનોમાં જીવનચર્ચાનો વિષય છે. **ધમ્મ** શબ્દ સંસ્કૃત શબ્દ ધર્મનું પ્રાકૃત સ્વરૂપ છે. ધમ્મ શબ્દ જુદી જુદી રીતે અનૂદિત થયો છે. જેમ કે ભક્તિ, નૈતિક જીવન, પ્રમાણિકતા વગેરે. પરંતુ સૌથી સારી રીતે સમજવા માટે અશોક **ધમ્મ** થી શું અર્થ કરે છે તે માટે તેનાં શાસનો વાંચવાં જોઈએ. શાસનો ખાસ કરીને સમગ્ર રાજ્યમાં **ધમ્મ**ના સિદ્ધાંત લોકોને સમજાવવા માટે લખાયાં હતાં. માટે જ ઘણાં શાસનોને એક યા બીજી રીતે **ધમ્મ** વિશે કશુંક કહેવું હતું જેમ કે પોતાની પ્રજા ધમ્મનું આચરણ કરે.

અશોક કેટલો આતુર હતો અને રાજ્યનો વહીવટ પણ **ધમ્મ**ના સિદ્ધાંત પ્રમાણે ચલાવવા કેટલો આતુર હતો. ધમ્મના સિદ્ધાંતો બધાને સરળતાથી પ્રાપ્ત થાય અને બધા સમજી શકે માટે તેણે શાસનો કે શિલાલેખો સમગ્ર સામ્રાજ્યમાં અગત્યનાં સ્થળોએ મૂક્યાં અને સામ્રાજ્યની બહાર પણ **ધમ્મ**ના દૂતોને મોકલ્યા.

એ વાત સ્પષ્ટ થવી જોઈએ કે **ધમ્મ** કોઈ એક ખાસ પંથની વફાદારી અથવા આચાર ન હતો. માટે આપણે ધમ્મ (અથવા તેની સંસ્કૃતિ બરોબર ધર્મ)નું ભાષાંતર પંથ તરીકે ન કરવું જોઈએ. તે રાજ્યનીતિને સ્વચ્છંદી રીતે ઘડેલી ન હતી. **ધમ્મ** સામાજિક વર્તન અને ઘણા સામાન્ય અર્થમાં પ્રવૃત્તિના વિચાર સાથે સુસંગત હતો અને અશોકે તેના **ધમ્મ**માં ઘણા વિચારો કે જે તેના સમયમાં પ્રચલિત હતા તેનું કાળજીપૂર્વક સંયોગીકરણ કર્યું હતું. અશોકે શા માટે અને કેવી રીતે **ધમ્મ**ને યોજનાપૂર્વક ઘડ્યું અને તેનો શો અર્થ હતો તે સમજવા માટે તે જે સમયમાં થયો તેનાં લક્ષણો સમજવાં જોઈએ અને બૌદ્ધ, બ્રાહ્મણ ધર્મ અને વિવિધ બીજા ગ્રંથો કે જેમાં સામાજિક વર્તનના વિચારો આપેલા છે તે સમજાવેલા છે.

## 21.2 ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિકા (Historical Background)

ધમ્મની નીતિનાં વિવિધ પાસાંઓ અને એની રચનાનાં કારણો સમજવા માટે જે પશ્ચાદ્ભૂમાં અશોક માટે એનું ઘડતર શક્ય બન્યું એ પશ્ચાદ્ભૂનું આલેખન જરૂરી છે. હવે પછીના ત્રણ પેટાવિભાગોમાં આપણે આ ઐતિહાસિક પશ્ચાદ્ભૂની ચર્ચા કરીશું.

### 21.2.1 સામાજિક-આર્થિક પશ્ચાદ્ભૂ (Socio-Economic-Backgrund)

મૌર્ય સમય સમાજના આર્થિક માળખામાં ફેરફારનો સાક્ષી બન્યો. લોખંડના ઉપયોગનું પરિણામ આવ્યું વધારે ઉત્પાદન. સાદી ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં ફેરફાર થઈને શહેરો અને નગરોએ આ નવા પ્રકારની અર્થવ્યવસ્થાની તરેહમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. સામાન્ય રીતે એવી દલીલ થાય છે કે ઉત્તરના કાળા ચમકતાં માટીનાં વાસણોનો ઉપયોગ આ સમયની ભૌતિક સમૃદ્ધિનું દર્શક છે. આહત મુદ્રાઓની ચાંદી સિક્કાઓ અને બીજા પ્રકારના સિક્કાઓનો ઉપયોગ રાજ્ય દ્વારા વેપારના માર્ગોની જાળવણીમાં સમાનપૂર્વકની દરમિયાનગીરી અને શહેરી કેન્દ્રોનો ઉદ્ભવ સમાજમાં જરૂરી આર્થિક વ્યવસ્થાના માળખામાં ફેરફાર બતાવે છે કે વેપારને લગતો વર્ગ આગળ આવ્યો. શહેરી સંસ્કૃતિનો ઉદ્ભવ તેના વધારે પડતા નરમ સામાજિક વ્યવસ્થાની માંગ ઊભી થઈ. બહારના પ્રદેશમાંથી ટોળીઓ અને લોકોના જોડાણથી સામાજિક બંધારણમાં પ્રશ્ન ઊભાકર્યા.

બ્રાહ્મણ ધર્મની સામાજિક વ્યવસ્થા ચાર **વર્ણ** ઉપર આધારિત હતી. તેણે પ્રતિભાવ તરીકે જ્ઞાતિપ્રથાને વધારે કડક બનાવી અને વેપારી વર્ગને ઊંચો હોદ્દો આપવાની ના પાડી. બ્રાહ્મણ વર્ગના અક્કડ વલણથી સમાજની અંદરના વિભાગો વધુ તીવ્ર બન્યા. નીચ વર્ણો સ્થાપિત ધર્મોથી વિરુદ્ધ પંથો અને તેણે સામાજિક ખેંચાણ ઉત્પન્ન કર્યું. જ્યારે સમ્રાટ અશોકે મૌર્ય ગાદી વારસામાં મેળવી અને ગાદીએ આવ્યો ત્યારે આ વાતાવરણ હતું.

### 21.2.2 ધાર્મિક સ્થિતિ (Religious Conditions)

બ્રાહ્મણોના દાબ જે સમાજ ઉત્તરકાલીન વેદના સમય દરમિયાન ખંતથી બંધાયેલો તેના ઉપર હુમલા વધવા લાગ્યા. પુરોહિતોના હક્કો, જ્ઞાતિપ્રથાની કડકાઈ અને વિસ્તૃત ધાર્મિક ક્રિયાઓ પણ વાદવિવાદના વિષયો બનવા લાગ્યા. ચાર વર્ણોમાં નીચ વર્ણના લોકો નવા પંથોને ટેકો કરવા લાગ્યા. વૈશ્યો જેઓને ઉચ્ચ શ્રેણીમાં ગણવામાં આવ્યા હતા તેઓન પણ બ્રાહ્મણો અને ક્ષત્રિયોએ ઊતરતી કક્ષામાં સ્વીકારવા લાગ્યા. બ્રાહ્મણ ધર્મને વેપારી વર્ગ તરફના વિરોધને કારણે સમાજના બીજા પંથોએ ટકોરવા માંડ્યું.

વધારે જુનવાણી દૃષ્ટિબિંદુવાળા બ્રાહ્મણ ધર્મની સામે બૌદ્ધ ધર્મે ધર્મભેદની હિલચાલ શરૂ કરી. તેઓનો મૂળભૂત સિદ્ધાંત ''મધ્ય માર્ગ'' ની વકીલાત અને કંગાલિયત ઉપર ભાર મૂક્યો હતો. તે માત્ર નૈતિક સિદ્ધાંતોનું માળખું. બૌદ્ધ ધર્મે બ્રાહ્મણોનું પ્રભુત્વ અને યજ્ઞોનો વિચાર અને કર્મકાંડનો વિરોધ કર્યો. આથી નીચ વર્ણના લોકોને અસર થઇ અને સામાજિક વર્ગો બહાર નીકળ્યા. બૌદ્ધ ધર્મ વડે સમાજને માનવી સંબંધોથી ઉપદેશીને સમાજના જુદા જુદા વર્ગોને બૌદ્ધ ધર્મ તરફ આકર્ષ્યા.

### 21.2.3 રાજ્યબંધારણ (Polity)

ભારતના ઘણા ભાગોમાં રાજ્યપદ્ધતિની શરૂઆત એટલે કે ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકાનાં **મહાજનપદો** વિશે તમે વાચ્યું છે. તેનો અર્થ એ કે માત્ર સમાજના એક નાના જૂથે એકહથ્થું સત્તાનો ઇજારો પ્રાપ્ત કર્યો જેનાથી તેઓ સમાજના બીજાઓ ઉપર જુદી જુદી રીતે અને જુદાં જુદાં કામો માટે તેનો ઉપયોગ કરતા. આ રાજાશાહીનું આધિપત્ય જેમાં રાજા જ સર્વોપરી સત્તાધિકારી હતો અને **ગણસંઘો** હતા જેમાં રાજકર્તાઓ વારસાગત **ક્ષત્રિયો**નો સમૂહ હતો અથવા ટોળીનો સભ્ય હતો. જ્યારે અશોક ગાદીએ આવ્યો ત્યારે 200 કરતાં વધુ વર્ષોથી ચાલતી રાજ્યપદ્ધતિ વધારે વિસ્તૃત અને સંકુલ થઈ હતી. તેનાં લક્ષણો આ પ્રમાણે હતાં :

- એક પ્રદેશ(મગધ)ની સર્વોપરી રાજકીય સત્તા મોટા મુલક પર હતી જેમાં પહેલાંનાં ઘણાં રાજ્યો, **ગણસંઘો** અને એવા પ્રદેશો કે જ્યાં પહેલાં વ્યવસ્થિત રાજ્યો ન હતાં તે બધાંનો સમાવેશ થતો.
- આ વિશાળ મુલકમાં, વિવિધ ભૌગોલિક પ્રદેશો, સાંસ્કૃતિક પ્રદેશો અને વિવિધ શ્રદ્ધા, માન્યતા અને પ્રણાલીઓ હતી.
- રાજકર્તા વર્ગની એકહથ્થુ સત્તા જેનો સર્વોપરી નાયક રાજા હતો.
- ખેતી, વેપાર અને બીજાં સાધનોમાંથી પ્રાપ્ત નક્કર વધારાના જથ્થાનો યોગ્ય વિનિયોગ.
- વહીવટી તંત્રનો ઉદ્ભવ.


રાજ્યની સંકુલ પદ્ધતિ માટે રાજા તરફથી એક સર્જનાત્મક નીતિની જેમાં જરૂર હતી. વિવિધ પ્રકારની અર્થવ્યવસ્થા અને **ધર્મો ધરાવતા** રાજ્યમાં ઓછા બળ સાથેના તંત્રની જરૂર હતી. તે માત્ર લશ્કરથી વશમાં રાખી શકાય નહીં. વધારે શક્ય પસંદગી નીતિનો ફેલાવો હતો. તે એક તર્કના ધોરણે સમાજના બધા વિભાગોને પહોંચે. **ધમ્મ**ની નીતિ એક આવો પ્રયત્ન હતો.

## 21.3 શિલાલેખોની વહેંચણી (Distribution of Inscriptions)

અશોકે તેના ધમ્મની નીતિને સમજાવવા માટે શાસનોના માધ્યમ તરીકે ઉપયોગ કર્યો. આ વિભાગના એકમ 18 માં આપેલા નકશાનો અભ્યાસ કરો. તે તમને અશોકના વિવિધ પ્રકારના શિલાલેખોની વહેંચણી બતાવે છે, જેમ કે

- મુખ્ય ખડક શાસનો
- ગૌણ ખડક શાસનો
- સ્તંભ શાસનો વગેરે

અશોકે પોતાના **ધમ્મ** વિશેના વિચારો આ શાસનો ઉપર કોતરાવ્યા જે વિવિધ પ્રદેશના લોકો વાંચી શકે તે પ્રાયોજન હતું. તેમ કરવાથી અશોક પોતે પ્રજાની સાથે સીધા સંપર્ક સાધી શકે. આ શિલાલેખો તેના રાજ્યનાં જુદાં જુદાં વર્ષોમાં લખાયેલા છે. સિદ્ધાંતોની તપાસ કરતાં તેમાંથી જણાય છે કે અશોક **ધમ્મ** એટલે શું તેનો ખ્યાલ આપે છે.



**8. અશોકનો શિલાલેખ (કંદહાર)**

શિલાલેખો બે વિભાગમાં વહેંચી શકાય છે. આ શિલાલેખોનો નાનો સમૂહ બતાવે છે કે રાજા બૌદ્ધધર્મનો અનુયાયી હતો અને આ (શિલાલેખો) બૌદ્ધ સંઘને ઉદ્દેશીને લખેલા હતા. તેમાં જાહેરાત છે કે અશોકને પોતાને બૌદ્ધ ધર્મ સાથે સંબંધ હતો. તેમાંના એક લેખમાં તે કેટલાક ધર્મગ્રંથો તેમના શીર્ષક સાથ બતાવે છે કે બધા બૌદ્ધો તેનાથી માહિતગાર હોવા જોઈએ.

બીજા પ્રકારના શિલાલેખો મુખ્ય અને ગૌણ ખડકશાસનો તરીકે જાણીતા છે અને તે ખડકની સપાટી ઉપર કોતરાયેલા છે. તેમાં સ્તંભ શાસનોનો સમાવેશ થાય છે કે જે ખાસ ઊભા કરેલા થાંભલા ઉપર કોરાયેલાં છે.

જે મોટી સંખ્યાના લોકો સહેલાઈથી જોઈ વાંચી શકે તેવી ખાતરી સાથે અશોકના શિલાલેખો માટેનાં બધાં સ્થળો ચીવટપૂર્વક પસંદ કરેલાં છે. આ પ્રમાણે બતાવી શકાય કે આ શાસનો મોટા ભાગના લોકો માટે ઢંઢેરા તરીકે

વર્ણવી શકાય. તેઓ ધમ્મનો વિચાર સમજાવે છે. અશોકની સામાજિક જવાબદારી ઉપર ભાર મૂકતી ધમ્મનીતિ અને અશોકનો પોતાનો બૌદ્ધ ધર્મ તરફની નિષ્ઠા એ બે વચ્ચેનો ફરક આપણે કરવો જોઈએ. ભૂતકાળમાં ઇતિહાસકારોનું અભ્યાસ કરવાનું એક વલણ હતું જે ધમ્મની નીતિ અને બૌદ્ધ ધર્મ આચરનાર અશોક બે વચ્ચે અભેદ રાખતું. ધ્યાનપૂર્વક શિલાલેખોની તપાસ સૂચવે છે કે અશોક એક બાજુએ પોતાનો વ્યક્તિગત સંપર્ક બૌદ્ધ પંથમાં જાહેર કરે છે ત્યારે બીજી બાજુએ તેણે ધમ્મની નીતિ મારફતે સામાજિક જવાબદારીની અગત્ય અને સમાજના બીજા વર્ગો સાથેની સહિષ્ણુતા શીખવવાનો પ્રયત્ન કર્યો. આ અંગે વિગતે આપણે હવે પછીના વિભાગોમાં ચર્ચા કરીશું.

## 21.4 ધમ્મ-કારણો (Dhamma-Causes)

**ધમ્મ** નીતિનાં કારણોની તપાસમાં આ એકમમાં આગળ ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂની રૂપરેખા આપણે દોરી છે. આપણે સૂચન કર્યું છે કે **ધમ્મ** નીતિ એ એક સંકુલ સમાજનો સામનો કરવા માટે કેટલાક પ્રશ્નોનો ઉકેલ લાવવાનો ખરા અંતઃકરણનો પ્રયત્ન હતો. આ નીતિ અશોકના મગજમાં પક્વ થઈ અને તેની મારફતે તેણે સમાજની અંદરની કેટલીક મનોદશાને દૂર કરવાનો પ્રયત્ન કર્યો. અશોકની પોતાની અંગત માન્યતાઓ અને તેનું પોતાનું દૃષ્ટિબિંદુ એ હતું કે પોતાના સામ્રાજ્યના પ્રશ્નોને કેવી રીતે તેણે પ્રત્યુતર વાળવો તે જ જવાબદારીને કારણે **ધમ્મ**ની નીતિને તેણે યોજનાપૂર્વક તૈયાર કરી. આપણે એ સમજવું જરૂરી છે કે ત્યારનું સામાજિક વાતાવરણ કે જેમાં અશોક મોટો થયો તે વાતાવરણે જ અશોકને તેના ઉત્તરકાળના જીવન પર અસર કરી.

મૌર્ય રાજાઓએ સર્વગ્રાહી દૃષ્ટિબિંદુ સ્વીકાર્યું હતું અને તેઓ તે માટે જાણીતા છે. ચંદ્રગુપ્તે પોતાના ઉત્તરકાળના જીવનનાં વર્ષોમાં જૈન ધર્મનો આશરો લીધો અને બિંદુસારે આજીવિકોની તરફેણ કરી. અશોકે પોતે પોતાના અંગત જીવનમાં બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો છતાં તેણે પ્રજાને બૌદ્ધ ધર્મ પાળવા ઉપર ક્યારેય દબાણ કર્યું નથી. **ધમ્મ**નો ચોક્કસ અનુક્રમ શીખતાં પહેલાં આપણે તે સંજોગોના સઘળા ભાગના મુખ્ય મુદ્દાઓ કે જેણે આ નીતિને આકાર આપ્યો તેનો ટૂંકમાં સારાંશ જોઈએ. જેમકે અશોક જ્યારે ગાદી ઉપર આવ્યો ત્યારે મૌર્યોની રાજાશાહી પદ્ધતિ એક સંકુલ બાબત બની હતી. રાજાશાહી પદ્ધતિ વિવિધ સંસ્કૃતિઓ, માન્યતાઓ અને સામાજિક અને રાજકીય તરાહથી ઘેરાયેલી હતી. અશોક કાં તો આ માળખું તાકાતથી જાળવી રાખે, પણ તેમ કરવાથી ઘણો ખર્ચ ઊભો થાય, અથવા સમાજના વિચારોની વ્યવસ્થા એવી રીતે કરે જે બધાને સ્વીકાર્ય બને. આથી તેણે બધી સામાજિક પ્રવૃત્તિઓ અને ધાર્મિક માન્યતાઓનો છેદ ઉડાડી દેવો. અશોકને તેનો જવાબ ધમ્મની નીતિમાં જડ્યો.

- અશોકને તનાવનો ખ્યાલ હતો જે પાખંડી પંથો જેમ કે બૌદ્ધ, જૈન ધર્મ અને આજીવિકોના ઉદ્‌ભવ સાથે પેદા થયો હતો. તેઓ બધા બ્રાહ્મણ ધર્મના પ્રભુત્વનો એક યા બીજી રીતે વિરોધ કરતા અને મોટી સંખ્યામાં તેના ટેકેદારો થયા. પણ બ્રાહ્મણોએ સમાજ ઉપર સખત દાબ રાખવાનું ચાલુ રાખ્યું અને દુશ્મનાવટના કેટલાંક પગલાં અનિવાર્ય હતાં. એકતાના વાતાવરણ અને આવા સંજોગોમાં અરસપરસના વિશ્વાસની ખાસ જરૂર હતી.
- સામ્રાજ્યની અંદર ઘણા પ્રદેશો હતા જે દેખીતી રીતે બ્રાહ્મણધર્મની પદ્ધતિ કે પ્રચલિત પાખંડી પંથને અનુસરતા ન હતા. અશોકે પોતે તેમને યવનોના શહેર તરીકે ઓળખાવે છે. જ્યાં બ્રાહ્મણ કે શ્રમણ સંસ્કૃતિ પ્રચારમાં ન હતી. ઉપરાંત સામ્રાજ્યમાં ટોળીના ઘણા પ્રદેશો એવા હતા કે જ્યાં લોકો સ્પષ્ટ રીતે બ્રાહ્મણધર્મ કે પાખંડી ધર્મના વિચારોથી માહિતગાર ન હતા. સામ્રાજ્યને જીવંત રાખવા અને સામ્રાજ્યની અંદર એકબીજાને વળગી રહે તેવાં પગલાં આવા ભેદભર્યા સમાજની અંદર લેવાં જરૂરી હતાં એટલે જ કેટલાક સામાન્ય વર્તનની પદ્ધતિઓ અને સમાજના પ્રશ્નોને એક રીતે પહોંચવાની જરૂર હતી.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) **ધમ્મ**ની નીતિને યોજનાપૂર્વક ઘડવા પાછળના ઐતિહાસિક પાશ્ચાદ્‌ભૂમિકાની ટૂંકમાં ચર્ચા કરો. તમારો જવાબ પંદર લીટીથી વધવો ન જોઈએ.

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(2) નીચેનાં વિધાનો સામે ખરાં (✓) કે ખોટાં (x) ની નિશાની કરો :

(i) અશોકે તેની ધમ્મની નીતિને સમજાવવા માટે શાસનનું માધ્યમ વાપર્યું. ( )

(ii) અશોક ધમ્મની નીતિ મારફતે બૌદ્ધ ધર્મને આગળ લાવવાનું નિશાન રાખતો. ( )

(iii) સ્તંભ શાસનો ખાસ ઊભા કરવા થાંભલાઓ ઉપર કોતરેલાં હતાં. ( )

(3) **ધમ્મ**ની નીતિનો ઠરાવ કરવાના લક્ષ્યાંક માટે કયા સામાજિક તનાવો હતા? પાંચ લીટીમાં સમજાવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## 21.5 ધમ્મમાં સમાવિષ્ટ બાબતો (Contents of Dhamma)

**ધમ્મ**ના સિદ્ધાંતો એવી રીતે બનાવેલા હતા કે જુદી જુદી જ્ઞાતિઓ અને કોઈ પણ ધર્મના પંથને અનુસરનારાને સ્વીકાર્ય બને. **ધમ્મ**ને માટે કોઈ પણ નિયમસરની વ્યાખ્યા કે બંધારણ આપેલું ન હતું. તેમાં સહિષ્ણુતા અને સામાન્ય વર્તન ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. **ધમ્મ** બેવડી સહિષ્ણુતા ઉપર ભાર મૂકે છે. તે લોકોની પોતાની સહિષ્ણુતા અને તેમની વિવિધ માન્યતાઓ અને વિચારોની સહિષ્ણુતા ઉપર ભાર મૂકે છે. વળી ગુલામો અને નોકરોની ઉપયોગિતા બતાવવા ઉપર ભાર મૂકે છે. આ ઉપરાંત વડીલોને માન આપવું, જરૂરિયાતવાળા બ્રાહ્મણો અને શ્રમણો વગેરે તરફ ઉદારતા ઉપર ભાર મૂકે છે. અશોકે એકતા ઉત્પન્ન કરવાના પ્રયત્ન રૂપે જુદા જુદા ધાર્મિક પંથોની સહિષ્ણુતા માટે પણ વકીલાત કરી છે.

**ધમ્મ**ની નીતિમાં અહિંસા ઉપર ભાર મૂક્યો છે. અહિંસાના આચરણ માટે યુદ્ધોને તજી દેવા અને જીતોમાંથી પણ મુક્ત રહેવા અને પશુઓના વધને પણ અંકુશમાં રાખવા જણાવ્યું છે. અશોકને એ પણ સમજાયું છે કે તેના અમુક રાજકીય ભપકા માટે આદિવાસી જંગલની ટોળકીના ઉપર દાબ મૂકવો પણ જરૂરી છે.

**ધમ્મ**નીતિનાં કેટલાંક કલ્યાણનાં પગલાંનો પણ સમાવેશ થાય છે, જેમ કે વૃક્ષો વાવવાં, કૂવા ખોદાવવા વગેરે. અશોકે જુદા જુદા પ્રસંગોએ નિયમિત કરાતી વિધિઓ અને યજ્ઞો ઉપર પણ પ્રહાર કર્યા છે અને તેને અર્થહીન ગણાવી છે. અમલદારોના સમૂહની નિમણૂક કરી છે જેઓ **ધમ્મ**ના જુદા જુદા મુદ્દાઓને અમલમાં મૂકવા અને જાહેરાત કરવા માટે તેઓ **ધમ્મ** મહામાત તરીકે ઓળખાતા. અશોકે તેઓના ઉપર મોટી જવાબદારી મૂકી છે અને તેઓ તેનો સંદેશ સમાજના વિવિધ ભાગો સુધી પહોંચાડે. તેઓ ધીરે ધીરે ધમ્મના પુરોહિતો બન્યા. ઘણી મોટી સત્તાને કારણે તેઓએ પછી રાજકારણમાં પણ માથું મારવાનું શરૂ કર્યું.

ધમ્મના બધા મુદ્દાને સ્પષ્ટ કરવા માટે આપણે આ નીતિને ક્રમ પ્રમાણે વિકાસ પામી. તે અંગે કેટલાંક શાસનોની અનુક્રમણિકા તપાસી જોઈશું.

**મુખ્ય ખડક શાસન I** પશુવધ અને તહેવારોનાં સંમેલનોની મનાઈ કરે છે.

**મુખ્ય ખડક શાસન II** માં સામાજિક કલ્યાણના કેટલાંક પગલાંને લગતું છે તેનો ધમ્મની કામગીરીમાં સમાવેશ કરેલો છે. તે તબીબી સહાય માણસ સહાય માણસ અને પશુઓ માટે, રસ્તાઓ અને કૂવાઓ બનાવવા, વૃક્ષો ઉછેરવા વગેરેનો સમાવેશ કરે છે.

**મુખ્ય ખડક શાસન III** જાહેર કરે છે કે બ્રાહ્મણો અને શ્રમણો તરફની ઉદારતા તે સદ્‌ગુણ છે, માતા ને પિતાને માન આપવું વગેરે બધા સારા ગુણો છે.

**મુખ્ય ખડક શાસન IV** આ ધમ્મ નીતિનું ઘણું મહત્ત્વનું વિધાન છે. શાસન નોંધે છે કે ધમ્મની નીતિને કારણે અનીતિનો અટકાવ, બ્રાહ્મણો અને શ્રમણો તરફનો અનાદર, હિંસા, મિત્રો, સગાંસંબંધીઓ અને બીજાં તરફનું અણછાજતું વર્તન અને આ પ્રકારનાં અનિષ્ટો અંકુશમાં રહ્યાં છે. પશુઓનો મોટા પ્રમાણમાં વધ પણ અટક્યો હતા.

**મુખ્ય ખડક શાસન V** રાજાની કરકિર્દીના બારમા વર્ષે પહેલી જ વાર ધમ્મ મહામાત્યોની નિમણૂકની નોંધ કરે છે. આ ખાસ અમલદારોની નિમણૂક રાજા કરતો અને તેઓ બધા પંથો અને ધર્મોના કલ્યાણ જોતા અને ધમ્મનો સંદેશ સમાજના એકે એક ખૂણામાં પ્રસારવા માટે ધમ્મની નીતિનો અમલ તેઓના હસ્તક સોંપવામાં આવ્યો હતો.

**મુખ્ય ખડક શાસન VI** ધમ્મમહામાત્યોને સૂચના છે. તેઓને કહેવામાં આવ્યું છે કે તેઓ તેમનો હેવાલ ગમે તે સમયે રાજા પાસે લાવી શકે છે. ભલે પછી રાજા ગમે તે કાર્યમાં રોકાયેલા હોય. આ શાસનનો બીજો ભાગ ઝડપી વ્યવહાર અને સરળ વેપારની લેવડદેવડ વિશે છે.

**મુખ્ય ખડક શાસન VII** બધા પંથોને સહિષ્ણુતા માટેની અરજ છે. શાસનમાંથી જોઈ શકાય છે કે પંથોની અંદર તનાવ ઘણો હતો, કદાચ જાહેરમાં દુશ્મનાવટ હતી. આ અરજ એકતા જાળવી સમગ્રપણે વ્યૂહ સંબંધી હતી.

**મુખ્ય ખડક શાસન VIII** જણાવે છે કે રાજાઓ ધમ્મયાત્રાઓ કરવી જોઈએ. રાજાની જૂની આદત, શિકાર અંગેની સાહસભરી મુસાફરીઓ છોડી દેવામાં આવી. ધમ્મયાત્રાઓએ રાજાને સામ્રાજ્યના વિવિધ ભાગના લોકો સાથે પરિચયમાં આવવા શક્તિમાન કર્યા.

**મુખ્ય ખડક શાસન IX** જન્મ, માંદગી, લગ્ન પછીની વિધિઓ અને મુસાફરી માટે જતાં પહેલાંની વિધિઓને ધિક્કારે છે. સ્ત્રીઓ અને માતાઓ દ્વારા કરાતી વિધિઓની નિંદા કરે છે. અશોક ધમ્મ આચરવા ઉપર ભાર મૂકે છે અને વિધિઓની બિનઉપયોગિતા બતાવે છે.

**મુખ્ય ખડક શાસન X** કીર્તિ અને ભપકાનો ત્યાગ કરી ધમ્મની નીતિને અનુસરવા ગુણોને ફરી ખાતરીપૂર્વક કહે છે.

**મુખ્ય ખડક શાસન XI** ધમ્મની નીતિનો વિસ્તૃત ખુલાસો છે. વડીલો પ્રત્યેના માન ઉપર ભાર મૂકેલો છે, પશુઓને મારવામાંથી દૂર રહેવું અને મિત્રો તરફ ઉદાર વર્તન.


**મુખ્ય ખડક શાસન XII** પંથો વચ્ચેની સહિષ્ણુતા માટે ફરીથી વિનંતી છે. આ શાસનમાં રાજાની ચિંતા પંથો વચ્ચેની તકરારની છે તે પ્રતિબિંબિત થાય છે અને એકતા માટેની અરજ છે.

**મુખ્ય ખડક શાસન XIII** અશોકની ધમ્મ નીતિને સમજવામાં સર્વોપરી અગત્યનું છે. ખડકશાસન યુદ્ધને બદલે ધમ્મ થી વિજયની અરજ કરે છે. પહેલા ખડક શાસનથી શરૂ થયેલી વિચારપ્રક્રિયાની આ તર્કબદ્ધ પરાકાષ્ઠા છે. અને વિજય એટલે કદાચ **ધમ્મ**ની નીતિનું રૂપાંતર છે. સામાન્ય મુલક ઉપરના અંકુશ કરતાં નગર ઉપરનો વિજય. શાસનનું મૂળ લખાણ આમ વંચાય છે.

"અભિષેક થયાના આઠમા વર્ષે રાજા પિયદસ્સીએ કલિંગ દેશ જીત્યો. દોઢ લાખ માણસો પકડાયા, એક લાખ માણસ માર્યા ગયા અને અનેક ઘણા નાશ પામ્યા. કલિંગના જોડાણ પછી દેવાનાંપિય એ ગંભીરતાથી **ધમ્મ**નું આચરણ કર્યું, **ધમ્મ**ની ઇચ્છા કરી અને **ધમ્મ** શીખવ્યો. કલિંગ જીતીને દેવોના પ્રિયને પશ્ચાત્તાપ થયો કારણ જ્યારે સ્વતંત્ર દેશ જિતાય છે ત્યારે વધુ મૃત્યુ, લોકોનો દેશનિકાલ વગેરે ઘણું દુઃખ દેવોના પ્રિયને થાય છે તેથી મનને ભાર લાગે છે. આથી વધુ દુઃખ દેવોના પ્રિય થાય છે, કે જેઓ ત્યાં રહે છે, બ્રાહ્મણો, શ્રમણો કે બીજા કોઈ પંથના અથવા ગૃહસ્થો કે જે તેમના મોટેરાંઓને માન આપે છે, માતા અને પિતાને આદર આપે છે, તેમના ગુરુજનોને આદર આપે છે અને તેમના મિત્રો તરફ ભક્તિભાવપૂર્વક સારી રીતે વર્તે છે, ખૂન અને તેમના વહાલા જનોનો વિયોગ સહન કરે છે અને જે કોઈ નાસી છૂટવા માટે નસીબદાર હોય અને જેનો પ્રેમ ઓછો થયો ન હોય (યુદ્ધની જંગલિયાતથી) તેઓ પોતાના મિત્રોના, પરિચિતો અને સંબંધીઓના આ બધા માણસોનાં દુઃખના કારણે દેવોનાં પ્રિયનું પણ મન ભારે નિસાસા નાંખે છે. ગ્રીકો સિવાય એવી કોઈ જગ્યા નથી કે જ્યાં બ્રાહ્મણો અને શ્રમણોના ધર્મઆદેશો ન મળ્યા હોય અને એવી કોઈ ભૂમિ નથી કે જ્યાં માણસો એક યા બીજા પંથને ટેકો ન કરતા હોય! આજે જે હજારો કે લાખો લોકોમાંના મરાયા કે મરી ગયા હોય અથવા દેશનિકાલ થયા હોય, જ્યારે કલિંગ જિતાયું ત્યારે આ જ પ્રમાણે સહન કરવામાં આવ્યું હતું અને ત્યારે દેવોના પ્રિયે ભારે મનથી નિસાસા નાખ્યા.

**ધમ્મ**નો શિલાલેખ કોતરાવ્યો છે જેથી કોઈ પુત્રો, પૌત્રો કે જે મારા હોય તે નવી જીત મેળવવાનું વિચારે નહીં અને જે કાંઈ વિજય તે હાંસલ કરે તો હલકી શિક્ષા અને ધીરજથી સંતોષ માને. તેઓએ માત્ર **ધમ્મ** વિજયને સાચી જીત ગણવી જોઈએ. તેમના આનંદમાં **ધમ્મ**નો સાચો આનંદ હોવો જોઈએ. આ કારણે તેનું મૂલ્ય આ જગત અને બીજા જગતમાં છે.

અશોકનું આ વસિયતનામું યુદ્ધ સામે છે, તે આબેહૂબ યુદ્ધની ક્રૂરતા બતાવે છે અને તે બતાવે છે કે તે તેની વિરુદ્ધ કેમ થયો. આ એક અજોડ પ્રસંગ પ્રાચીન જગતની તવારીખમાં છે કારણ, આપણે જાણતાં નથી કે બીજા કોઈ સમકાલીન રાજાએ યુદ્ધને છોડી દીધું હોય. આ યુદ્ધ પછી **ધમ્મ**નીતિ ઉપર અશોકે ઝુકાવ્યું.



9. અશોકનું ખડક સ્થાપત્ય (ગુજરાત)

## 21.6 અશોકનો ધમ્મ અને મૌર્યનું રાજ્ય (Ashok's Dhamma And The Mauryan State)

અશોકનો **ધમ્મ** માત્ર ઉચ્ચારણકર્તા વાક્યોનો સમૂહ ન હતો. તે ઘણી સભાનપણે રાજ્યની નીતિના ભાગરૂપે સ્વીકારવા પ્રયત્ન કરતો હતો માટે જ તેણે જાહેર કર્યું કે બધા મનુષ્યો મારાં બાળકો છે અને હું જે કાંઈ શ્રમ કરું છું તે મારું દેવું પતાવવા માટેની માત્ર કોશિશ છે અને બધા જીવતા પ્રાણીઓનો હું દેવાદાર છું. આ રાજાશાહીનો તદ્દન નવો અને પ્રેરણાદાયી આદર્શ હતો. **અર્થશાસ્ત્ર**માં રાજા કોઈનો દેવાદાર નથી. તેનું કર્તવ્ય માત્ર કુશળતાપૂર્વક રાજ્યનો વહીવટ કરવાનો હતો.

અશોકે યુદ્ધ ત્યજી દીધું, તેણે હિંસાથી મેળવેલી જીત અને ઘણાં પશુઓને મારી નાંખવાની મનાઈ કરી. અશોકે પોતે રાજ્યના રસોડામાં માંસનો ઉપયોગ અટકાવ્યો. શાકાહારીનો દાખલો બેસાડ્યો. તેને પોતાને જગતને પ્રેમ અને શ્રદ્ધાથી જીતવું હતું તેથી તેણે ઘણા ધર્મપ્રચારકોને **ધમ્મ**ના ફેલાવા માટે મોકલ્યા. આવા ધર્મપ્રચારકોને ઇજિપ્ત, ગ્રીસ, શ્રીલંકા વગેરે દૂરનાં સ્થળોએ મોકલ્યા. **ધમ્મ**ના ઉપદેશકોએ ઘણાં પગલાં માનવ કલ્યાણ માટેનાં સમાવ્યાં. સામ્રાજ્યની અંદર અને બહાર તબીબી સહાયનાં કેન્દ્રો માનવો અને પશુઓ માટે સ્થાપ્યાં. છાયાવાળી ઝાડી, કૂવાઓ, ફળોની વાડીઓ અને આરામગૃહોની સ્થાપના કરી. આ પ્રકારના સમભાવનું કાર્ય **અર્થશાસ્ત્ર**ના રાજાઓના વર્તનના મૂળમાંથી જ જુદું હતું. જેના બદલામાં ઘણું મહેસૂલ ના મળે એવાં કાર્યોમાં આ રાજાઓને કોઈ ખર્ચ કરવાનું ન હતું. અશોકે નકામા યજ્ઞો અને કેટલાક પ્રકારના મેળાવડા અટકાવ્યા કે જે બગાડ અને અશિસ્ત અને વહેમો તરફ દોરી જતા હતા. આગળ જોઈ ગયા તેમ આ નીતિને દાખલ કરવા માટે તેણે નવી યોજનાના અમલદારો જે **ધમ્મમહામતો** કહેવાતા તેમની નિમણૂક કરી. આ અમલદારોની ફરજનો એક ભાગ વિવિધ પંથોના લોકો તરફ સારી રીતે વર્તન રાખવામાં આવે છે કે નહિ તે જોવાનું હતું. આ ઉપરાંત તેઓને ખાસ કહેવામાં આવતું કે તેઓએ જેલના કેદીઓના કલ્યાણનું ધ્યાન રાખવું. ઘણા ગુનેગારો કે જેઓને બેડીમાં રાખવામાં આવતા તેઓનો કારાવાસ પૂરો થઈ ગયો હોય તેઓને મુક્ત કરવા. જેઓને મૃત્યુદંડની સજા થઈ હોય તેઓને મહેરબાનીની રાહે ત્રણ દિવસ વધુ આપ્યા. અશોકે પણ ધમ્મ યાત્રાઓ શરૂ કરી. તે અને તેના ઉચ્ચ-અમલદારો ધમ્મના પ્રચાર માટે નગરોનો પ્રવાસ ખેડતા અને તેની પ્રજા સાથે સીધો સંપર્ક સ્થાપતા. તેના આવાં વર્તન અને નીતિને કારણે અર્વાચીન લોકો જેવા કે કર્ન તેને "રાજાના વેશમાં સાધુ" કહેતા.

## 21.7 ધમ્મ-અર્થઘટન (Dhamma-Interpretations)

અશોકની નીતિ **ધમ્મ** એ વિદ્વાનોમાં ઘણા વિવાદ અને ચર્ચાનો મુદ્દો છે. કેટલાક વિદ્વાનો માને છે કે અશોક બૌદ્ધ પક્ષનો માણસ હતો અને તેણે **ધમ્મ** ને બૌદ્ધ ધર્મ સાથે સમાન ગણ્યો.

એમ પણ સૂચન થયું છે કે આ બૌદ્ધોનો મૂળ વિચાર હતો અને તેને અશોકે **ધમ્મ** તરીકે ઉપદેશ્યો અને પાછળથી બૌદ્ધ ધર્મમાં કેટલા ઈશ્વરજ્ઞાન વિશેના ઉમેરા થયા. આ જાતના વિચારો કેટલીક બૌદ્ધ બનાવોની નોંધને આધારે થયેલા છે. એમ માનવામાં આવે છે કે કલિંગના યુદ્ધ પછી આ નાટ્યાત્મક મુદ્દો હતો જ્યાં અશોકે લડાઈથી મૃત્યુ અને વિનાશના પશ્ચાત્તાપને કારણે પોતે બૌદ્ધ થવાનું નક્કી કર્યું હતું. બૌદ્ધ દસ્તાવેજો પણ તેને ભારતમાં અને ભારતની બહાર બૌદ્ધધર્મના પ્રચારનો જશ આપે છે. કોઈ એવો આક્ષેપ અશોકના વિરુદ્ધનો કરી ન શકે કે તે કોઈ પક્ષનો માણસ હતો. બે જબ્બર દલીલો એમ સાબિત કરવાની છે કે અશોકે રાજા તરીકે બીજા ધાર્મિક પક્ષોના ભોગે બૌદ્ધ ધર્મની તરફેણ ન કરી :

(1) અશોકની ઊભી કરેલી સંસ્થા **ધમ્મમહામત્તા** ખાતરી કરી આપે છે કે અશોકનો ધમ્મ કોઈ પણ એક ધર્મના સિદ્ધાંતની તરફેણ કરતો ન હતો. જો આવી જ બાબત હોત તો આવી કચેરીની જરૂર જ ન હતી અને અશોકે **ધમ્મ**ના પ્રચાર માટે **સંઘ** સંસ્થાનો ઉપયોગ કર્યો હતો.

(2) ખડક શાસનોના ધ્યાનપૂર્વકના અભ્યાસમાં નોંધેલું છે કે અશોકને સહિષ્ણુતા અને આદરની ભાવના બધા ધર્મના પંથો તરફ વધારવી હતી અને **ધમ્મ મહામત્તોની** ફરજોમાં પણ બ્રાહ્મણો અને શ્રમણો માટે કામ કરવાનો સમાવેશ કરેલો છે.

આ બંને મુદ્દા સ્પષ્ટ કરે છે કે ધમ્મની નીતિ એ પાખંડીઓની નીતિ ન હતી પણ જુદા ધર્મોની શ્રદ્ધાની ભાવનામાંથી માન્યતાનો ખ્યાલ ઉત્પન્ન કર્યો હતો.

ઇતિહાસકારોમાં પણ કેટલીક ચર્ચા અશોકના **ધમ્મ**ના પ્રચારના પરિણામ વિશે હતી. કેટલાક ઇતિહાસકારો માને છે કે અશોકે યજ્ઞો ઉપર પ્રતિબંધ મૂક્યો અને બૌદ્ધ ધર્મ પ્રત્યે આદર બતાવ્યો તે બ્રાહ્મણ ધર્મના પ્રત્યાઘાત રૂપે હતો. આનું પરિણામ મૌર્ય સામ્રાજ્યની પડતી તરફ આવ્યું. કેટલાક માને છે કે યુદ્ધો બંધ કરાવીને અહિંસા ઉપર ભાર મૂકવાથી સામ્રાજ્યના લશ્કરનું બળ ઘટ્યું. આને કારણે અશોકના મૃત્યુ પછી સામ્રાજ્ય તૂટી પડ્યું.

રોમિલા થાપરે બતાવ્યું છે કે અશોકનો **ધમ્મ** શ્રેષ્ઠ દસ્તાવેજ છે. તેના માયાળુપણાને માટે અગત્યનો હતો છતાં પણ તે સમકાલીન સંજોગનો સામાજિક-રાજકીય જરૂરિયાતનો જવાબ હતો. પણ તે બ્રાહ્મણ ધર્મનો વિરોધી ન હતો. તેણે બ્રાહ્મણો અને શ્રમણોને આપેલો આદર તેના ધમ્મનો સમગ્ર ભાગ હતો. તેનો ભાર અહિંસા ઉપર હતો છતાં તેણે રાજ્યની જરૂરિયાત તરફ આંખો બંધ કરી ન હતી. આ પ્રમાણે જંગલની જાતિને સંબોધતા તે તેમને ચેતવણી આપે છે કે તે જુલમનો ઉપયોગ કરવાને ધિક્કારે છે પણ તેઓ જો મુશ્કેલી ઊભી કરવાનું ચાલુ રાખે તો તેને બળનો આશરો લેવાની જરૂરિયાત ઊભી થાય : ધીરે ધીરે અશોકે યુદ્ધ અટકાવ્યું અને સમગ્ર ભારતનો ઉપખંડ તેના અંકુશ હેઠળ આવ્યો. છેક દક્ષિણમાં તેને ચોળો અને પાંડ્યો સાથે મૈત્રીભર્યા સંબંધો હતા. શ્રીલંકા પ્રશંસનીય મિત્રરાજ્ય હતું. આ પ્રમાણે અશોકનું 'યુદ્ધ નહીં' એવા સમયે આવ્યું કે જ્યારે તેનું સામ્રાજ્ય કુદરતી સરહદો સુધી પહોંચ્યું. જ્યારે જુદા જુદા લોક-પ્રજા સંબંધી વિચારો ધાર્મિક રીતે જુદા અને વર્ગોએ સમાજમાં પણ ભાગલા પડાવ્યા ત્યારે સહિષ્ણુતાની અરજ એ સમજદારીનું કાર્ય હતું. અશોકનું સામ્રાજ્ય જુદા જુદા સમૂહોનો સમૂદાય હતો. તેમાં ખેડૂતો, ભટકતી ટોળીઓ, શિકાર-એકત્ર કરનારા હતા. વળી ગ્રીકો, કંબોજો અને ભોજો તથા હજારોની સંખ્યામાં વિવિધ પ્રણાલીવાળા જૂથો હતાં. આ સમયે સહિષ્ણુતાની અરજ સમયની જરૂરિયાત હતી. અશોકે ટૂંકી દૃષ્ટિની સાંસ્કૃતિક પ્રથાને ટપી જાય તેવી વિશાલ નૈતિક સિદ્ધાંતોની શ્રેણી આપવાનો પ્રયત્ન કર્યો. અશોકના **ધમ્મે** તેને જીવતદાન ન આપ્યું. ખરું જોતાં તે નિષ્ફળ હતો. છતાં આપણે યાદ રાખવું જોઈએ કે તેણે નવા ધર્મ સ્થાપ્યો ન હતો. માત્ર તે સમાજ ઉપર નૈતિક અને સદાચારી સિદ્ધાંતોની જરૂરિયાતની છાપ પાડવા પ્રયત્ન કરતો હતો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) ધમ્મની નીતિના મુખ્ય સિદ્ધાંતો સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

(2) ભારતનો નકશો લો અને નીચેનાં આપેલાં સ્થળો જ્યાં શાસનો આવેલાં છે તેની નિશાની કરો :

| | |
|---|---|
| (ક) બ્રહ્મગિરિ | (ઘ) કલસી |
| (ખ) ધવલી | (ચ) ગુર્જરા |
| (ગ) ગિરનાર | (છ) અલ્હાબાદ |

(3) **ધમ્મ**ની નીતિને સમજવા માટે ખડકશાસનની શી અગત્ય છે? દસ પંક્તિમાં લખો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

(4) નીચેનાં વિધાનો સાચાં (✓) કે ખોટાં (✗) છે તે જણાવો :

(i) ખડક શાસન પાંચમો ધમ્મ-મહામતોની સંસ્થા દાખલ કરે છે. ( )

(ii) ધમ્મની નીતિ નવો ધર્મ સ્થાપવાનો પ્રયત્ન હતો. ( )

(iii) ધમ્મે સંપૂર્ણ અહિંસાનો બોધ આપ્યો. ( )

## 21.8 સારાંશ

અશોકના **ધમ્મ** વિશે આપણું માહિતીનું સ્રોત છે તેના શિલાલેખો. તેમના આધારે આપણે કહી શકીએ કે અશોકે અહિંસા, સહિષ્ણુતા અને સામાજિક જવાબદારીનો ઉપદેશ આપ્યો હતો. તે આ સિદ્ધાંતો તેની વહીવટી નીતિમાં અનુસર્યો. એ નોંધવું જોઈએ કે **ધમ્મ**ને બૌદ્ધ ધર્મ સાથે સમાન ગણી શકાય નહીં. તે જુદા જુદા ધર્મોની પ્રણાલીમાંથી વીણેલા સિદ્ધાંતોની શ્રેણી હતી. અને સામ્રાજ્યને સંયુક્ત રીતે પકડમાં રાખવા અમલમાં મૂક્યા હતા.

## 21.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અનુસમ્યન** : અશોક મુખ્ય ખડક શાસનમાં અનુસમ્યન (Anusanyana) અથવા પ્રવાસોના નિરીક્ષણ અંગે નોંધ છે જેમાં કેટલીક કક્ષાના અમલદારોએ દર પાંચ વર્ષે એક વાર **ધમ્મ**ને સમજાવવા અને સરકારી કામ માટે (પ્રવાસ) યોજવો.

**ઉદ્ધારક** : વિવિધ વિચારો અને તત્ત્વજ્ઞાનમાંથી છૂટથી ઉછીનું લેવું.

**ધમ્મયાત્રાઓ** : અશોકના પૂર્વજો **વિહારયાત્રાઓ** શિકાર માટે અને બીજા રાજ્યકુટુંબના આનંદ માટે કરતા. બોધગયાની પોતાની મુલાકાત પછી અશોકે **વિહારયાત્રાઓ** મૂકી દીધી અને **ધમ્મયાત્રાઓ** લીધી.

... ન્નના ભ્રમણાએ તન **ધમ્મ** સમજાવવાના તક મળી અને તે **ધમ્મ**ના વિચારો ફેલાવવા લોકોના વિવિધ વર્ગોના સીધા સંપર્કમાં આવ્યો.

**વાણિજ્યના વર્ગો** : સમાજનો ભાગ વેપાર અને લેવડદેવડની પ્રવૃત્તિમાં રોકાયેલા હતા. આ પ્રવૃત્તિ ઉત્પાદનનાં કાર્યમાં રોકાયેલ હોય તેનાથી તદ્દન જુદી તરી આવતી હતી.

## 21.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) જુઓ વિભાગ 21.2 અને પેટા વિભાગ 21.2.1 થી 21.2.3. તમારો જવાબ વિસ્તૃત રીતે નવી સામાજિક આર્થિક અને રાજકીય પરિસ્થિતિ કે જેણે રાજ્યને નવા નૈતિક મુદ્દાઓની જરૂરિયાતને ઊભી કરી તેને આવરી લેવો જોઈએ.

(2) i) ✓ ii) ✗ iii) ✓

(3) જુઓ વિભાગ 21.4. તમારો જવાબ મગજમાં રાખો કે જુદા જુદા પ્રકારના અને વિવિધ સામાજિક પરિબળો કે જે રાજાએ સાથે રાખવા જોઈએ.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) જુઓ વિભાગ 21.5

(2) તેનાં સ્થાનો એકમ 18ના નકશા સાથે સરખાવો.

(3) જુઓ વિભાગ 21.5 અશોકની વિચારની પ્રક્રિયાની પરાકાષ્ઠાની સૂચના આ શાસનો કેવી રીતે બતાવે છે તે કદાચ તમારો જવાબ બતાવે.

(4) i) ✓ ii) ✗ iii) ✗

# એકમ 22 સામ્રાજ્યનું વિઘટન (Disintegration of the Empire)

રૂપરેખા

22.0 ઉદ્દેશો
22.1 પ્રસ્તાવના
22.2 અશોકના ઉત્તરાધિકારીઓ
22.3 વિઘટન માટેના બીજા રાજકીય કારણો
22.4 અશોક અને તેની નીતિઓ
22.5 આર્થિક સમસ્યાઓ
22.6 સ્થાનિક રાજ્યતંત્રોનો વિકાસ
22.6.1 મોટાં રાજ્યો
22.6.2 સ્થાનિક રાજ્યો
22.7 સારાંશ
22.8 ચાવીરૂપ શબ્દો
22.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 22.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો સમજી શકશો :

- કેટલે હદ સુધી અશોકના ઉત્તરાધિકારીઓને સામ્રાજ્યના છિન્નભિન્ન થવા માટે જવાબદાર ગણવા.
- સામ્રાજ્યને નબળું પાડવા માટે અન્ય રાજકીય પરિબળોનો ફાળો કેટલો.
- અશોકની નીતિઓને સામાન્ય રીતે સામ્રાજ્યની પડતી માટે કેવી રીતે જવાબદાર ગણી શકાય.
- મૌર્ય રાજ્યની પડતી મૌર્ય સામ્રાજ્યે જેમનો સામનો કર્યો એમ મનાય છે તે આર્થિક પ્રશ્નો અને
- ઉત્તર અને દક્ષિણ ભારતમાં સ્થાનિક રાજબંધારણનો ઉદ્ભવ.

## 22.1 પ્રસ્તાવના

મૌર્યોનું શાસન એ ભારતમાં મોટા સામ્રાજ્યના શાસનનો પ્રથમ અનુભવ હતો. ચંદ્રગુપ્ત મૌર્ય, બિંદુસાર અને અશોક અનેક જનપદો અથવા રાજ્યો પર મૌર્ય સામ્રાજ્યની સત્તા સ્થાપવામાં સફળ રહ્યા હતા, અને તેઓ મોટા પ્રદેશના શાસનમાં એક નવો ખ્યાલ દાખલ કરી શક્યા હતા. જોકે અશોકના મૃત્યુ (ઈ.સ.પૂ. 232) સાથે મૌર્યોની સત્તા નબળી પડતી ગઈ અને છેવટે ઈ.સ.પૂ. 180માં એનું પતન થયું. મૌર્ય સામ્રાજ્યનું વિઘટન કેમ થયું એ પ્રશ્ન અત્યંત પેચીદો છે અને કોઈ એક જ પરિબળ તેને માટે જવાબદાર હતું એમ કહી શકાય તેમ નથી. મૌર્ય સામ્રાજ્યના વિઘટનમાં એક કરતાં વધારે પરિબળોએ ભાગ ભજવ્યો. આ એકમમાં આપણે પહેલાં સામ્રાજ્યના વિઘટન માટે અશોકના અનુગામીઓની જવાબદારીની ચર્ચા કરી છે. પછી આપણે અશોકની નીતિઓ, મૌર્ય રાજ્યની આર્થિક સમસ્યાઓ અને મૌર્યોના વહીવટના પતનની ચર્ચા કરી છે. અંતે મૌર્ય સામ્રાજ્યના વિઘટનની પ્રક્રિયાને સમજવા માટે સ્થાનિક રાજાઓની વધતી રાજસત્તાને પણ ધ્યાનમાં લીધી છે.

## 22.2 અશોકના ઉત્તરાધિકારીઓ (Successors of Ashoka)

સામાન્ય રીતે એમ મનાય છે કે ઈ. સ. પૂ. 232માં અશોક મૃત્યુ પામ્યો. જોકે તેના મૃત્યુ પછી લગભગ અડધા સૈકા સુધી મૌર્ય રાજ્યકર્તાઓએ રાજ્ય કરવાનું ચાલુ રાખ્યું. કેટલાક સાહિત્યના ગ્રંથો જેવા કે પુરાણો, અવદાનો અને જૈન હેવાલો અશોકના ઉત્તરાધિકારીઓની અલગ વિગતો આપે છે. આ બધા હેવાલોનો દેખીતો ગૂંચવાડો એ કારણે છે કે બધા પુરાવાઓ સામ્રાજ્યના ભાગલા પછીની સ્થિતિ વર્ણવે છે. એમ કહેવાય છે કે અશોકના મૃત્યુ પછી સામ્રાજ્ય તેના પુત્રોમાં વહેંચાઈ ગયું હતું. અશોકના ઉત્તરાધિકારીઓનાં કેટલાંક નામો આપણને જુદા જુદા ગ્રંથોમાં મળે છે. તે કુણાલ, દશરથ, સાંપ્રતિ, સલિશુક (Salishuka) દેવવર્મનમ, સતધન્વન અને બૃહદ્રથ. છતાં તેઓનો ચોક્કસ ગાળો નક્કી કરવાનો મુશ્કેલ છે. પણ એમ જણાય છે કે અશોક પછી તેના સામ્રાજ્યના ટુકડા



થઈ ગયા અને રાજકર્તાઓ એક પછી એક ઝડપથી બદલાયા.

રાજ્યકર્તાઓ ઝડપી બદલવાને કારણે વહીવટ ઉપરનો રાજાઓનો દાબ નબળો પડ્યો. શરૂઆતના ત્રણ રાજાઓ ચંદ્રગુપ્ત, બિંદુસાર અને અશોકે વહીવટ એવી રીતે ગોઠવ્યો હતો કે તેના ઉપર કડક નિરીક્ષણની જરૂર પડે. રાજાઓ એક પછી એક ઝડપથી બદલાવાને કારણે કોઈ પણ રાજકર્તાને બરાબર સ્થિર થવામાં અને તેઓને કઈ પણ બાબતને વશમાં લેવામાં મુશ્કેલ બન્યું. આ સાથે સંકળાયેલ હકીકત એ છે કે વંશપરંપરાનુગત સામ્રાજ્ય રાજકર્તાઓની શક્તિ ઉપર વિશેષ આધાર રાખે છે. આ બાબતમાં અશોકના ઉત્તરાધિકારીઓ નિષ્ફળ નીવડ્યાં. તેમાંના દરેકે ખૂબ ટૂંકા સમય દરમિયાન રાજ્ય કર્યું તેથી તેઓ રાજ્યના અમલ માટે નવી નીતિઓ ઘડી શક્યા નહીં કે જૂની નીતિઓની જાળવણી પણ કરી ન શક્યા.

વ્યકિતગત રાજાઓની જેમ જ તેમના રાજ્યની પૂરી વિગતો મેળવવાનું મુશ્કેલ હોવા છતાં.

આપણને અશોક પછીના મૌર્યોના ભારતનું ચિત્ર મળે છે જેમાં લાંબા ગાળાનો સ્થિર રાજકીય અંકુશ મેળવવો અશક્ય હતો. સામાન્ય રીતે એમ કહી શકાય કે આ ઉત્તરાધિકારીઓએ સામ્રાજ્યને રાજકીય રીતે નબળું પડ્યું અને તેથી વહીવટી, આર્થિક અને લશ્કર ઉપરનો અંકુશ ગુમાવ્યો. સામ્રાજ્યના ભાગલા એ બતાવવા પૂરતા છે કે અશોકના મૃત્યુ પછી એકાએક વિભાજનની પ્રક્રિયા શરૂ થઈ.

## 22.3 વિઘટન માટેનાં બીજાં રાજકીય કારણો (Other Political Factors for Disintegration)

અશોકના મૃત્યુ પછી વહીવટી તંત્રમાં જે અવ્યવસ્થા સર્જાઈ તે મૌર્ય સામ્રાજ્ય છિન્નભિન્ન થવાનાં કેટલાંક કારણોમાંનું મહત્ત્વનું એક કારણ ગણાવી શકાય. અશોકના ઉત્તરાધ્યાયી માટે તાત્કાલીક પ્રશ્ન એ હતો કે **ધમ્મ**ની નીતિ અને તેમનું સરકારમાંનું પ્રાબલ્ય ચાલુ રાખવાં કે કેમ? ખરી રીતે આ વહીવટ લોકસંમત પ્રથા પ્રમાણે ન હતો અને સરકારના કાર્યને સરળ રીતે સમજી શકાય તેવો ન હતો. અશોક સફળ થયો હતો કારણ તેની પાસે સમાજની આંટીઘૂંટીવાળા સામાજિક પ્રશ્નો સમજવાની અનન્ય દૃષ્ટિ હતી અને તેણે **ધમ્મ**ના સિદ્ધાંતને ચારે બાજુએથી તેની અગત્ય સ્વીકારી હતી. તે સ્પષ્ટ થતું નથી કે અશોકના વ્યકિતગત ઉપદેશો હોવા છતાં પણ તેના ઉત્તરાધિકારીઓએ **ધમ્મ**ને તે જ પ્રકારે અગત્ય આપી હતી કે કેમ?

બીજું અગત્યનું સંબંધિત લક્ષણ એ છે કે ધમ્મના રાજકીય અગત્યને કારણે રાજ્યમાં મોટા પ્રમાણમાં અમલદારોનું અસ્તિત્વ હતું જેઓ **ધમ્મમહામત્તો** કહેવાતા. કેટલાક ઇતિહાસકારો સૂચન કરે છે કે અશોકના શાસનના ઉત્તરાર્ધમાં તેઓ વધારે શક્તિશાળી અને જુલમી બન્યા હતા. અશોક પોતે તેના અલગ શાસનમાં જે ધવલી અને જોગડમાં મૂકેલા માટે **મહામાત્તો** માટેના શાસનમાં કહે છે, જુલમ સામે ખાતરી આપો અને ન્યાયી તેમ જ દયાળુ બનો. જોકે એ બાબતમાં શંકાને સ્થાન નથી કે અશોકનો વહીવટ ઉપર સખત દાબ હતો. આ બાબત પછીના રાજાઓ માટે કહી શકાય નહીં.

આ માત્ર **ધમ્મમહામત્તો** સાથેના સીધા સંબંધનો પ્રશ્ન નહોતો કે તેઓને ખાતરી આપવાની કે તેઓ સત્તાનો દુરુપયોગ નહીં કરે, પણ સમગ્ર મૌર્યોની અમલદારશાહીને અંકુશમાં રાખવી તે અગત્યનું હતું. મૌર્ય શાસન પદ્ધતિ એવી હતી કે તેને શક્તિશાળી રાજાની જરૂરિયાત હતી. એ એવી પદ્ધતિ હતી કે જેમાં રાજાએ રાજ્યનાં બધાં કાર્યોનો સીધા સંપર્કમાં રહેવું જરૂરી હતું. આ બધાં કાર્યો છેવટે જેના કેન્દ્રમાં રાજા હતો એવા સત્તાતંત્રથી ભેગા રાખવાના હતા. એક વખત રાજા જો નબળો પડે તો સ્વાભાવિક છે કે સમગ્ર વહીવટ નબળો પડે. એક વખત કેન્દ્ર નબળું પડે તો પછી બધા પ્રાંતો તૂટવાની શરૂઆત થાય.

રાજ્યના અમલદારોને રાજા પોતે પસંદ કરતો અને તે ફક્ત રાજાને વફાદાર રહેતા. એક વખત નબળા રાજકર્તા આવે અને તેઓ ખૂબ ટૂંકા સમય માટે રાજ્યનો અમગ કરે તેના પરિણામે સતત નવા અમલદારો ઊભા થતા જાય અને તેઓ પોતાની વફાદારી તે તે રાજા તરફ રાખે અને રાજ્ય તરફ નહીં. વ્યકિતગત વફાદારીના નિયમનું જોખમ એ હતું કે અમલદારો કાં તો નવા રાજાને તાકાત સાથે ટેકો આપે અથવા તેની સામે થાય. પછીના મૌર્ય રાજાઓએ કદાચ આ પરિસ્થિતિનો સતત સામનો કરવો પડતો.

હકીકતમાં સ્થાનિક રાજકર્તાઓ અને રાજકુમારોને આવા અગત્યનાં કેન્દ્રો તરીકે પ્રણાલિકાગત સત્તાને ટેકો આપવાનું સરળ જણાયું. ઉત્તરકાલીન મૌર્યોની નીચેના પ્રાંતીય સરકારો કેન્દ્રની સત્તાને વારંવાર પડકારતા. કોઈ એવો તર્ક પણ ન કબૂલે કે મૌર્ય રાજ્યનો અંકુશ તૂટી પડતાં લોકપ્રિય બળવો થયો હતો. કોઈ મક્કમતાથી સૂચવી શકાય કે મૌર્યોના અમલદારોના તંત્રનો સામાજિક પાયો મોટા દબાણ હેઠળ હતો અને એ તાણને પરિણામે વહીવટ બિનકુશળ બનતાં સામાન્ય સામાજિક વ્યવસ્થા જાળવી ન શક્યું.

જ્યારે પહેલા ત્રણ મૌર્યોના આશ્રયે જાસૂસોની અત્યંત સંકુલ પદ્ધતિ હતી. ભૂલ કરતા અમલદારોની માહિતી પહોંચાડવા માટે નીમવામાં આવ્યા હતા. તેઓએ કુશળતાપૂર્વક કામ કર્યું હતું. પરંતુ પછીના મૌર્યોમાં તે વ્યવસ્થા તૂટી પડી. તેઓની પાસે કોઈ સાધન ન હતું કે જેથી રાજાઓ સામ્રાજ્યમાં જાહેર અભિપ્રાયનું માપદંડ કાઢી શકે અથવા કેન્દ્રમાં સત્તા ઉપર રહેલા નબળા રાજકર્તાઓને લીધે અનિવાર્ય રીતે આવતા લાંચ ને અંકુશમાં રાખી શકે.

લશ્કરનો અંકુશ મૌર્ય રાજાઓએ ગુમાવ્યો તે બાબત કેટલાક વિદ્વાનો તેમની પડતી માટે રાજકીય કારણ સૂચવે છે. આ બાબતમાં અશોકે લીધેલા સભાન નિર્ણય કારણભૂત છે એમ મનાય છે. તે અંગે આપણે બીજા વિભાગમાં

ચર્ચા કરીશું. આ કક્ષાએ આપણે ભારપૂર્વક કહેવું જરૂરી છે કે મગધ સામ્રાજ્યની પડતીને આપણે સંતોષકારક રીતે સમજાવી ન શકીએ. માત્ર એટલું કહી કે ઉત્તરાધિકારીઓ નબળા હતા અથવા લશ્કર પ્રમાદી હતું. અથવા કે લોકપ્રિય બળવો હતો. આ બધાં કારણો મૂળભૂત રીતે એકબીજા સાથે સંકળાયેલાં હતાં. ખાસ કરીને મૌર્યોના રાજાશાહીના અમલદારોની સત્તાનું માળખું અને તે એક વખત ભાંગવાની શરૂઆત થાય એટલે સમગ્ર રાજકીય માળખું જોખમમાં મુકાય.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. નીચેનાં કયાં વિધાનો સાચાં (✓) કે ખોટાં (x) છે તેની નિશાની કરો :

   (ક) રાજકર્તાઓના ઝડપથી બદલાતા ઉત્તરાધિકાઓએ રાજાશાહીનો અંકુશ નબળો કર્યો. ( )

   (ખ) મૌર્ય રાજ્ય છૂટુંછવાયું હતું અને તેથી તેના ઉપર અંકુશ રાખવો સરળ હતો. ( )

   (ગ) મૌર્યોના અમલદારો તેમની રાજા પ્રત્યેની વફાદારીના આધારે પસંદ કરવામાં આવતા. ( )

   (ઘ) મૌર્ય રાજ્યના અંકુશને તોડવા માટે લોકપ્રિય બળવા થયા હતા. ( )

2. અશોકના ઉત્તરાધિકારીઓને તાત્કાલિક કયા વહીવટી પ્રશ્નોનો સામનો કરવો પડ્યો હતો. તમારો જવાબ ત્રણ કે ચાર લીટીમાં લખો.

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

3. તમારા મતે મૌર્યની વહીવટી પદ્ધતિમાં કયા પ્રશ્નો ગૂંચવાડાભર્યા હતા કે જેથી પછીના રાજાઓની છિન્નભિન્નતાનું કારણ બન્યા. લગભગ સો શબ્દોમાં લખો.

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

## 22.4 અશોક અને તેની નીતિઓ (Ashok And His Policies)

ઘણા વિદ્વાનોનો અભિપ્રાય છે કે અશોકના રાજકીય નિર્ણયો અથવા આ નિર્ણયોની અસરો મૌર્ય સામ્રાજ્યના છિન્નભિન્ન માટે જવાબદાર હતા. સામાન્ય રીતે તેમની દલીલો અશોકની ધાર્મિક નીતિની ખામીઓ પર કેન્દ્રિત હોય છે. આ દલીલોને બે બાજુ છે :

1. કેટલાક વિદ્વાનો માને છે કે છેલ્લા મૌર્ય સમ્રાટનો વધ કરનાર પુષ્યમિત્ર શુંગ એ અશોકની બૌદ્ધ-તરફી અને તેના ઉત્તરાધિકારીઓની જૈન-તરફી નીતિ સામેની બ્રાહ્મણોની સખત પ્રતિક્રિયાનું પ્રતિનિધિત્વ કરે છે. ઉપરાંત દક્ષિણમાં જે સાતવાહનો સત્તા પર આવ્યા તે પણ બ્રાહ્મણ હતા. આ વિદ્વાનો અશોકે કરેલાં કૃત્યોની શ્રેણીબદ્ધ વિગતો ટાંકે છે જેમને કારણે બ્રાહ્મણો નારાજ થયા હતા. દા. ત. પશુયજ્ઞો પર પ્રતિબંધ સામે ખાસો અણગમો હતો કારણ કે આ પગલું એક શૂદ્ર રાજાએ લીધું હતું. (પુરાણોમાં મૌર્યોને શૂદ્રો ગણવામાં આવ્યા છે.) તેઓ જણાવે છે કે ધમ્મ માટે અશોકે ધમ્મમહામત્ત અમલદારોની નિમણૂક કરી જેથી બ્રાહ્મણોની પ્રતિષ્ઠા નાશ પામી. આ અમલદારો એ બ્રાહ્મણોની પ્રણાલીગત કાયદા પ્રમાણેની શિક્ષાઓ અને સ્મૃતિગ્રંથ પ્રમાણેના નિષેધો નામંજૂર કર્યા હતા.

   જોકે ઉપરની દલીલોને સમર્થન કરતા કોઈ સીધા પુરાવાઓ નથી. આ બધાં સ્થૂળ અનુમાનો છે અને તેમને પડકારી પણ શકાય. દા. ત. અશોકના શિલાલેખોમાં સ્પષ્ટ કહેલું છે છે કે ધમ્મમહામતોએ બ્રાહ્મણ

અને શ્રમણોને સરખી રીતે માન આપવું. પણ શક્ય છે કે આ અમલદારો પછીનાં વર્ષોમાં લોકોમાં અપ્રિય થઈ પડ્યા હોય. બૌદ્ધ પુરાવાઓમાં વાર્તાના આધારે અનુમાન કરી શકાય. જેમ કે અમલદારો જેઓ ધમ્મ માટે મુકાયેલા હતા તેઓને નિઃસંદેહ રીતે ખાસ સત્તા અને રાજાની પરવાનગી આપવામાં આવી હતી અને તેથી લોકો તેમનાથી ગભરાતા હતા. એક વખત તેઓએ સખત કાબૂ રાખવા માંડ્યો. તેથી અશોકનો લોકો સાથેનો સીધો સંપર્ક અટકી ગયો હોય. પણ તેનો અર્થ એવો ન થાય કે આ અમલદારો ખાસ કરીને બ્રાહ્મણોના દુશ્મનો હતા. એમ દલીલ થઈ શકે કે અશોકની નીતિને કારણે બ્રાહ્મણોના હિતને નુકસાન થયું હતું અને બ્રાહ્મણ સરદાર પુષ્યમિત્રે બળવો કર્યો તે પણ સ્વીકારી શકાય. તેનું સીધેસીધું કારણ એ જ કે અશોકની નીતિ એટલી હદે નુકસાનકારક હોત તો તેના મૃત્યુ પછી તરત જ બળવો થયો હોત. અશોક અથવા તેના ઉત્તરાધિકારીઓએ જાણી જોઈને બ્રાહ્મણ વિરોધી નીતિને અપનાવી એમ જોવા કરતાં રાજાની સત્તાનું નબળાપણું જાણીને બરાબર મોકો જોઈને કરેલ કપટવધ એવું પુષ્યમિત્રના કૃત્યનું મૂલ્યાંકન કરવું જોઈએ.

2. વિદ્વાનોનું બીજું જૂથ માને છે કે મૌર્યોની પડતી માટે અશોકની ઠંડી નીતિ પર ખાસ ભાર આપવો જોઈએ. તેઓ માને છે કે સામ્રાજ્યની શક્તિને નબળી પાડવામાં એ જવાબદાર હતી. આ સમજૂતી અશોકની અહિંસાની નીતિ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે.આ નીતિની અસર એટલે પ્રાન્તોના જુલમ હતા જેના પર નિયંત્રણ જરૂરી હતું. દિવ્યાવદાનમાંથી બૌદ્ધ કથાઓમાંથી ઉદાહરણો ટાંકી આ દલીલ કહે છે કે રાજ્યો ગ્રીક આક્રમણ સામે ટકી શક્યા નહીં. રાજાને પક્ષે અહિંસાનો અર્થ એમ થાય કે પ્રાન્તોમાં પણ બળવાઓ થતા હતા.

ઉપર આપેલ અશોકનું ચિત્ર સત્યથી વેગળું છે. જેમ અશોકના શાસન દરમિયાન બ્રાહ્મણ વિરોધી પ્રવૃત્તિને મૌર્યોના પતન માટે જવાબદાર ગણતા સિદ્ધાંતને આપણે કાઢી નાખ્યો તે પ્રમાણે અશોક વધુ પડતો શાંતિપ્રિય, શક્તિ અને નિશ્ચય વગરનો હોવાની છાપ પણ કાઢી નાંખવી જોઈએ. એ સત્ય છે કે અશોક અહિંસાને ધમ્મ માટે આવશ્યક માનતો. જોકે એ અંગે કોઈ છેડાની પરિસ્થિતિ ન હતી. ખોરાક અને યજ્ઞ માટે પશુઓને મારવાનો અણગમો રાજનીતિ છે.

ખોરાક માટે નાના પાયે પશુઓ મારવાનું ચાલુ રાખવાની નીતિ વિરોધી ન હતી. વળી રાજ્યમાં અને અપરાધીઓના ન્યાયમાં પણ દેહાતદંડની સજાને નાશ કરી શકાય પણ તેમ થયું ન હતું. વધારામાં આપણી પાસે લશ્કરને વિખેરી નાખ્યાના કોઈ પુરાવા નથી. તેમ જ એક સૂચન પણ શિલાલેખોમાં આવી નીતિના ઇરાદા વિશે નથી. માત્ર એક પુરાવો કલિંગની સામે લડાઈનો હતો. તે નિર્દયતાભર્યા પરાજ્યમાં પાછળથી પરિણમ્યો. જો અશોક શાંતિમાં માનનારો હોત તો કલિંગની સ્થાપના ફરીથી કરી હોત પરંતુ વ્યવહારુ રાજકર્તા તરીકે તેણે તેના ઉપર મગધની સર્વોપરી સત્તા જાળવી રાખી. આ ઉપરાંત પણ બીજાં ઘણાં લક્ષણો અશોકના સામ્રાજ્યના લોકો ઉપરના દાબના પ્રમાણો ખાસ કરીને ટોળીઓને તેની ચેતવણીના મળી આવે છે. તેણે ઘણી સ્પષ્ટતા કરી છે કે તેના સામ્રાજ્યમાં રહેતી ટોળીઓનો દુર્વ્યવહાર અમુક હદ સુધી ચલાવી લેવાશે અને તે પછી ચલાવી લેવાશે નહીં. આ બધાં પગલાં અશોકે લીધાં હતાં કે જેથી સામ્રાજ્યને સુરક્ષિત રાખી શકાય.

આ પ્રમાણે સમાપનમાં કહી શકાય કે અહિંસાની નીતિએ કોઈ પણ રીતે મૌર્ય સામ્રાજ્યના વહીવટી તંત્ર અને લશ્કરને નબળું પાડ્યું ન હતું. પુષ્યમિત્ર પણ છેવટે મૌર્યના લશ્કરનો સરદાર હતો. અશોક પછી છેક અડધી સદી બાદ પણ એણે ગ્રીકોને મધ્ય પ્રદેશમાં પ્રવેશતા અટકાવ્યા હતા. રોમીલા થાપર પ્રમાણે સમાધાનકારી એવી સમગ્ર પેઢી પણ સામ્રાજ્યને નબળું ન કરી શકે અને વિઘટન તરફ ન લઈ જઈ શકે. સામ્રાજ્યના ઉદ્ભવ અને વિનાશ માટે યુદ્ધો અને પ્રદેશોની પ્રાપ્તિ એકલાં જવાબદાર નથી. સાથોસાથ બીજી દિશામાં પણ કારણો શોધવાં જોઈએ.

## 22.5 આર્થિક સમસ્યાઓ (Economic Problems)

ડી. ડી. કોસામ્બી મૌર્યોને સામનો કરવા પડેલા આર્થિક પ્રશ્નો ઉપર ભાર મૂકે છે. મૌર્ય સામ્રાજ્યની પડતી માટે આ કારણોનો ઘણો ફાળો છે. તેમની દલીલો બે બાબતોની આસપાસ વીંટળાયેલી છે. મૌર્યોનો આંતરિક વહીવટ આર્થિક દબાણ હેઠળ હોવાનું બતાવે છે.

ક. રાજ્યને કર વધારવા માટે જુદી જુદી વસ્તુઓ ઉપર વધારે પગલાં લીધાં, અને

ખ. આ સમયની આહત મુદ્રાઓ ચલણી નાણાંની ભેળસેળના પુરાવા બતાવા છે.

આ બીજી દલીલ આ સમયના આહતમુદ્રાના આંકડાકીય પૃથક્કરણના ઉપર આધારિત છે.

કૌસામ્બીના કેટલાક વિચારો તે મગધ સામ્રાજ્યમાં મોટા ફેરફારો માટે અને અંતે પતન માટે જવાબદાર છે એમ સામાન્ય રીતે સ્વીકારાયા છે. તે મત નીચે મુજબ છે :

1 એમ સૂચવાયું છે કે રાજ્યે ધાતુ ઉપરની એકહથ્થુ સત્તા ધીરે ધીરે ગુમાવી હતી. લોખંડની માંગ ખેતીવિષયક અર્થવ્યવસ્થા માટે કસોટી કરે તેવી હતી અને તે મગધ એકલાથી લાંબો વખત થઈ શકે તેમ ન હતું. ટૂંકમાં દખ્ખણમાં નવાં સ્થળો શોધવા, વિકસાવવાના પ્રયત્નો થયા હતા. જોકે આવા કાચા લોખંડનાં પોલાણો આંધ્ર અને કર્ણાટકમાં મળી આવ્યાં હતાં. આ પોલાણમાંથી લોખંડ કાઢવાનું કાર્ય

મગધ રાજ્યને વધારે ખર્ચાળ લાગ્યું. આ સંબંધમાં તેમને સામનો કરવા પડેલા ઘણા પ્રશ્નોમાંની ખાણના પ્રદેશના રક્ષણનો સ્થાનિક સરદારોના પગપેસારાનો પ્રશ્ન પણ હતો.

2. બીજો મુદ્દો છે ખેતીનો ફેલાવો, જંગલનાં લાકડાંનો મોટા પાયે ઉપયોગ અને જંગલોના નાશને કારણે પૂર અને દુકાળો શરૂ થયાં તે. મૌર્ય સમયમાં ઉત્તર બંગાળમાં ભયંકર દુકાળનો પુરાવો છે. આ પ્રમાણે ઘણાં કારણો એકબીજા સાથે સંકળાયેલાં કે જેનાથી રાજ્યની મહેસૂલની આવક સખત રીતે નીચી ગઈ. દુકાળના સમયમાં રાજ્ય પાસે ઘણા પ્રમાણમાં મદદ પહોંચાડવાની આશા રખાતી.

કેન્દ્રીય વહીવટી પદ્ધતિમાં પૂરું મહેસૂલ નહીં હોવાને પ્રશ્ને ઘણા બીજા આકરાં વિઘ્નો ઊભાં કર્યાં. મહેસૂલ વધારવા અર્થશાસ્ત્ર સૂચવે છે કે અભિનેતા, વારાંગના વગેરે ઉપર કર નાંખવા જોઈએ. જેની ઉપર કર નાંખી શકાય તે તમામ ઉપર કર નાંખવા, તિજોરીએ વધારે આવકની જરૂરિયાતમાંથી આ પ્રથા ઊભી થઈ અથવા ફુગાવાને કારણે ચલણી નાણું પણ હલકું થયું હતું. અર્થશાસ્ત્રે કટોકટીના સમયે અપનાવવામાં આ પગલાં આ રીતે જોવાં જોઈએ. પછીના મૌર્ય રાજ્યકર્તાઓની ખાલી થયેલી તિજોરીની જરૂરિયાતને પહોંચવા માટે આહતમુદ્રામાં ચાંદીની માત્રા ઘટાડવામાં આવી. ખર્ચાનો ભાર પણ વધવા માંડ્યો હતો. અશોક જાહેર કામો માટે જે રીતે ખૂબ ધનરાશિ ખર્ચવા માંડી તેમાંથી એ જોઈ શકાય છે. વળી તેનો પ્રવાસ તેમ જ તેના અમલદારોનો પ્રવાસ જે કાંઈ પુરાંત જ્યાંથી પણ મળી શકે તેમ હતી તે વાપરવા માંડી. પ્રારંભમાં રાજ્યના વશમાં જે કડક પગલાં તેનાં નાણાં ઉપરનાં હતાં તે આ રીતે અશોકના રાજ્ય દરમિયાન પણ બદલાવા માંડ્યાં.

રોમિલા થાપરે આ પ્રશ્નો ઉપર ટીકા કરી છે. તેના પ્રમાણે સિક્કાઓનો ઘટાડો તે સામાન્ય અર્થવ્યવસ્થા ઉપરનું જરૂરી દબાણ હોઈ શકે નહીં છતાં એ કહેવું મુશ્કેલ છે કે ક્યા અને ક્યારે નાણાં ઉપરનો ઘટાડો શરૂ થયો. તેઓ ચોખ્ખા શબ્દોમાં દલીલ કરે છે કે ભારતના ઉપદ્વીપકલ્પના ઘણા ભાગોમાં ભૌતિક પુરાવાઓના આધારે અર્થવ્યવસ્થાનું સામાન્ય ચિત્ર સુધારો બતાવે છે. આપણે ખાસ કરીને સારા ગુણવત્તાવાળાં સાધનોના ઉપયોગમાં જોઈ શકાય છે એ તેની વિશિષ્ટ પ્રગતિ બતાવે છે. કદાચ નાણાંપદ્ધતિમાં ઘટાડો હોઈ શકે પણ તેમના (રોમિલા થાપરના) અભિપ્રાયે સાધનોની ગુણવત્તા ઘટવાને કારણે નહીં પણ અત્યંત રાજકીય ગૂંચવણ, ખાસ કરીને ગંગાખીણના પ્રદેશમાં. આથી વેપારી વર્ગોએ નાણાંનો સંગ્રહ શરૂ કર્યો હોય અને તેથી નાણાપદ્ધતિમાં ઘસારો જણાયો. અંતે તે કહે છે કે ''મૌર્ય સામ્રાજ્યની રાજકીય પડતીની સાથે આર્થિક સમૃદ્ધિ વધી તેમાં શંકાને સ્થાન નથી.''

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. નીચેનાં વિધાનો ખરાં (✓) છે અથવા ખોટાં (X) છે તેની નિશાની કરો :
   - (ક) બ્રાહ્મણો દ્વારા બળવા માટે સ્થિતિ પૂરી પાડવામાં અશોક સફળ થયો હતો. ( )
   - (ખ) અશોકની કોઈ પણ નીતિ શાંતિની તરફદારી કરતી ન હતી. ( )
   - (ગ) પછીના મૌર્ય આહત મુદ્રાઓમાં ચાંદીની માત્રા વધી હતી. ( )
   - (ઘ) પછીના મૌર્યોના આશ્રયે સિક્કાઓનો સંઘરો તેના ઘસારાને ખેંચી લાવ્યો હોવો જોઈએ. ( )
2. નીચેનામાંથી કયું કારણ મૌર્યોની પડતી માટે જવાબદાર ન હતું? સાચા (✓) જવાબનું ચિહ્ન મૂકો :
   - (ક) ગંગા ખીણનાં જંગલોના નાશને કારણે પૂરનો બનાવ બન્યો.
   - (ખ) પશુયજ્ઞોની મનાઈને લીધે લોકપ્રિય બળવો થયો.
   - (ગ) પછીના મૌર્યો કેટલાક શક્તિશાળી અમલદારોને વશમાં રાખી ન શક્યા.
   - (ઘ) વિવિધ પ્રકારનો વધતો જતો ખર્ચો રાજાશાહીની તિજોરી ઉપર ભારરૂપ હતો.
3. અશોકની નીતિ મૌર્યોની પડતી માટે જવાબદાર છે એવી દલીલ કરનારા વિદ્વાનોના મત બતાવો. લગભગ છ પંક્તિમાં તમારો જવાબ લખો.

   ..................................................................................................................

   ..................................................................................................................

   ..................................................................................................................

   ..................................................................................................................

   ..................................................................................................................

4. તમે કૌસામ્બીના એ મત સાથે સહમત છો જે કહે છે કે મૌર્યોની પડતીનું કારણ અર્થવ્યવસ્થાના પ્રશ્નોનો સામ્રાજ્યને સામનો કરવો પડ્યો તે છે? તમારો જવાબ કારણો સહિત સો શબ્દમાં લખો.

   ..................................................................................................................

   ..................................................................................................................

## 22.6 સ્થાનિક રાજ્યતંત્રોનો વિકાસ (Growth of Local Polities)

જો દેશની સાધનસામગ્રી અને ટેકનોલોજી મૌર્યોની રાજકીય પડતીથી અટકી ન હોય તો એમ કહી શકાય કે ઘણાં સ્થાનિક રાજ્યોનો ભૌતિક પાયો મજબૂત થઈને અનુમૌર્ય કાળમાં નવી તાકાત સાથે બહાર આવ્યો. મૌર્યોએ મગધને કેન્દ્રમાં રાખીને માત્ર સામ્રાજ્યના મુખ્ય અને વિશાળ પ્રદેશનો સીધો વહીવટ કર્યો. સંભવ છે કે તેના સુબાઓ-અમલદારો હાર્દસમા પ્રદેશોનો વહીવટ કરતા હતા. તેમને સ્થાનિક લોકોમાંથી પસંદ કર્યા હતા. આ અમલદારો ક્યારેક વધુ શક્તિશાળી હતા અને તેઓ રાજાના પ્રતિનિધિઓ ઉપર દાબ રાખતા. આગળ જણાવ્યું તે પ્રમાણે આ અમલદારોની રાજકીય વફાદારી રાજાશાહી માળખું ચાલુ રહે તે માટે કડક હતી. રાજાનો ફેરફાર એટલે કે આ વફાદારીની પુનર્રચના. આમ વારંવાર અશોક પછીના સમયમાં થયું છે અને મૂળભૂત નબળાઈઓ અનિવાર્ય રીતે અંદર દાખલ થતી અને આખા તંત્રને અસફળ સાબિત કરતી. અશોક પછી ગાદીએ આવનાર લગભગ અડધો ડઝન રાજાઓએ (પહેલા ત્રણ મૌર્યોએ રાજ્યની સંચાલનની નીતિ જે સ્વીકારી હતી તેમાં) કોઈ મૂળભૂત ફેરફાર કર્યા નહીં. એમ પણ સૂચન થયું છે કે આ રાજાઓમાંના કેટલાંક કદાચ વધારે કે ઓછા સામ્રાજ્યોના કેટલાક ભાગો ઉપર એક સાથે રાજ્ય કરતા. આ બતાવે છે કે મૌર્યોના આશ્રયે પણ સામ્રાજ્યના ભાગલા પાડ્યા.

### 22.6.1 મોટાં રાજ્યો (Major Kingdoms)

મૌર્ય સામ્રાજ્યના ભાગલા પાડવાને કારણે ભારતમાં વિવિધ ભાગોમાં ઘણાં રાજ્યો ઊભાં થયાં. મૌર્યો પછી તરત જ પુષ્યમિત્રે શુંગવંશની સ્થાપના કરી. મૌર્ય સામ્રાજ્યનો પહેલાનો જે ભાગ હતો તેને જ માત્ર શુંગો અંકુશમાં રાખી શક્યા. શુંગ કુટુંબને પશ્ચિમ માલવામાં ઉજ્જયિની ખાતે અથવા પૂર્વ માળવામાં વિદિશોની આસપાસનો પ્રદેશ જે મૌર્યોના આશ્રયે હતો ત્યાં સુબાગીરી હતી. શુંગે વેદની રીતો અને યજ્ઞોને ફરી સજીવન કરવા પ્રયત્ન કર્યા કારણ નવા આક્રમણકારો, ગ્રીકો સામે સામનો કરવા માટે તે જરૂરી હતું. અને તેમના પહેલા રાજાએ ગાદી પચાવી પાડી પછી તેમની તાકાતની સ્થાપનાની જરૂર હતી. શુંગોના અલ્પકાલીન રાજ્ય પછી કણ્વોનું રાજ્ય આવ્યું. સમય જતાં ગમે તે રીતે ગ્રીકો ઉત્તર-પશ્ચિમ ભારતના ઘણા ભાગોમાં સફળ થયા. તેમના વહીવટનો અંત શકો જ્યારે સિંધુ આગળ સ્થિર થયા ત્યારે આવ્યો. પાર્થિયનો કે પહેલવીઓએ ઉત્તર-પશ્ચિમ ભારતમાં આક્રમણ કર્યું. પણ સૌથી વધુ સફળ પરદેશીઓની ઘૂસણખોરી ઈ. સ.ના પહેલા સૈકાના પૂર્વાર્ધમાં કુશાન સામ્રાજ્યની સ્થાપના સાથે થઈ હતી.

ગંગાખીણ, રાજસ્થાન, પૂર્વ ભારત અને દખ્ખણમાં ઘણાં રાજકર્તા કુટુંબો સત્તામાં આવ્યાં. એટલું ચોક્કસ છે કે મૌર્યોના વખતમાં વધારેમાં વધારે ગામડાંની વસાહતો ગંગાની ખીણમાં હતી. આસામ અને બંગાળની ટેકરીઓ અને મેદાનો હજુ ખુલ્લા રહ્યાં હતાં. તે જ પ્રમાણે દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ ભારતને મગધ સામ્રાજ્ય સાથે સંબંધ હતો. પરંતુ મોટા પાયે જમીનવિષયક અર્થવ્યવસ્થા આ પ્રદેશો માટે બાકી હતી. મૌર્ય રાજ્યની પડતી પછી ઘણા સ્થાનિક રાજ્યકર્તાઓએ પ્રદેશો જેવા કે વિદર્ભ, પૂર્વ દખ્ખણ, કર્ણાટક અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં રાજ્યસત્તા ચલાવવાનું શરૂ કર્યું હતું. ધીર ધીરે સાતવાહનોના કુટુંબે ઘણાં સ્થાનિક કેન્દ્રોને એકત્ર કરીને દખ્ખણમાં સામ્રાજ્ય બાંધ્યું હતું (આ સંબંધી વિગતે એકમ 27 વિભાગ 7માં તમે વાંચશો).

લગભગ આ જ સમયે પ્રારંભના સાતવાહનો જ્યારે પોતાને સ્થિર કરતા હતા ત્યારે કલિંગનો રાજા ખારવેલ મહાનદી પ્રદેશમાં શક્તિશાળી રાજા તરીકે બહાર આવ્યો. તેના રાજ્યકાળ દરમિયાન લખેલા ભુવનેશ્વર પાસેની ઉદયગિરિ ટેકરીની હાથી ગુફાની ગુફામાં મળી આવેલ શિલાલેખમાં ખારવેલ દાવો કરે છે કે કલિંગના કુટુંબ મહામેઘાવનનો તે ત્રીજો રાજકર્તા હતો. આ કુટુંબ તે પ્રાચીન ચેદી કુટુંબની શાખા હતી. એમ કહેવાય છે કે દેશના મોટા ભાગમાં જેમાં મગધ ઞિને સાતવાહન અને પાંડવ દેશોનો સમાવેશ થાય છે તેના ઉપર તેણે ઓચિંતો હલ્લો કર્યો હતો. તે જૈન ધર્મનો ઉત્સાહી અનુયાયી હતો.

છેક દક્ષિણમાં ત્રણ અગત્યના સરદારો મૌર્ય સમયથી આગળ પડતા થવા લાગ્યા હતા. ચેર એ મલવાર પ્રદેશ ઉપર કાબૂ જમાવ્યો, ચોળોએ દક્ષિણ-પશ્ચિમ કિનારો અને કાવેરીની ખીણ ઉપર સત્તા જમાવી હતી. અને પાંડ્યોએ દ્વીપકલ્પના છેડાની આસપાસ તેમની સત્તા કેન્દ્રિત કરી હતી. આ સમયના સંગમગ્રંથો આ ત્રણ રાજ્યોમાં રાજ્ય કરતા હતા. તે પ્રદેશોની અર્થવ્યવસ્થાની સમાજ, પર્યાવરણ અને રાજબંધારણ વિચારવા લાયક માહિતી આપણને આપે છે.

ઉપરની આછી રૂપરેખા ભૌગોલિક પ્રદેશો અને મુખ્ય વિદેશી અને દેશી રાજ્યોના રાજકીય બંધારણના મિશ્રણની ચર્ચા કરે છે જેઓ અનુમૌર્યકાળમાં તરત જ જુદા જુદા સમયે વધારે શક્તિશાળી થયા.

## 22.6.2 સ્થાનિક રાજ્યો (Local Kingdoms)

ઘણી સ્થાનિક અથવા ઉપ-પ્રાદેશિક સત્તાઓ કાં તો વધારાની ભૂમિવિષયક અર્થવ્યવસ્થાના ઉત્તેજનાર્થે અથવા કેટલાક પ્રદેશો વેપારના ઉત્તેજનાર્થે આ સમયમાં ઉદ્ભવેલ. કેટલાક ભારતીય સાહિત્યના પુરાવાઓ જેવા કે નાગ, ગર્દભીલ અને આભીર બતાવે છે, તેમના રાજાઓ વડે તેમનું રાજ્ય ચાલતું હતું. અનુમૌર્યકાળના રાજાઓનાં નામોની યાદીમાં ચાર નાગ રાજાઓ, સાત ગર્દભીલ રાજાઓ, તેર પુષ્યમિત્રો અને દસ આભીર રાજાઓ છે. ગર્દભીલો કદાચ મધ્ય અને પશ્ચિમ ભારતનાં જંગલોની મોટી ભીલોની ટોળીમાંથી ઉદ્ભવ્યા. કેટલાક આભીરો આહીર જાતિમાંથી અને તેમાંના કેટલાક ખેતીમાં જાણીતા હતા. આ બધાની સાથે બીજી ટોળીઓ આ સમય દરમિયાન જેનો ફેરફાર થયો તેઓ તેમના સિક્કાથી જાણીતા થયા છે. તેઓએ તેમના નામથી અથવા તેમના જનપદોના નામથી સિક્કા છાપ્યા. યૌધેયો પાણિનિના સમયમાં ધંધાદારી લડવૈયા તરીકે જાણીતા હતા. આ સમય દરમિયાન કહેવાય છે કે શક રાજા રુદ્રદામનથી દબાઈ દેવામાં આવ્યા હતા. તેમના મુલકમાં સતલજ અને યમુના વચ્ચેની જમીનનો સમાવેશ થાય છે. તે જ પ્રમાણે મથુરાના દક્ષિણ-પૂર્વ તરફ અર્જુનયે તેમની આપખુદી સત્તા શુંગ રાજ્યના અંત સમયે સ્થાપી હતી.

પંજાબમાં રાવી અને બીઆસ વચ્ચેની જમીન ઉદુમ્બરોએ પડાવી લીધી હતી તે આપણે બતાવી ગયા. કુનિન્દો (kunindas) શૈવાલિક ટેકરીઓની તળેટીની આસપાસ બીઆસ અને યમુનાની વચ્ચે જાણીતા થયા હતા. બીજી પ્રજાસત્તાક રાજ્યની ટોળીઓ આ સમય દરમિયાન જાણીતી થયેલી તે શિબિ, માલવ, ત્રિગર્તા વગેરે આ જનપદો ભારતના ઉત્તર અને ઉત્તર-પશ્ચિમના પ્રદેશોમાં પથરાયા હતા. અને તે જ વખતે સ્વતંત્ર ઉપરાજ્યો જેવાં અયોધ્યા, કૌશામ્બી અને મથુરા તથા અહિચ્છત્રા જેઓ પહેલાં મૌર્યોને તાબે થયાં હતાં તેઓએ તેમની સત્તા ફરીથી સ્થાપન કરી.

દખ્ખણ માટેની માહિતી જોકે તે મુખ્યત્વે ઘણા ગૌણ સ્થાનિક રાજ્યકર્તાઓ અને તેમના કુટુંબીઓ કે જેમના ઉપર સાતવાહનો તેમનું આધિપત્ય સ્થાપી શક્યા હતા તેમના સિક્કાને આધારે આપણી પાસે કેટલીક માહિતી છે. દા.ત. મહારથી, કુર અને અનાર્દનાં કુટુંબો મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રમાં જાણીતાં છે. ઉપરાંત ઘણા દખ્ખણના સ્થાનિક સરદારોએ આ સમય દરમિયાન સિક્કાઓ બહાર પાડ્યા હતા. છેક દક્ષિણમાં આપણે જાણીએ છીએ કે સરદારોના ત્રણ મુખ્ય અમલદારો (ચેરા, ચોળ, પાંડ્યો) નાના સરદારો કે જેઓનો પ્રદેશ ઓછો વિકસિત હતો તેઓની સાથે સતત લડતા રહેતા. દા. ત. વેલીર (Velir) આગેવાનો ઘણા પ્રખ્યાત હતા કારણ, તેઓએ રોમન વેપારના અગત્યના દક્ષિણ-પૂર્વ કિનારાના બારાંને અંકુશમાં લીધાં હતાં.

જોકે અનુમૌર્ય કાળમાં જુદા જુદા વંશોએ સામ્રાજ્ય ઊભા કરવા પ્રયત્નો કર્યા હતા. તેના ઘણાં દાખલાઓ છે કે દરેક એક બીજા સામે લડતા રહેતા. વધારામાં પેટા-પ્રદેશોની સત્તા પૂરેપૂરી દબાવી શકાઈ ન હતી. એક બાજુએ મૌર્યોની રાજકીય પડતીને કારણે આમાંની ઘણી સ્થાનિક સત્તાઓને ઊભા થવાની પરિસ્થિતિ ઊભી થઈ. તો બીજી બાજુએ મૌર્યોની આર્થિક વૃદ્ધિ મૌર્ય સમયમાં સતત એકસરખી ચાલી રહી. મૌર્યોના સામ્રાજ્યની કટોકટી વ્યવસ્થા અને તેનાં સાધનો ઉપરના નિયંત્રણ અંગેની હતી નહીં કે તેના અભાવની.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. નીચેનામાં કયાં વિધાનો સાચાં (✓) કે ખોટાં (x) છે તેની નિશાની કરો :
   (ક) પુષ્યમિત્ર શુંગ કદાચ મૌર્યોના આશ્રયે ઉજ્જયિનીનો સૂબો હતો. ( )
   (ખ) છેક દક્ષિણમાં સાતવાહનો મૌર્યો પછી ગાદીએ આવ્યા. ( )
   (ગ) સંગમ ગ્રંથો આપણને ચોળો, ચેરા અને પાંડ્યોનાં ત્રણ રાજ્ય વિશે કહે છે. ( )
   (ઘ) અનુમૌર્ય સમયમાં ટોળી(વર્ગોનાં)નાં રાજ્યો ચેરા અને પાંડ્યોને કાઢી મૂકવા શક્તિમાન હતાં. ( )
   (ચ) અયોધ્યા, કૌસામ્બી, મથુરા, અહિચ્છત્રા ટોળીના લોકશાસનના હતા. ( )
2. અનુમૌર્ય સમયમાં ઉત્તર અને દક્ષિણ ભારતના મુખ્ય રાજકીય ફેરફારોની રૂપરેખા લગભગ સો શબ્દોમાં દોરો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

3. નીચે આપેલી શબ્દસંજ્ઞામાંથી મૌર્યોની પડતીનાં ઘણાં અગત્યનાં ત્રણ કારણો ઓળખાવો :

(1) બ્રાહ્મણોનો બળવો

(2) રાજ્ય અંકુશ નબળો થવો.

(3) રાજકીય ખર્ચમાં વધારો

(4) વિદેશી સત્તાઓનાં આક્રમણો

(5) અસરકારક સાધનો ઊભાં કરવાની અશક્તિ

(6) લશ્કરનું નિરુદ્યમીપણું

**શબ્દ સંજ્ઞા :**

(ક) 1, 6, 4

(ખ) 2, 3, 4

(ગ) 2, 3, 5

(ઘ) 1, 5, 6

## 22.7 સારાંશ

આ એકમમાં આપણે મૌર્ય સામ્રાજ્યના છિન્નભિન્ન થવાના અને સ્થાનિક સત્તાઓ ઊભી થવાનાં વિવિધ કારણોનું પૃથક્કરણ કર્યું. અશોક પાસેથી વારસામાં મેળવેલા સામ્રાજ્યને અશોકના ઉત્તરાધિકારીઓ જાળવવામાં નિષ્ફળ ગયા. અશોક પછી સામ્રાજ્યના ભાગલા અને રાજકર્તાઓના એક પછી એક બદલાતા ઉત્તરાધિકારીઓએ નિ:શંક રીતે સામ્રાજ્યનો પાયો નબળો કર્યો. પણ વધારે અગત્યનું એ છે કે મૌર્ય રાજાશાહીના માળખામાંના આંતરિક વિરોધે કટોકટી વધારી. ઉચ્ચ કક્ષાની કેન્દ્રીય અમલદારશાહીની વફાદારી રાજા પ્રત્યે હતી પણ રાજ્ય પ્રત્યે નહીં. તેથી વહીવટ સંપૂર્ણ વ્યકિત આધારિત થયો. રાજાનો ફેરફાર એટલે કે અમલદારોનો ફેરફાર તેને કારણે અશોક પછી વહીવટમાં ઘણી વિપરીત અસર થઈ.

આપણે જોયું કે જૂના વિદ્વાનોના કેટલાંક વિચારો પ્રમાણે અને તેની નીતિઓ મૌર્યોની પડતી માટે જવાબદાર હતી પરંતુ સમકાલીન પુરાવાના આધારે આ માન્યતા સ્વીકારી શકાય તેમ નથી. મૌર્યોના સામ્રાજ્યનું છિન્નભિન્ન થવું તેમાં તેના આર્થિક પ્રશ્નોને પણ ગણતરીમાં લીધા છે તેમ કેટલાક વિદ્વાનો માને છે. છેવટે આપણે ઉત્તર અને દક્ષિણ ભારતમાં સ્થાનિક રાજ્યતંત્રોના વિકાસ અને તેનાં પાસાં પણ જોયાં છે અને તેણે મૌર્ય સામ્રાજ્યની વિઘટનની પ્રક્રિયાની ગતિ વધારી.

## 22.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અમલદારશાહી (Bureaucracy)** : સત્તાને જવાબદાર અમલદારો વડે ચાલતી સરકારની વ્યવસ્થા.

**પ્રાદેશિક (Regional)** : અમુક પ્રકારની લાક્ષણિકતા નગરની જમીનને અથવા પ્રદેશને અથવા જિલ્લાને લાગુ પડતું.

**રાજ્યતંત્ર (Polities)** : રાજકીય વ્યવસ્થાનું સ્વરૂપ–કેટલાક રાજાશાહી અથવા પ્રજાસત્તાક અથવા વર્ણ આધારિત (tribal)

**શોષણ (Exploitation)** : બીજાના ખર્ચે પોતાના સ્વાર્થી કામ માટે કરાતું કૃત્ય.

**શાંતિપ્રિય (Pacifist)** : યુદ્ધના વિરોધી અથવા બધાં યુદ્ધો ખોટાં છે તેમ માનનારા.

**સ્થાનિક (Local)** : વિશિષ્ટ પ્રદેશ કે સ્થાનને લગતું.

## 22.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) ક (✓)

ખ ✗

ગ (✓)

ઘ ✓

(2) તમારે અશોકની **ધમ્મ** નીતિના અનુસંધાનના પ્રશ્નો અને **ધમ્મમહામત્તો**ને વશમાં રાખવા વિશે લખવું જોઈએ. જુઓ વિભાગ 22.3

(3) તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

કેન્દ્રીય વહીવટ અમલદારોની વફાદારી રાજા પ્રત્યે રાજ્ય પ્રત્યે નહીં, અમલદારીશાહીનું સ્વરૂપ વગેરે જુઓ વિભાગ 22.3.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) ક ✗

ખ (✓)

ગ ✗

ઘ (✓)

(2) (ખ)

(3) તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવો જોઈએ-અશોકની બૌદ્ધધર્મી નીતિ, અશોકની શાંતિ(યુદ્ધ નહીં)ની નીતિ અને આ અંગે બ્રાહ્મણોનો પ્રત્યાઘાત. વિભાગ 22.4.

(4) વાંચો વિભાગ 22.5 અને તમારી પોતાની દલીલો આપીને જવાબ લખો.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

(1) ક (✓)

ખ (✓)

ગ (✓)

ઘ ✗

ઙ ✗

(2) તમારે મુખ્ય તળપદાં અને વિદેશી રાજ્યોના ઉદ્ભવ વિશે લખવાનું. તેમ જ મૌર્ય સામ્રાજ્યના છિન્નભિન્નને અનુસરીને વંશીય (tribal) રાજ્યો વિશે લખવાનું.

(3) ખ

## 22.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો


Basham A. L., *The Wonder that was India*, New Delhi, 1967.

Bongard-Levin, *G. M. Mauryan India*, New Delhi, 1985.

Jha, D. N., *Ancient India : An Introductory Outline*, New Delhi, 1977.

Kosambi, D. D., *An Introduction to the study of Indian History*, Bombay, 1956.

Kosambi, D. D., *The Culture and Civilisation of Ancient India in Historical Outline*, New Delhi, 1970.

Nilakanta Sastri K.A., *Age of the Nandas and Mauryas* (Ed.), Delhi, 1967.

Thapar, Romila, *Ashoka and the Decline of the Mauryas*, Delhi, 1960.

## નોંધ

# નોંધ